




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનુક્રમણિકા

૧. ક્રાંતિ-બીજ ૧
૨. યુગ નિર્માણ સત્સંકલ્પ-૧૫ : ૨
સજ્જનોને સંગઠિત કરવા, અનીતિનો સામનો કરવા તથા નવસર્જનની પ્રવૃત્તિઓમાં પૂરેપૂરી રુચિ લઈશું.
૩. દમન, દાન અને દયા ૪
૪. ચિરપુરાતન, છતાં પણ ચિરનવીન વાસ્તુશાસ્ત્ર ૭
૫. ગો-સંવર્ધન ૧૧
ગોમૂત્ર-ગોમયથી નિર્મિત દવાઓ
૬ ગીતા પ્રવચન ૧૫
કર્ત્તવ્યમાર્ગ પર અડગ રહીએ
૭. જાગો મારા ચિર અતીતની નિષ્ઠાઓ હવે જાગો ૧૯
૮. ભગવાન કરે, આપ શૂરવીર બનો ૨૨
૯. દુનિયા બદલાઈ રહી છે, હવે આપણે પણ બદલાઈ જઈએ ૨૭
૧૦ માનવ જીવન એક પવિત્ર ધરોહર ૩૩
૧૧. (પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી) ૩૫
આત્મિક પ્રગતિનો કક્કો
૧૨. (યુગ ગીતા-૧૩) ૪૦
કર્મ આપણા યજ્ઞ નિમિત્તે જ હોય.
૧૩. શેતાનનો સામનો ૪૪
૧૪. ટેલીપથી કરશે હવે રોગોનો ઉપચાર ૪૬
૧૫. આત્મીય અનુરોધ ૪૭
૧૬. યુગ નિર્માણ સમાચાર

## મહાપૂર્ણાહુતિની પાવન વેળામાં યુગ ચેતના સાહિત્ય ઘરે-ઘર પહોંચે

*યુગ સંધિ મહાપુરશ્ચરણની મહાપૂર્ણાહુતિ વિભૂતિ યજ્ઞના રૂપમાં થવા જઈ રહી છે. આ પૂર્ણાહુતિ સુધી રાષ્ટ્રની કુંડલીની જગાવવા માટે વિભૂતિવાન, પ્રાણવાન, પ્રતિભાશાળી તથા મૂર્ધન્ય આત્માઓને સક્રિય કરવાના છે. સદ્ભાવનાઓનો ઉભરો તથા દુર્ભાવનાઓને ત્યજવી જ રાષ્ટ્રનું કુંડલિની જાગરણ છે. યુગ ચેતના સાહિત્યનો ઝણકાર સદ્ભાવનાઓને પેદા કરવા તથા દુર્ભાવનાઓને દૂર કરવામાં પૂર્ણરૂપે સમર્થ છે. યુગ ચેતના સાહિત્યની પોકેટ બુક અત્યંત સસ્તી છે. ૧૬ પાનાની પોકેટ બુક્સ ગાગરમાં સાગર જેવી કહી શકાય. આ પુસ્તકોમાં પ્રત્યેક પંક્તિ વિચારણા તથા ભાવનામાં સમાયેલ મલીનતા પર કડક પ્રહાર કરે છે. અત્યાર સુધીમાં આ પુસ્તકો ૮૦ પ્રકારની બની ગઈ છે. પ્રત્યેક પુસ્તકની કિંમત ૩૦ પૈસા છે.*

### વિભૂતિ યજ્ઞ વિશેષાંક

*ઓક્ટોબર ૨૦૦૦નો યુગ શક્તિ ગાયત્રી અંક વિભૂતિ યજ્ઞ વિશેષાંક પ્રકાશિત થઈ રહેલ છે. શરદ પૂર્ણિમા ૧૩ ઓક્ટોબર ૨૦૦૦ના દિલ્લી ખાતે જવાહરલાલ નહેરુ સ્ટેડીયમમાં આયોજિત થનાર વિભૂતિ જ્ઞાનયજ્ઞમાં આ વિશેષાંકની એક લાખ કોપીઓ હાજર રહેલ વિભૂતિવાનોને વિતરિત કરવાની યોજના છે. જે પરિજન ઓછામાં ઓછા ૧૦૦૦ અંકોના ૩૭૫૦/- રૂા. મોકલી પોતાના તરફથી વિતરણ કરાવવા ઈચ્છે. તેમના નામ, સરનામા લગાવી વિશેષાંક વિતરણની વ્યવસ્થા બનાવી છે. આશા છે આપ આ રકમ તુરત મોકલી પોતાના અંક સુરક્ષિત કરાવી લેશો. આપ પોતાના ત્યાં અંકો મંગાવી વિતરણ કરવા ઈચ્છતા હોય તો તેની સ્પસ્ટતા કરશો. વિભૂતિ યજ્ઞ વિશેષાંક ૧૦૦થી ૯૯૯ સુધીની સંખ્યામાં મંગાવશો તો એક અંકના રૂા. ૪=૦૦ લેખે એડવાન્સ રકમ મોકલવી અનિવાર્ય છે યુગ ચેતના સાહિત્ય ગાયત્રી જ્ઞાનપીઠ જુનાવાડજ અમદાવાદથી અને વિભૂતિ યજ્ઞ વિશેષાંક યુગ નિર્માણ યોજના, મથુરાથી જ મંગાવવા વિનંતી છે.*

### યુગ નિર્માણ વિદ્યા પરિસદ

*યુગ નિર્માણ વિદ્યા પરિસદ-ગાયત્રી જ્ઞાનપીઠ, જુનાવાડજ અમદાવાદથી ચાલતી જીવન જીવવાની કળા પાઠયક્રમનો આગળનો ભાગ "સ્વસ્થ રહેવાની કળા" પ્રકાશિત થઈ ગયેલ છે. સ્વસ્થ રહેવાની કળાના પાઠયક્રમમાં ભાગ લેવા અમદાવાદનાં સરનામે પત્ર લખશો.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ
: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :
(૦૫૬૫) ૪૦૪૦૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા
આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર ૪૦૦ રૂપિયા
આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર ૪૫૦૦ રૂપિયા
વર્ષ - ૩૧ અંક - ૮
પ્રકાશન તિથિ ૨૫-૭-૨૦૦૦
ઓગસ્ટ - ૨૦૦૦


## ક્રાંતિ - બીજ

મહાપૂર્ણાહુતિની વેળા. દરેક શિષ્ય-સાધક બ્રાહ્મમૂહુર્તમાં ધ્યાનસ્થ. ધ્યાનની ઊંડાઈમાં દિવ્ય નાદ ધ્વનિત થઈ ઊઠયો., ગુરુદેવની વાણી શબ્દરૂપ લેવા લાગી, ''મારા પુત્રો ! હું પણ એક ખેડૂત છું. મેં પણ થોડાંક બી વાવ્યાં હતાં. તેમાં અંકુર ફૂટયાં અને ફૂલ પણ આવ્યાં. તે ફૂલોની સુગંધથી મારું આખું જીવન ભરાઈ ગયું. તે સુગંધે મને રૂપાંતરિત કરી નાંખ્યો. મને નવું જીવન આપ્યું.''

''અદૃશ્ય અને અજ્ઞાતે પોતાનાં બંધ દ્વાર મારે માટે ખોલી નાખ્યાં અને મેં તે પરમ સત્યને જોયું, જે આંખો દ્વારા જોઈ શકાતું નથી. શાશ્વતના એ સંગીતને સાંભળ્યું, જેને સાંભળવા માટે કાન સમર્થ નથી હોતા. મારી આ દિવ્ય અનુભૂતિઓ હવે મારામાંથી એવી જ રીતે વહેવા અને પ્રવાહિત થવા માટે ઉત્સુક છે, જેવી રીતે પહાડોનાં ઝરણાં સાગરની તરફ પ્રવાહિત થઈને દોડે છે.''

''યાદ રહે વાદળાઓ જ્યારે પાણીથી ભરાઈ જાય છે, ત્યારે તેમને વરસવું જ પડે છે. ફૂલ જ્યારે સુવાસથી તરબતર થઈ જાય છે ત્યારે તેમને પોતાની સુગંધ હવાઓને લુંટાવી દેવી પડે છે અને જ્યારે કોઈ દીપક સળગે છે, ત્યારે તેમાંથી પ્રકાશ ફેલાય જ છે.''

''આવું જ કશુંક મારી સાથે થયું છે. મેં મારા જીવનનાં અણમોલ રહસ્ય મારા સાહિત્યમાં એકઠાં કર્યાં છે. મારા આ વિચાર ક્રાંતિ-બીજ છે. તે જે કોઈની પાસે પહોંચશે, જે કોઈ આને સંભાળશે- ફેલાવશે, તેના જીવનમાં દેવત્વનાં, અમૃતનાં અને પ્રભુ-પ્રેમનાં ફૂલ અવશ્ય મુસ્કુરાશે. તેનું જીવન પણ તેવી જ સુગંધથી ભરાઈ ઊઠશે, જેનાથી મારું ભરાયું હતું. આ મારા ક્રાંતિ-બીજ જે પણ ખેતરમાં પડશે, ત્યાંની માટી અમૃતનાં ફૂલોમાં પરિણત થઈ જશે.''

''જે કાંઈ પણ મારી પાસે હતું, તે બધું જ ક્રાંતિ-બીજના રૂપમાં તમને સૌને સોંપી દીધું. મારો પ્રત્યેક વિચાર ક્રાંતિ-બીજ છે અને મારું સંપૂર્ણ સાહિત્ય આ ક્રાંતિ-બીજનો અક્ષય ભંડાર છે. સાર સંક્ષેપ મેં દૈવી ચેતનાના સંદેશવાહકના રૂપમાં ક્રાંતિધર્મી સાહિત્યના રૂપમાં વિનિર્મિત કર્યો છે. મેં તેને તમારા જીવનમાં વાવ્યું, હવે તમારે સૌએ આને સમસ્ત વિશ્વના પ્રત્યેક માનવીના જીવનમાં વાવવાનું છે, જેથી દરેક જગ્યાએ દેવત્વનાં ફૂલ ખીલી શકે. મારાં આ ક્રાંતિ-બીજોને દરેક જગ્યાએ વાવવાની સાથેસાથે તમે સૌ પોતાના જીવનમાં પણ આની સારસંભાળ લેજો, કેમ કે હું તો વાવીને જતો રહીશ, જોવાનું તમારે છે કે એ બીજ, માત્ર બીજ ન રહે.''

ધ્યાન તૂટ્યા પછી પણ સાધકોને લાગ્યું કે ગુરુસત્તાનો આ સંદેશ સતત ધ્વનિત થઈ રહ્યો છે કે તેઓનાં ક્રાંતિ-બીજોની સફળતા, દેવત્વનાં ફૂલ બનીને મંદ હાસ્ય કરવામાં જ છે. જીવનની માટીને સુગંધથી ભરી દેવામાં જ છે.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યુગ નિર્માણ સત્સંકલ્પ-૧૫

# સજ્જનોને સંગઠિત કરવા, અનીતિનો સામનો કરવા તથા નવસર્જનની પ્રવૃત્તિઓમાં પૂરેપૂરી રુચિ લઈશું.

કોમળ અને સૌમ્ય તત્ત્વોને ઈશારાથી સમજાવીને વિવેક તથા તર્ક દ્વારા ઔચિત્ય બતાવીને સન્માર્ગગામી બનાવી શકાય છે, પરંતુ કઠોર અને દુષ્ટ તત્ત્વોને બદલવા માટે લોખંડને અગ્નિમાં તપાવીને ટીપવાની લુહારની નીતિ જ અપનાવી પડે છે. દુર્યોધનને સમજાવવામાં જ્યારે શ્રીકૃષ્ણ પણ સફળ ન થઈ શક્યા ત્યારે અર્જુનનાં બાણો દ્વારા માર્ગ પર લાવવાનો પ્રબંધ કરવો પડ્યો. હિંસક પશુઓ નમ્રતા અને ઔચિત્યની ભાષા નથી સમજતાં. એમને શસ્ત્ર દ્વારા જ કાબૂમાં લાવી શકાય. ભગવાને વારંવાર ધર્મની સ્થાપના માટે અવતાર લેવો પડે છે, સાથે સાથે તેઓ અસુરતાનો નાશ કરવાનું રૌદ્ર કૃત્ય પણ કરે છે.

વ્યક્તિગત જીવનમાં દેવશક્તિનું અવતરણ નિઃસંદેહ એક સર્જનાત્મક કૃત્ય છે. એના માટે સદ્‌ગુણો વધારવાની સાધના નિરંતર કરવી પડે છે પરંતુ સાથે સાથે અંતઃકરણમાં છુપાયેલા દોષદુર્ગુણો સામે ઝઝૂમવું પણ પડે છે. જો કુસંસ્કારોને દૂર નહીં કરીએ તો સદ્‌ગુણોની સ્થાપના નહીં થાય અને બધી શક્તિ આ કષાયકલ્મષોમાં જ નષ્ટ થતી રહેશે. આળસ, પ્રમાદ, આવેશ, અસંયમ વગેરે દુર્ગુણોની સામે સખત વિરોધ ઊભો કરવો પડશે અને ડગલે પગલે એમની સામે લડવા સાવધ રહેવું પડશે. ગીતાનો રહસ્યવાદ અંતરના આ શત્રુઓને કૌરવો માનીને, અર્જુનરૂપી જીવને એમની સામે લડવાને માટે પ્રોત્સાહિત કરે છે. પોતાની સાથે લડીને વિજય મેળવે છે એને જ ખરો વિજેતા માનવો જોઈએ.

સામૂહિક જીવનમાં સમય સમય પર અનેક અત્યાચારો ઉત્પન્ન થયા કરે છે અને એમને રોકવા માટે સરકારી તથા બિનસરકારી સ્તર પર પ્રબળ પ્રયત્નો કરવા પડે છે. પોલીસ, જેલ, અદાલત, કાનૂન, સેના વગેરેના માધ્યમથી સરકારી દંડસંહિતા અત્યાચારને રોકવાનો યથાસંભવ પ્રયાસ કરે છે જનસ્તર ઉપર પણ અનિચ્છનીય અને અસામાજિક તત્ત્વોનો વિરોધ અવશ્ય થાય છે. જો એમને રોકવામાં ન આવે, ઉદ્દંડતા અને દુષ્ટતાનો વિરોધ ન કરવામાં આવે તો એ જોતજોતામાં આકાશને આંબી જાય અને પોતાના સર્વભક્ષી મુખથી શાલીનતા અને શાંતિને ગળી જાય.

આજે નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્ષેત્રોમાં અનિચ્છનીય તત્ત્વોનો એટલો વધારો થયો છે કે શાંતિ અને સુવ્યવસ્થા માટે એક પ્રકારનું સંકટ જ ઉત્પન્ન થયું છે. છળ, અસત્ય, બનાવટ અને વિશ્વાસઘાતનું એવું પ્રચલન થયું છે કે કોઈપણ વ્યક્તિ પર વિશ્વાસ કરવો એ જોખમથી ભરેલું છે. વિચારોની દૃષ્ટિથી મનુષ્ય ઘણો જ સંકીર્ણ, સ્વાર્થી તથા હરામી થઈ રહ્યો છે. પેટ અને પ્રજનન સિવાય બીજું કોઈ લક્ષ્ય નથી. આદર્શવાદિતા અને શ્રેષ્ઠતા હવે કહેવા સાંભળવાની વસ્તુ બની ગઈ છે. વ્યવહારમાં ભાગ્યે જ કોઈ વિરલો એને ઉતારે છે. સામાજિક કુરિવાજોનું તો પૂછવું જ શું ? વિવાહોન્માદ, મૃત્યુભોજન, ઊંચનીચના ભેદભાવ, નારીનો તિરસ્કાર, બાળલગ્નો, વૃદ્ધલગ્નો ન જાણે કેટલા પ્રકારના ખરાબ રિવાજો સમાજમાં ઘૂસી ગયા છે. અગર એમને રહેવા દેવામાં આવે તો આપણને સભ્ય દેશોના લોકો પછાત માણસો માનશે અને આપણે દુર્બળતાઓનો શિકાર થઈને આપણું અસ્તિત્વ જ ખોઈ બેસીસું.

આગામી દિવસોમાં વ્યક્તિગત, સામાજિક અને રાજનૈતિક ક્ષેત્રમાં વ્યાપેલી અસંખ્ય દુષ્પ્રવૃત્તિઓ વિરુદ્ધ શરૂ કરેલા ધર્મયુદ્ધમાં ભાગ લેવા માટે દરેક માણસને આમંત્રિત કરવો પડશે. એક જમાનામાં તલવાર ચલાવનારા અને માથું કાપનારા લોકો યોદ્ધા કહેવાતા હતા. હવે માપદંડ બદલાઈ ગયો છે. ચારે દિશામાં વ્યાપેલા આતંક અને અનાચાર સામેના સંઘર્ષમાં જે જેટલું સાહસ બતાવશે અને ઘા ખાશે એને એટલો જ બહાદુર માનવામાં આવશે. એ બહાદુરી બતાવ્યા પછી જ શોષણવિહીન સમાજની સ્થાપના શક્ય બનશે. દુર્બુદ્ધિ



Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને અનીતિ સામે લડવા માટે જે લોકો સમર્થ હશે એમનો જ પુરુષાર્થ પીડીત માનવતાનું રક્ષણ કરીને યશ મેળવી શકશે.

ભારતીય સમાજને બેઈમાન અને ગરીબ રહેવા વિવશ બનાવનાર સર્વનાશી લગ્નોન્માદ રૂપી રાક્ષસ સામે પૂરી શક્તિ સાથે લડવું પડશે. હમણાં પ્રચાર, વિરોધ વગેરે સામાન્ય પગલાં લેવાયાં છે, પરંતુ આગળ જતાં અસહયોગ, સત્યાગ્રહ અને ઘેરાવ જેવાં મોટાં પગલાં લઈને આ કુપ્રથાનો ત્યાગ કરવા માટે તથા એને ઘૃણિત અને દુષ્ટ માનવા માટે વિવશ કરીશું. જેથી લગ્નના નામે પ્રચલિત ઉદ્ધતપણાને જીવિત રાખવાનું અશક્ય થઈ જાય. પૂર્ણ સાદાઈ અને ઓછાં ખર્ચાળ લગ્નોનું પ્રચલન થાય ત્યાં સુધી આપણો સંઘર્ષ ચાલતો રહેશે. આપણે ત્યાં સુધી ચેનથી બેસીશું નહિ કે બેસવા દઈશું નહિ કે જ્યાં સુધી આ અનૈતિક તથા અનિચ્છનીય પ્રથાનું દેશમાંથી કાળું મોઢું ન થઈ જાય.

મૃતકભોજનના નામે ઘૃણિત ભોજન ખાવાની નિષ્ઠુરતા, પશુબલીની નૃશંસતા, ઊંચનીચના નામે માનવીના અધિકારોનું અપહરણ, નારીને હલકી માનીને મારઝૂડ કરવાની ક્રૂરતા આપણા સમાજ પર લાગેલાં કલંક છે, જેનું સમર્થન કોઈપણ વિવેકશીલ અને સહૃદયી વ્યક્તિ કરે જ નહીં. મૂઢ પરંપરાઓ અને આ કુરિવાજોને ધાર્મિકતા સાથે જોડી દીધાં છે. આ સ્થિતિ ક્યાં સુધી સહન કરીશું ? આ મૂઢતાની વિરુદ્ધ મોરચાથી આગળ વધીને આપણે એવાં સક્રિય પગલાં લેવાં પડશે કે એ ભલે અશાંતિ ઉત્પન્ન કરનારાં કહેવાય, પરંતુ રોકાઈશું ત્યારે કે જ્યારે માનવતાના મૂળભૂત આધારોનો સ્વીકાર કરનારા બહાદુરો ઝઘડાના ભયનો સામનો કરીને એ અનીતિ સામે દરેક મોરચે ઝઝૂમવા માટે કમર કસી લે. ભલે એ માટે એમને કોઈ ખતરો ઉઠાવવો પડે.

વૈયક્તિક દોષદુર્ગુણો સામે લડવા અને જીવનને સ્વચ્છ, પવિત્ર તથા નિર્મળ બનાવવા માટે જો કુસંસ્કારો સામે લડવું પડે તો એ લડાઈ લડવી જ જોઈએ. પરિવારોમાં થોડા સભ્યોને દાસદાસીની જેમ અને કોઈકને રાજા રાણી જેમ રહેવાને જો પરંપરા માનીને ચાલીએ તો એને બદલીને એવી પરંપરા સ્થાપિત કરવી પડશે કે બધાને ન્યાયયુક્ત અધિકાર, લાભ, શ્રમ તથા સહયોગ કરવાની વ્યવસ્થા રહે. આર્થિક ક્ષેત્રમાં બેઈમાનીને આશ્રય ન મળે. વ્યક્તિગત વ્યવહારમાં છળકપટ અને વિશ્વાસઘાતની કોઈ શક્યતા ન રહે. આવી પરિસ્થિતિઓ પેદા કરવા માટે પ્રબળ લોકમત તૈયાર કરવો પડશે અને અનિચ્છનીય તત્ત્વોનો ઉગ્ર વિરોધ કરીને એટલા સક્રિય બનવું પડશે કે અપરાધ, ઉદ્દંડતા અને ગુંડાગીરી કરવાની હિંમત કોઈથી ન થઈ શકે. હરામની કમાઈ ખાનારા, ભ્રષ્ટાચારી તથા બેઈમાન લોકોનો એટલો તીવ્ર વિરોધ કરવો પડશે કે જેનાથી તેમને રસ્તા પર ચાલવું અને મોં દેખાડવું મુશ્કેલ થઈ જાય. જ્યાંથી તેઓ નીકળે ત્યાંથી ધિક્કારના અવાજો તેમને સંભળાય, સમાજમાં ઊઠવા બેસવાનું જ બંધ થઈ જાય અને હજામ, ધોબી, દરજી કોઈપણ તેમને સહયોગ આપવા તૈયાર ન થાય.

સાર્વજનિક સંસ્થાઓમાં સ્વાર્થ સાધવા તથા નેતાગીરી કરવા જે ખરાબ આત્માઓ જામી પડ્યા છે એમને દૂધમાંથી માખીની જેમ કાઢીને ફેંકીદેવા જોઈએ. ધર્મ અને અધ્યાત્મનો અંચળો ઓઢીને જે શિયાળ પોતાના સ્વાર્થ સાધવા તત્પર છે એમની અસલિયત જાહેરમાં ખુલ્લી પાડવામાં આવે જેથી એમને સૌ ધિક્કારે. ભોળા લોકોને અનેક હાથોથી લૂંટાતા બચાવવા તે એક ઊંચી અને શ્રેષ્ઠ સેવા કહેવાય છે. ૮૦ લાખ ભીખ માગનારા જુદા જુદા પ્રકારનો ઢોંગ કરીને જે રીતે ઠગાઈ અને હરામખોરી કરવામાં લાગ્યા રહ્યા છે, તેમને આપણે ક્યાં સુધી સહન કરીશું ? શાસન પ્રદાન કરવા માટે રાજનૈતિક નેતા તથા વિધાયકોને શાસકો તથા અફસરોને એ વિચાર કરવા માટે વિવશ કરવામાં આવે કે એ પોતાના લાભ માટે જ નહીં, પરંતુ લોકમંગળ માટે જ શાસનતંત્રનો ઉપયોગ કરે.

આ રીતે સંઘર્ષની બહુમુખી પ્રચંડ પ્રક્રિયા આવતા દિવસોમાં યુગનિર્માણ યોજના શરૂ કરશે. એમનાં સાધનો જેમ જેમ વિકસિત થશે, સંઘશક્તિ જેટલી માત્રામાં વધશે એટલી માત્રામાં એ શાંત, અહિંસક તથા સજ્જનોચિત સાંસ્કૃતિક કાર્યમાં અથાક રીતે જોડાશે. અનૌચિત્ય તથા અન્યાયની સાથમે લડાનારું આ ધર્મયુદ્ધ ત્યારે જ પૂરું થશે, જ્યારે માનવતાના આદર્શની વિજયપતાકા આખા વિશ્વમાં લહેરાશે.

✤ ✤ ✤



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દમન, દાન અને દયા

દેવો અને અસુરોની વચ્ચે ક્યારેય મનમેળ નહતો. દરરોજ તેઓ એકબીજાને નીચા બતાવવા માટે કંઈ ને કંઈ ઉપદ્રવ કરતા રહેતા હતા. તેમના દરરોજના આ કંકાસને લીધે સૃષ્ટિની વ્યવસ્થા અસંતુલિત થઈ ઊઠી. સૃષ્ટિકર્તા બ્રહ્મા પણ પોતાનાં આ સંતાનોને લીધે પરેશાન થઈ ગયા. આ દરમિયાન એક વિલક્ષણ ઘટના બની. સૃષ્ટિમાં મનુષ્યનો આવિર્ભાવ થયો. માનવમાં ઉજ્જ્વળ ભવિષ્યની અપાર સંભાવનાઓ જોઈને દેવ અને અસુર બંને ગભરાઈ ઊઠ્યા. તેઓએ થોડાક દિવસ શાંતિથી રહેવાનો નિશ્ચય કર્યો. પછી તો સૃષ્ટિકર્તાનાં ત્રણેય સંતાનોમાં પરસ્પર આત્મીયતા કેળવાઈ ગઈ. આ બધા જ આનંદપૂર્વક પોતાનું જીવન વ્યતીત કરવા લાગ્યા.

એક દિવસ ત્રણે પરિવારોના કુલ વૃદ્ધોએ એવો વિચાર કર્યો કે આ પારસ્પરિક આત્મીયતાને સ્થાયી રૂપ મળવું જોઈએ. એટલે આપણે સૌએ પ્રજાપિતા બ્રહ્મા પાસે જઈને જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. આ વિચાર બધાને ખૂબ જ પસંદ પડ્યો. તેઓ સૌ સૃષ્ટિકર્તાની પાસે પહોંચ્યા. પ્રજાપિતા ભગવાન બ્રહ્માએ આશ્ચર્યમિશ્રિત વિસ્મયની સાથે પૂછ્યું, ''હે ભદ્રજનો ! આપ લોકોનું અહીં આવવાનું પ્રયોજન શું છે ? કૃપા કરી મને બધું જ સાફ-સાફ જણાવવાનું કષ્ટ કરો.''

દેવો, અસુરો અને મનુષ્યોએ વિનમ્ર ભાવે હાથ જોડીને પોત-પોતાનાં મંતવ્યો પ્રગટ કર્યાં. સૃષ્ટિકર્તા બ્રહ્માએ તે સૌ પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું, ''આપ લોકોના મનમાં આ શુભ સંકલ્પ ઉત્પન્ન થયો, એ ઘણી પ્રસન્નતાની વાત છે, પરંતુ મારી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરતાં પહેલાં આપ સૌ એક વર્ષ સુધી સંયમ રાખી ઈન્દ્રિયોને વશમાં રાખીને તપ-સાધના કરો. એક વર્ષની અવધિ પૂરી થતાં હું તમને સૌને અમૃત તત્ત્વનું જ્ઞાન આપીશ.''

તે સૌએ વિનમ્રભાવથી પ્રણામ કરતાં પ્રજાપિતાને કહ્યું, ''હે ભગવન્ ! આપની આજ્ઞા અમને શિરોધાર્ય છે. આપની કૃપાથી અમને સાચી શાંતિ મળી શકશે.'' આટલું કહીને તે સૌ સાધનામાં લીન થઈ ગયા. તપ-સાધનાના પ્રભાવથી દેવો, અસુરો અને મનુષ્યોની સ્વભાવાનુસાર ભોગેચ્છા, હિંસા અને સાંસારિક આસક્તિની ભાવનાઓ સમાપ્ત થવા લાગી. વિરક્ત ભાવથી તે સૌ અધ્યાત્મ-ચિંતનમાં લાગી ગયા.

એક વર્ષ પૂરું થતાં સૃષ્ટિકર્તાએ જોયું કે હવે તે બધા જ પોતાની જૂની પ્રવૃત્તિને ભૂલીને સન્માર્ગપથના અનુગામી બની ગયા છે. એટલે તેમણે તે સૌની ઉપર દયા કરવાની ભાવનાથી જ્ઞાન આપવાનો નિર્ણય કર્યો. દેવ, અસુર અને મનુષ્ય પણ આખું વર્ષ પૂરું થઈ જવાથી એ પ્રતીક્ષામાં હતા કે પ્રજાપિતાને નિવેદન કરે કે તેઓ તેમને જ્ઞાન પ્રદાન કરે. આ પ્રકારનું ચિંતન કરતા તેઓ તેમની પાસે પહોંચ્યા અને નિવેદન કર્યું, હે ભગવન્ ! આપની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. કૃપા કરી અમને ઉપદેશ આપો.

પ્રજાપિતા બ્રહ્મા કેટલીક ક્ષણો ગંભીર મુદ્રામાં મૌન રહીને સૌની સામે જોતા રહ્યા, એક ક્ષણ પછી ફક્ત એક અક્ષર 'દ' બોલીને ચૂપ થઈ ગયા. ઘંટના ઘંટારવના ધ્વનિની માફક તે દેવ-અસુરો અને મનુષ્યોના મન-મસ્તિષ્કમાં ગૂંજતો રહ્યો અને તે સૌ સૃષ્ટિકર્તા બ્રહ્માનાં ચરણોમાં બેસીને એકાગ્રચિત્ત 'દ'નો અર્થ શોધવા લાગ્યા.

સૌથી પહેલો દેવોનો વારો આવ્યો. તેમણે બ્રહ્મદેવને કહ્યું, ''ભગવન્ અમે 'દ' નો અર્થ સમજી ગયા છીએ. આપે અમને 'દામ્યત્' એટલે કે ઈન્દ્રિયોનું દમન કરવાનો ઉપદેશ આપ્યો હતો. ખરેખર તો અમે અજર-અમર થઈને ઈન્દ્રિયોના પાશમાં બંધાયેલા છીએ. ઈન્દ્રિય-સુખને અમે બધું માની લીધું છે. એટલા માટે આપનો ઈન્દ્રિય-દમનનો ઉપદેશ યથાર્થ છે. કેમ કે એના અભાવે અમે ઈર્ષા-દ્વેષથી હંમેશાં પીડિત છીએ.''



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સૃષ્ટિકર્તાએ હસીને ઉત્તર આપ્યો, ''વત્સ 'દ'નું તાત્પર્ય આ જ હતું. હવે આપ પધારો. આ જ ઇન્દ્રિયદમનના 'દ'નો અર્થ સમજીને આને જ અનુરૂપ આચરણમાં આપ સૌ પ્રવૃત્ત રહો. વગર ઇન્દ્રિયદમને મન વશમાં રહી શકતું નથી અને મનના સંયમ વગર સાંસારિક ભોગ-વિલાસમાંથી મુક્તિ મળતી નથી. હવે તમને જ્ઞાન મળી ગયું છે. આપ સૌનો માર્ગ પ્રશસ્ત થાવ.''

દેવગણ સૃષ્ટિકર્તા બ્રહ્માજી પાસેથી જ્ઞાન મેળવીને તેમનાં ચરણોમાં પ્રણામ કરી દેવલોક પ્રસ્થાન કરી ગયા. ચિરકાળથી ફળતું-ફૂલતું તેમનું વેર-વૃક્ષ નાશ પામ્યું. હવે તેમના હૃદયમાં અપાર શાંતિ હતી.

દેવસમુદાય પ્રસ્થાન થતાં જ અસુરો તેમજ માનવોનું ધૈર્ય તૂટવા લાગ્યું. બંને શીઘ્રતાથી બ્રહ્માજી દ્વારા જ્ઞાનની સાર્થકતા પામવા માટે આતુર થઈ રહ્યા હતા. અસુરોને પોતાની વિપરીત શક્તિનો ગર્વ હંમેશને માટે રહ્યો છે. તેઓ તો દેવતાંઓ કરતાં પહેલા પહોંચવા ઇચ્છતા હતા, પરંતુ અહીં તો મનુષ્યો પણ તેમના કરતાં પહેલાં પહોંચી ગયા હતા. તેઓ પ્રજાપિતાની સામે મૌનભાવથી ઊભા રહી ગયા. અંતર્યામી બ્રહ્મદેવ તેમના મનોભાવને જાણી ગયા. તેમણે મનુષ્યોને પૂછ્યું, ''પુત્રો! તમે અહીં શા માટે આવ્યા છો ? મનુષ્યએ ઉત્તર આપ્યો, ''ભગવન્ ! અમારા તપની અવધિ પૂરી થઈ ગઈ છે. સંપૂર્ણ વર્ષ અમે આપે બતાવેલ જીવન-પથનું અનુસરણ કર્યું છે. કૃપા કરી હવે અમને ઉપદેશ આપો.'' સૃષ્ટિકર્તા બ્રહ્મા આ વખતે પણ પહેલાંની જેમ જ 'દ' બોલીને મૌન થઈ ગયા. આ 'દ' અક્ષરનો ધ્વનિ સંપૂર્ણ પ્રકૃતિમાં છવાઈ ગયો.

મનુષ્યો સમજ્યા, પ્રજાપિતા બ્રહ્માએ 'દ'નું જ્ઞાન અમારા અજ્ઞાનને દૂર કરવાને માટે આપ્યું છે. સાંસારિક આસક્તિમાં લાગેલા એવા આપણે નિરંતર સંગ્રહમાં વ્યસ્ત રહીએ છીએ. આ ધનલિપ્સા જ આપણી વચ્ચે ઉછરતાં ઈર્ષા, કલેશ તેમજ કંકાસનું મૂળ કારણ છે. આને કારણે જ આપણા મનમાં ક્યારેય શાંતિ રહી શકતી નથી. એટલા માટે લાલચમાં ફસાયેલા-ડૂબેલા એવા આપણને સૃષ્ટિકર્તાએ 'દ' એટલે દાન કરવાનો ઉપદેશ આપ્યો છે. 'દાન'થી વધુ ભલા બીજું કયું તત્ત્વ હોઈ શકે જે આપણને ચિરશાંતિ આપી શકે !

બ્રહ્માજીએ મનુષ્યોને પૂછ્યું, ''વત્સ! આપ સૌ મારા જ્ઞાનનો અર્થ શું સમજ્યા ? આપ લોકો 'દ'માં શું ગૂઢાર્થ સમજ્યા?'' મનુષ્યએ પ્રજાપિતાની સમક્ષ માથું નમાવીને વિનમ્ર નિવેદન કર્યું, ''હે પરમદેવ ! આપના વચનથી અમારા અજ્ઞાન અંધકારનો નાશ થઈ ગયો છે. અમને 'દ'ના અર્થનું જ્ઞાન થઈ ગયું છે. આપે અમને લોભીઓને 'દત્ત' એટલે કે દાન કરવાનું જ્ઞાન આપ્યું છે. ''મનુષ્યોની આ પ્રેમસભર નિશ્ચલ વાણી સાંભળીને પ્રજાપિતા હર્ષિત થઈ ઊઠયા અને કહ્યું, ''આપ સૌ મારા કથનનો ઠીક-ઠીક અભિપ્રાય સમજ્યા છો. જાવ અને દાનના અમોઘ મહિમા વડે વિશ્વવિજયી બનવાની કામના પૂર્ણ કરો. આ જ નવજીવન પ્રદાન કરનારી અમૃત-સંજીવની છે. દાન કરવા જેવું અન્ય કોઈ તત્ત્વ બ્રહ્માંડમાં છે જ નહીં.''

બ્રહ્મદેવનાં આ આશીર્વચનો સાંભળીને મનુષ્યો ધન્ય ધન્ય થઈ ગયા. શાંતિ અને સંતોષથી તૃપ્ત થયેલા એવા સૌ પોતાના લોકમાં પાછા ગયા અને દાનના મહિમાથી પૃથ્વીને ધન્ય કરવા લાગ્યા.

દેવો અને મનુષ્યોની તુલનામાં પોતાને શ્રેષ્ઠ તેમજ મહાબલી માનનારા અસુરોની બેચેની અત્યાર સુધીમાં ઘણી બધી વધી ગઈ હતી. પરંતુ વર્ષ આખાના સતત તપના પ્રભાવના કારણે તેમના મનમાં હિંસાની ભાવનાઓ શાંત થઈ ચૂકી હતી નહિતર તો તેઓ બ્રહ્માજીની સામે જ સંઘર્ષ શરૂ કરી દેત અને પોતાની આસુરી શક્તિઓથી દેવો તથા માનવોને જીર્ણ-શીર્ણ કરી નાખત, પરંતુ આટલા દિવસો સુધી સાથે-સાથે રહેવાને કારણે પરસ્પર આત્મીયતા અને સદ્ભાવનાને કારણે તેમનામાં હવે ઉપદ્રવની ભાવના ઘણી બધી શાંત થઈ ગઈ હતી. એટલે એક દિવસ મોકો જોઈને તેઓ પણ સૃષ્ટિકર્તા બ્રહ્માજી પાસે ગયા.

અસુરોને પોતાની પાસે આવેલા જોઈને સૃષ્ટિકર્તાએ હસીને તેમનું સ્વાગત કર્યું. અસુરોએ તેમને પ્રણામ કરતાં કહ્યું, ''હે પિતામહ! અમે સૌ આપની પાસે ઉપદેશ પ્રાપ્ત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરવા માટે આવ્યા છીએ. આપની પાસેથી ઉપદેશ પામીને દેવગણ તેમજ માનવસમુદાય આપની કૃપાથી પોતાનાં જીવનને ધન્ય બનાવી રહ્યા છે. ભગવન્ ! આપ અમારી ઉપર પણ આપની કૃપાદૃષ્ટિ કરો.'' અસુરોની વિનીતવાણી સાંભળીને સૃષ્ટિકર્તા ગંભીર થઈ ગયા અને થોડીક ક્ષણો પછી સંપૂર્ણ દિશાઓમાં વ્યાપ્ત થનારા 'द'નું ઉચ્ચારણ કરી મૌન થઈ ગયા.

બ્રહ્મદેવના શ્રીમુખથી નીકળેલ 'द' અક્ષરનો ધ્વનિ અસુરોના મન-મસ્તિષ્કમાં તીવ્ર ગતિથી ફેલાઈ ગયો. લાંબા સમય સુધી ચિંતન મનન કર્યા બાદ તેમણે વિચાર કર્યો કે બ્રહ્માની કૃપાના કારણે 'द' નો મહિમા સર્વત્ર વ્યાપેલો છે. જન્મજાત હિંસાની પ્રવૃત્તિવાળા આપણા લોકોના જીવનમાં પરિવર્તનની ઇચ્છાના કારણે પિતામહે આપણને 'દયા'નું જ્ઞાન આપ્યું છે. આપણા ક્રૂર કર્મોના કારણે આપણે હંમેશાં સ્વાર્થપૂર્તિમાં જ રચ્યાપચ્યા રહ્યા અને અન્યના પ્રાણ હરતા રહ્યા. પ્રજાપિતાના ઉપદેશથી આજે આપણી આંખો ખૂલી ગઈ. વાસ્તવમાં દયાથી વધારે અન્ય કોઈ ધર્મ નથી, બીજું કોઈ તત્ત્વ નથી. આ જ જીવનનું સર્વોપરી જ્ઞાન છે.

સૃષ્ટિકર્તા મનમાં ને મનમાં જ અસુરગણોની આત્મગ્લાનિથી ઉપજેલી પીડાને જોઈ રહ્યા હતા. અસુર હજુ પણ સંકોચવશ બ્રહ્માજીને કશુંક કહેવામાં સ્વયંને અસમર્થ સમજી રહ્યા હતા. ત્યારે પ્રજાપિતાએ તેમને આશ્વસ્ત કરતાં પૂછ્યું, ''પુત્રો ! આપ સૌ મારા 'द'નો અર્થ શું સમજ્યા?''

અસુરો ખચકાટભર્યા સ્વરમાં બોલ્યા, ''ભગવન્ ! અમે ક્રૂર પ્રકૃતિવાળા અસુરોને આપે 'द' એટલે કે દયા કરવાનું જ્ઞાન આપ્યું છે. વસ્તુતઃ આપના માર્ગદર્શનથી અમને નવી દિશા મળી છે. હવે અમે જીવનપથ ઉપર સુગમતાથી ચાલી શકીશું,''

પ્રજાપિતા કરુણાસભર સ્મિત સાથે બોલ્યા, ''પુત્રો ! તમે મારા આપેલા જ્ઞાનનો સાચો અર્થ સમજ્યા છો. જો તમને સૌને આ તથ્ય પહેલાં ખબર હોત તો સૃષ્ટિમાં હિંસક પ્રવૃત્તિઓના કારણે આપ સૌનું ભયાવહ રૂપ પ્રાણીઓ માટે દુઃખદાયી ન બનત, છતાં પણ હવે તમને જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે. જાઓ આ ભાવ સાથે પ્રાણીમાત્ર ઉપર દયા કરો. આપની શક્તિ પીડા પહોંચાડવા માટે નહીં, નિર્બળોને સહાયતા પહોંચાડવા માટે છે. હે અસુરગણો ! આ સંસારમાં હિંસા સમાન પીડા આપનારું દુઃખદાયી તત્ત્વ બીજું કોઈ છે જ નહીં. દયા અને કરુણાથી વધારે અન્ય કોઈ ધર્મ છે જ નહીં, હે અસુરગણો ! હવે આપ સૌ આપના લોકમાં પધારો અને મારા દ્વારા આપેલા જ્ઞાનનું અનુસરણ કરી અમૃતતત્ત્વ પ્રાપ્ત કરો.'' બ્રહ્મદેવના આશિષ મેળવીને અસુરગણ કૃતાર્થ થઈ પોતાના લોકમાં ચાલ્યા ગયા.

વાદળાઓના ગડગડાટથી જેમ द-द-द નો આ ધ્વનિ આજે પણ સૃષ્ટિમાં ગુંજી રહ્યો છે, વીજળીના કડાકામાં તે દૈવી વાણી એ જ બ્રહ્મવર્ચસ્‌નો અનુવાદ કરતી સાંભળી શકાય છે. દામ્યત્ દત્ત દયધ્વયમ્ એટલે કે દમન કરો, દાન આપો અને દયા કરો. તથ્ય એ છે કે ઇન્દ્રિયોનું દમન કરો, સંસારની વસ્તુઓનો સંગ્રહ ન કરતાં દાન આપો અને પ્રાણીમાત્ર ઉપર દયા કરો. સંસારનું સંપૂર્ણ જ્ઞાન, સુખ-શાંતિ આ ત્રણેમાં સમાયેલું છે.

શ્રાવસ્તીની માતા વિશાખાએ તથાગતને મહેમાન થવા માટે આમંત્રણ આપ્યુ. દુર્ભાગ્યવશ એ જ દિવસે તેના એકમાત્ર પૌત્રનો દેહાંત થઈ ગયો. ખિન્નવદન, મલિનવસ્ત્રા વિશાખાને તથાગતે શોકનું કારણ પૂછ્યું, તો તેણે પૌત્રના મૃત્યુના દુઃખદ સમાચાર જણાવ્યા. ગૌતમ બુદ્ધે તેને આશ્વાસન આપતાં પૂછ્યું, ''જો તને તારો પૌત્ર પાછો મળી જાય તો ?''

''મારી પ્રસન્નતાની સીમા નહીં રહે.''

''અને શ્રાવસ્તીની જનસંખ્યા જટલા મળી જાય તો?''

''પ્રસન્નતા અધિક વધી જશે.''

''શ્રાવસ્તીમાં દરરોજ કેટલી વ્યક્તિ મરતી હશે ?''

''ભગવન્ ચોક્કસ તો ખબર નથી, પરંતુ પાંચ- છ તો મરતા જ હશે.''

''સમજી લે, બધા જ શ્રાવસ્તીવાસીઓ તારાં પૌત્ર-પૌત્રી હોય અને તેમાંથી દરરોજ એક મરે તો તું સુખી રહી શકીશ ? તારું દુઃખ કેટલું વધી જશે. સેવાનું જ સુખ જોઈએ, તો આખો સંસાર પડ્યો છે. બધાંની સેવા કર. આ આસક્તિ શા માટે ? ખરેખર તો પ્રાપ્તિનું સુખ વિયોગથી નાશ પામે છે. પરંતુ સેવાનું સુખ સદૈવ રહે છે.''



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ચિરપુરાતન, છતાં પણ ચિરનવીન વાસ્તુશાસ્ત્ર...

**ભા**રતીય સંસ્કૃતિનો પુરાતન ભૂતકાળ આધ્યાત્મિક જ્ઞાનની આભાથી પ્રદીપ્ત રહ્યો છે. જેના પ્રકાશ રશ્મિઓ સમગ્ર વિશ્વમાં અજવાળું ફેલાવતાં હતાં. અહીંના મહર્ષિગણોનો પુરુષાર્થ કેવળ આત્મોકર્ષ સુધી જ સીમિત ન હતો, પરંતુ તે માનવીય જીવનને ભૌતિક રૂપે પણ સુંદર તેમજ સમુન્નત બનાવવા માટે પ્રયત્નરત હતા. આના અંતર્ગત તેઓએ વિભિન્ન પ્રકારની વિદ્યાઓ તથા કલાઓનું સર્જન કર્યું હતું. એમાંથી વાસ્તુકલા એટલે કે ભવનનિર્માણના જ્ઞાન-વિજ્ઞાનની શોધ તેઓની ઉલ્લેખનીય ઉપલબ્ધિ હતી.

વૈદિક કાળમાં વાસ્તુશાસ્ત્રને ઉપવેદના રૂપમાં માન્યતા મળી હતી. એને સ્થાપત્યવેદ પણ કહેવામાં આવતો હતો. વાસ્તુકળાનો સર્વપ્રથમ ઉલ્લેખ વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં મળે છે. આમાં વાસ્તુ-સ્થાપત્યનો ઉલ્લેખ ઘણી બધી જગ્યાએ થયો છે. ઋગ્વેદમાં ઘણી જગ્યાએ (૭/૫૪, ૪૫; ૮, ૧૭/૪૪) વાસ્તોસ્પતિ નામના દેવતાનો ઉલ્લેખ છે. જેમનું આહ્વાન ગૃહનિર્માણ કરતાં પહેલાં કરવામાં આવતું હતું. મત્સ્યપુરાણ તેમજ બૃહત્‌સંહિતામાં વાસ્તુના ૨૪ આચાર્યોનો ઉલ્લેખ છે. જેમાં લગભગ બધા જ વેદકાલીન મહર્ષિ છે. તેઓનાં નામ ભૃગુ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વકર્મા, મય, નારદ, નગ્નજિત, વિપાલાક્ષ, પુરંદર, બ્રહ્મા, કુમાર, નદીશ, શૌનક, ગર્ગ, વાસુદેવ, અનિરુદ્ધ, શુક્ર, બૃહસ્પતિ, મનુ, પરાશર, કશ્યપ, ભારદ્વાજ, પ્રહ્લાદ, અગસ્ત્ય અને માર્કંડ છે.

આમાં વિશ્વકર્મા અને મય સર્વાધિક પ્રચલિત આચાર્ય છે. વિશ્વકર્માને દેવતાઓના વાસ્તુવિદ્ અને મયને અસુરોના વાસ્તુવિદ્ માનવામાં આવે છે. વૈદિક સમયમાં જન્મેલ વાસ્તુશાસ્ત્રનું રૂપ વેદાંતના સમયમાં સ્થિર થયું. પુરાણો અને આગમોમાં આનો વિકાસ થયો. પછીથી વાસ્તુવિદ્યાના આચાર્યોએ આને એક અલગ શાસ્ત્રનું રૂપ આપ્યું. મહાભારતના સમયમાં આ પૂર્ણપણે વિકસિત થયાનું પ્રમાણ છે. વૈદિક સમયમાં રચાયેલ આ શાસ્ત્રની દિશા તેમજ દશા ૧૩મી શતાબ્દી સુધી સારી રહી. ત્યારબાદ તેનાં વળતાં પાણી થયાં અને આ વિદ્યા લુપ્તપ્રાય જેવી થઈ ગઈ.

પાછલા બે-ત્રણ દસકાઓથી ઉપેક્ષિત એવી આ કળા પુનઃપ્રકાશમાં આવી રહી છે. આજે તો આની ઉપયોગિતા તેમજ વૈજ્ઞાનિકતા ઉપર નવા પ્રકારે વ્યાપક શોધકાર્ય ચાલી રહ્યું છે. આના જ પરિણામસ્વરૂપે આજે સમગ્ર વિશ્વમાં સ્થાપત્ય વેદના મહત્ત્વને નવીદૃષ્ટિથી જોવામાં તેમજ સમજવામાં આવી રહ્યો છે. ૨૦ જાન્યુ, ૧૯૯૫માં લોસએન્જલિસ (યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા)ના કારીગરોએ અથર્વવેદના સ્થાપત્યશાસ્ત્ર ઉપર આધારિત વિશ્વનું પ્રથમ ભવનનિર્માણ કરવાનો દાવો કર્યો. આ ભવનના એન્જિનિયર શ્રી મોરિસ થિંડલર છે અને આના માલિક શ્રી કિરીટકુમાર પટેલ છે. અગ્નિપુરાણ, મયમત, ભુવ પ્રદીપ, વિશ્વકર્મા પ્રકાશ, નારદશાસ્ત્ર વગેરે ગ્રંથો ઉપર અહીં વ્યાપક શોધકાર્ય ચાલી રહ્યું છે. દોઢસો વર્ષ પહેલાં ડાબલર હેમલ્ટિને ભારતીય વાસ્તુવિદ્યા ઉપર સાતસો પાનાનો એક ગ્રંથ લખ્યો હતો, 'આર્કિટેક્ટ થ્રુ એજ' જે પછીથી ૧૯૮૩માં પ્રકાશિત થયો. આ ગ્રંથને આજે પણ પશ્ચિમના વાસ્તુવિદ્ શાસ્ત્રની જેમ વાંચે છે.

ભારત સિવાયના અન્ય એશિયાઈ તેમજ આફ્રિકાના દેશોમાં વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતોને પ્રાચીનકાળથી જ માન્યતા મળી રહી છે. લેટિનમાં વાસ્તુશાસ્ત્રને 'જિયોમૅશિયા' કહેવામાં આવે છે. અરબીમાં આને 'રેતીનું શાસ્ત્ર' કહેવામાં આવે છે. તિબેટમાં વાસ્તુશાસ્ત્રને 'બાગુવાતંત્ર' કહેવામાં આવે છે. આફ્રિકાના વાસ્તુશાસ્ત્રમાં વાયુ, અગ્નિ, પૃથ્વી તથા જળનો વિચાર બ્રહ્માંડના ચાર મૂળ રૂપમાં કરવામાં આવ્યો છે. ચીન,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હૉંગકોંગ અને દક્ષિણ પૂર્વ એશિયામાં વાસ્તુશાસ્ત્રને ફેંગ સુઈ કહે છે. અહીંની ૯૦ ટકા પ્રજા ફેંગસુઈના આધાર ઉપર જ પોતાનાં ભવન, દુકાન તેમજ હોટલોનું નિર્માણ કરે છે. ચીની ભાષામાં બ્રહ્માંડની શક્તિ 'દ્વિ' છે અને વ્યક્તિની આત્મિક શક્તિનું નામ 'ચી' છે. આ બંનેને જોડનારા સુમનું નામ 'તાઓ' છે. આ બંને શક્તિઓનું પરસ્પર સંતુલન જ જીવનનું પ્રાણતત્ત્વ છે. દ્વિ જ ભૂમિ, ભવન, કક્ષ વગેરેનો શક્તિ-સ્રોત માનવામાં આવે છે. ચીની વાસ્તુશાસ્ત્ર 'ફેંગસુઈ' માં બંને શક્તિઓ 'યોગ' અને 'યિન'નો ઉલ્લેખ પણ છે. યાંગ બ્રહ્માંડમાં વ્યાપ્ત ધનાત્મક શક્તિ છે, જેનો સંબંધ સ્વર્ણ, પૌરુષ(ધનત્વ) અને ઉષ્મા સાથે છે. 'યિન' બ્રહ્માંડની ઋણાત્મક શક્તિ છે. આનો સંબંધ નારીત્વ, પૃથ્વી, શીતળતા તથા તમસ્ સાથે છે. ચીની વિચારકોના મતાનુસાર યિન-યાંગનું સંતુલન જ પારિવારિક જીવનની સુખ-સમૃદ્ધિનો આધાર છે.

ભારતમાં વાસ્તુશાસ્ત્ર પંચમહાભૂતો (અગ્નિ, જળ, આકાશ, પૃથ્વી અને વાયુ) તથા આઠ દિશાઓ ઉપર આધારિત છે. આ પંચમહાભૂત સાથે ઉચિત તાલમેલ કરીને, ભવનના માધ્યમ દ્વારા કઈ રીતે એનાથી વધારેમાં વધારે લાભ મેળવી શકાય, એ જ વાસ્તુવિદ્યાનો મુખ્ય વિષય છે. ભવનનિર્માણની આધારભૂમિ છે. એટલે ભવનનિર્માણ માટે ઉત્તમ ભૂખંડની પસંદગી ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે નિવાસ-સ્થાનનો ભૂખંડ જ નહીં પરંતુ દેશ તેમજ દ્વીપ-મહાદ્વીપોના બૃહત્ ભૂખંડ સુધી પોતાની સ્થિતિને અનુરૂપ વાસ્તુના પ્રભાવોને ગ્રહણ કરે છે. આફ્રિકાનું જ ઉદાહરણ લો. આનો ભૂખંડ ત્રિકોણાત્મક છે. પૂર્વોત્તર ભાગ ખંડિત છે અને ઉત્તર દક્ષિણ પણ કપાયેલો છે. મધ્ય-પશ્ચિમમાં અસંતુલિત ફેલાવો છે. દક્ષિણ તથા પશ્ચિમ દિશામાં મહાસાગર છે, જે દૂર દૂર સુધી ફેલાયેલો છે. પૂર્વ અને ઉત્તરમાં પર્વત છે. ક્યાંક મેદાન પણ છે, તો ત્યાંની ભૂમિ ખાડા-ટેકરાવાળી છે. વાસ્તુશાસ્ત્ર અનુસાર, આ દોષોનું પરિણામ કલહ-કંકાસ હોવું જોઈએ. વસ્તુસ્થિતિ પણ આ જ છે, આફ્રિકામાં જ્યારે-ત્યારે યુદ્ધ, હિંસા, દુકાળ, રોગચાળા જેવી આપદાઓ આવતી જ રહે છે. જ્યાં ભૂખંડના આકાર-પ્રકાર શુભ છે, ત્યાં તેનાં શુભ પરિણામ પણ છે.

વાસ્તુશાસ્ત્ર અનુસાર ભૂખંડની પસંદગી ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ. વાસ્તુ-સિદ્ધાંતોમાં ભવનની ચારે તરફ તથા ભવનની મધ્યમાં ખુલ્લું આકાશ દેખાય એવું આવશ્યક કહેવામાં આવ્યું છે. આને અનુસાર ભવનમાં જળ-સંસાધનોના સ્થાન ઉપર પણ ધ્યાન આપવામાં આવ્યું છે. આ ક્રમમાં અગ્નિનાં બધાં જ ઉપકરણોની સ્થાપના અગ્નિ ખૂણા નિર્દેશિત છે. વાયુના ઉચિત આગમન માટે બારીઓ તથા હવાબારીઓનું પ્રમાણ પણ વધારે હોવું જોઈએ. આ તત્ત્વોની પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયાને અનુરૂપ આમાં સંતુલન ગોઠવવામાં આવે છે. જો વિપરીત તત્ત્વોમાં સંતુલન બેસાડવામાં ન આવ્યું, તો પરિણામ અશુભ આવે છે.

પંચતત્ત્વોના પ્રભાવને અનુકૂળ કરવાની સાથે દિશાઓના નિર્ધારણમાં ઉત્તરી ધ્રુવથી આવનારા ચુંબકીય પ્રવાહ અને પૂર્વમાંથી આવનારાં સૂર્ય કિરણોને ઘરની અંદર એકત્રિત કરી તેનો લાભ ઉઠાવવાની કળાનો વિચાર પણ આ શાસ્ત્રમાં નિહિત છે. ભવનનિર્માણ એ રીતે કરવામાં આવે છે કે ચુંબકીય શક્તિ ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ તરફ પ્રવાહિત થાય છે. આ જ સિદ્ધાંતો અનુસાર વાસ્તુશાસ્ત્રને અનુરૂપ ભવનનિર્માણમાં બધી જ વજનદાર વસ્તુઓ પશ્ચિમમાં રાખવાનું વિધાન છે.

ભવનનિર્માણમાં દિક્ સંમુખતા અંતર્ગત પૂર્વદિશા સર્વાધિક મહત્ત્વની છે, જેનો સૂર્યોદય સાથે સીધો સંબંધ છે. પ્રાતઃકાલીન સૂર્યકિરણોમાં અલ્ટ્રાવાયલેટ કિરણોનું મહત્ત્વ રહેલું હોય છે. મધ્યાહ્નમાં રેડિયોધર્મિતાપૂર્ણ કિરણોની, સૂર્યાસ્તના સમયે ઈન્ફ્રારેડ કિરણોની પ્રધાનતા રહે છે. પ્રાતઃકાલીન કિરણો લાભદાયી હોય છે. મધ્યાહ્ન તેમજ સૂર્યાસ્ત સમયનાં કિરણો ક્રમશઃ હાનિકારક, જેનાથી બચવા માટે પૂર્વ ઉત્તરી હિસ્સો નીચો અને દક્ષિણ-પશ્ચિમી હિસ્સો ઊંચો બનાવવાનું વિધાન છે. પૂર્વ ઉત્તરમાં વધુ બારી દરવાજા અભીષ્ટ છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્યારે દક્ષિણ-પશ્ચિમમાં ઓછા. અગ્નિખૂણામાં રસોઈઘર બનાવવાનું વિધાન છે, કારણ કે આ દિશામાં સૂર્ય કિરણો અને શુદ્ધ વાયુનું પ્રમાણ વધુ હોય છે.

વાસ્તુશાસ્ત્રમાં ચુંબકીય ઉત્તરક્ષેત્રને કુબેરનું સ્થાન માનવામાં આવે છે. એ પણ સલાહ આપવામાં આવે છે કે જ્યારે કોઈ વ્યાપારિક વાર્તા અથવા પરામર્શમાં ભાગ લો તો ઉત્તર તરફ મુખ રાખવું સર્વાધિક લાભદાયક હશે. આનું કારણ એ જ છે કે આ તરફ ચુંબકીય તરંગો વિદ્યમાન રહે છે જે મસ્તિષ્કને અધિક સક્રિય કરે છે અને શુદ્ધ વાયની ઉપલબ્ધિના કારણે ઑક્સિજનની અતિરિક્ત માત્રા મસ્તિષ્કને સક્રિય કરી સ્મરણશક્તિ વધારે છે, જે બધી જ મળીને વ્યક્તિની વ્યાપારિક સફળતા તથા અન્ય પ્રકારની પ્રગતિને અધિક સુનિશ્ચિત કરે છે.

વાસ્તુશાસ્ત્રની વૈજ્ઞાનિકતાથી ઘણું વધારે મહત્ત્વપૂર્ણ આમાં નિહિત ધાર્મિક તેમજ આધ્યાત્મિક તત્ત્વ છે. આ જ ભારતીય સંસ્કૃતિનો જીવન-પ્રાણ પણ છે. યતોઽભ્યુદયનિઃ શ્રેયસસિદ્ધિઃ સ ધર્મઃ એટલે કે જેના લીધે માનવની સાંસારિક ઉન્નતિ અને આધ્યાત્મિક પ્રગતિ સિદ્ધ થાય, એ જ ધર્મ છે. આ જ કારણે વાસ્તુવિદ્યામાં ભૂમિપૂજનથી લઈને ગૃહપ્રવેશ સુધીની બધી જ ક્રિયાઓમાં ધાર્મિક ભાવનાઓ જોડાયેલી છે. આખરે વૈજ્ઞાનિકતા તેમજ આધ્યાત્મિકતાના મેળ-મિલાપથી જ તો સંપૂર્ણ સુખ-શાંતિ અને સમૃદ્ધિ સંભવ છે.

તિરુપતિમાં ભગવાન વેંકટેશનું મંદિર ઐશ્વર્યની દૃષ્ટિએ સંસારનું સૌથી મોટું ધર્મસ્થળ છે. આનાં અન્ય જે કોઈ પણ કારણ હોય તે પણ વાસ્તુવિદોના મતાનુસાર મુખ્ય કારણ એનું નિર્માણ વાસ્તુ-સિદ્ધાંતો અનુસાર થયું છે. ત્રણ બાજુ પહાડીઓથી ઘેરાયલું આ મંદિર પૂર્વાભિમુખ છે. મંદિરના અધિષ્ઠાતા દેવ બાલાજીની મૂર્તિ પશ્ચિમમાં પ્રતિષ્ઠિત છે. તે પણ પૂર્વાભિમુખ છે. ઉત્તરમાં આકાશગંગા તળાવ છે. એટલે કે મંદિરનું નિર્માણ સો ટકા વાસ્તુનિયમો અનુસાર કરવામાં આવ્યું છે.

વાસ્તુનિયમોથી વિપરીત ભવનનિર્માણ હોવાથી ત્યાં દુઃખ, અશાંતિ તેમજ વિગ્રહનું થવાનું જણાવવામાં આવ્યું છે. વિશ્વકર્માપ્રકાશના અધ્યાય એક, શ્લોક સત્તરમાં સ્પષ્ટ રૂપે એવું વર્ણન કરવામાં આવ્યું છે કે જે લોકો વ્યયના લોભ અથવા નાસ્તિકતાને કારણે અથવા આળસને વશ થઈ વાસ્તુપૂજા નથી કરતા, તેમનું ધન નાશ પામે છે અને તે દરિદ્ર થઈ જાય છે તથા પ્રતિક્ષણ વિઘ્નથી ત્રાસ પામતા રહે છે.

વાસ્તુવિદોના જણાવ્યા પ્રમાણે વાસ્તુદોષનું સૌથી મોટું ઉદાહરણ લાલ કિલ્લો છે. ઉત્તર-પશ્ચિમમાં બનેલી મુખ્ય દ્વારવાળી આ ઇમારત શાહજહાંથી લઈને બહાદુરશાહ ઝફર સુધીના જે પણ અહીં રહ્યા, દરેકને માટે મનહૂસ સાહિત થઈ. આમાંથી કોઈ પણ અહીં શાંતિથી રહી શક્યું નથી. અહીં લડવામાં આવેલી લડાઈઓ તથા મોરચા પણ લગભગ અસફળ જ રહ્યા. એ જમાનામાં બનેલી જુમ્મા મસ્જિદ વાસ્તુના નિયમોના હિસાબે પૂરી રીતે દોષમુક્ત છે. દેવસ્થાનોને માટે નક્કી કરેલા નિયમો પૈકીના ઘણાખરા આમાં પૂરા કર્યા છે. આના જ પરિણામે મસ્જિદની આજુબાજુનું વાતાવરણ સંપૂર્ણ રીતે આબાદ અને ખુશખુશાલ છે.

લેબેનાનના વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. ટોની અબૂનાદરે માનવ-શરીરમાં વૈદિક તત્ત્વોની શોધ કર્યા બાદ સ્થાપત્ય-વેદનો પ્રભાવ સિદ્ધ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે કઈ રીતે મસ્તિષ્ક, શરીરના અંગ અને હૃદયથી જોડાયેલી ધમનીઓ, શિરાઓ આ ક્ષેત્રોના પ્રભાવથી તરંગિત થાય છે. શ્રી અરવિંદ આશ્રમ, પૉંડિચેરીના વાસ્તુશાસ્ત્રી ડૉ. પ્રભાત પોદ્દારે પણ આ વિષય ઉપર ઘણાં જ શોધ-સંશોધન કર્યાં છે. તેમના મતાનુસાર, અગ્નિકોણ એટલે જ્યાં રસોડામાં ગૃહિણી જો ઉત્તર દિશા તરફ મોં રાખીને ભોજન બનાવશે તો તેની પિંડલીઓમાં દર્દ થવું સ્વાભાવિક છે. આવી સ્થિતિમાં ભોજન બનાવવાની દિશામાં પૂર્વ અથવા દક્ષિણ તરફ થોડો ફેરફાર કરવાથી થોડા જ દિવસોમાં પિંડલીઓનું દર્દ દૂર થઈ જાય છે.


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અખિલ ભારતીય આયુવિજ્ઞાન સંસ્થાનના ડૉ. જે. એન. પાંડેય પણ પોતાની શોધના આધારે સ્થાપત્યવેદના મહત્ત્વનો સ્વીકાર કરે છે. તેમના જણાવ્યા પ્રમાણે જે મકાનની નીચે ફાસિલ્સ એટલે કે હાડકાંઓ મળી આવે છે, ત્યાંના લોકોમાં લગભગ ફેફસાં સાથે જોડાયેલ બીમારીઓનો ઇન્કાર થઈ શકતો નથી. સ્થાપત્યવેદ અને સ્વાસ્થ્ય સાથે જોડાયેલ વિષયો ઉપર શોધનો વ્યાપક અનુભવ ધરાવનાર ઓહાયો સ્ટેટ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડૉ. હરિ શર્માનું માનવું છે કે બાળકોના ભણવા માટેનું ટેબલ જો ઉત્તર દિશા તરફ હોય તો જ્ઞાનનો પ્રભાવ ઘણો જ ઊંડો પડે છે. પ્રયત્ન એવો હોવો જોઈએ કે મોં દક્ષિણ દિશા તરફ રહેવું ન જોઈએ. આ બધા જ વિશેષજ્ઞોનું તારણ એ પ્રમાણિત કરે છે કે વાસ્તુવિદ્યા ચિરપુરાતન હોવા છતાં પણ ચિરનવીન છે. શા માટે આપણે પણ આપણા ઘરોમાં વાસ્તુદેવના રૂપમાં ઈશ્વરીય ચેતનાની પ્રતિષ્ઠા કરીને સુખ-શાંતિ તથા સમૃદ્ધિ સાથેનું પરિપૂર્ણ જીવન ન જીવીએ !

---

*કેટલાંક પુસ્તકો ફક્ત ચાલી શકે એવાં હોય છે, બીજાં નજર નાખવા યોગ્ય અને કેટલાંક એવાં હોય છે જેમને ચાવી અને પચાવી શકાય.*

*પુસ્તકોનું સંકલન જ આજના યુગનું વાસ્તવિક વિદ્યાલય છે. પુસ્તકો મન માટે સાબુનું કામ કરે છે.*

*ગ્રંથ એ દીવાદાંડી રૂપ છે જે સમયના વિશાળ સાગરમાં ઊભા કરવામાં આવ્યા છે.*

*વિદ્યાર્થીનો બાલ્યકાળ સૌથી મહત્ત્વનો સમય છે. બાળકો સાથે સમજદાર બાળક બનીને માબાપ એમના પૂર જેટલી અસર પાડી શકે છે અને જેટલું શિક્ષણ આપી શકે છે તેટલું વૃદ્ધ બનીને નહીં. બાળકોને આલોચકો કરતાં નમૂનાઓની વધુ જરૂર છે. જિંદગીની એ ઉંમર બાળપણ જ છે જેમાં મનુષ્યને પ્રેમની સૌથી વધુ જરૂર હોય છે.*

*સમદૃષ્ટિ જ્ઞાનની કસોટી છે. નિષ્કામના સદ્‌ગુણની કસોટી છે. બ્રહ્મચર્ય નીતિની કસોટી છે. એકતા આત્મ સાક્ષાત્કારની કસોટી છે. તેથી નિસ્વાર્થ, નમ્ર તથા શુદ્ધ બનો. સમદૃષ્ટિનો વિકાસ કરો. અસીમની સાથે એક બની જાવ.*

*આપ ક્યાં સુધી દ્વૈત, અશાંતિ, અસંતોષ તથા અતૃપ્ત જીવન વીતાવવા માગો છો ? આપ ક્યાં સુધી અજ્ઞાનતા, કટુતા, ઘૃણા તથા ભેદનું જીવન વીતાવવા ઇચ્છો છો. આપ ક્યાં સુધી સ્વાર્થમય પ્રયાસો ચાલુ રાખવા ઇચ્છો છો ? આપ ક્યાં સુધી વિભિન્નતા તથા ભેદની લાલસા ચાલુ રાખવા ઇચ્છો છો ?*

*આપ શાંતિ સાક્ષાત્કાર કરી શકો છો. શરીર અને જગતને ભૂલી જાવ. આ શાંતિ રહસ્યમય છે. જો આપ પોતે શાંતિનો અનુભવ કરશો તો વિશ્વશાંતિમાં પણ પોતાનું યોગદાન આપી શકશો. શાંતિનું સામ્રાજ્ય વાણીતથા વિચારોથી પર છે.*

---

**કોઈ વ્યક્તિના કહેવાથી કે કોઈ વિપત્તિ આવવાથી, પોતાનો આત્મવિશ્વાસ ડગમગવા ન દો. કદાચ આપ આપની સંપત્તિ, પોતાનું સ્વાસ્થ્ય, પોતાનો યશ અને અન્ય લોકોનું સન્માન ગુમાવી દેશો, પરંતુ જ્યાં સુધી આપ પોતાની શ્રદ્ધા કાયમ રાખશો ત્યાં સુધી આપને માટે આશા છે. જો આત્મશ્રદ્ધા કાયમ રાખશો અને આગળ વધતા રહેશો તો વહેલા કે મોડા સંસાર આપને રસ્તો આપી દેશે.**

**પોતાના અંતઃકરણમાંથી ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ, મોહ, અહંકાર, શંકા, નિરાશા, અનાસ્થા અને તોડફોડની પ્રવૃત્તિઓને દૂર કરો. એમના સ્થાને નમ્રતા, સહનશીલતા,સાહસ, કર્મઠતા, આત્મસન્માન, આત્મવિશ્વાસ વિશ્વાસપાત્રતા, દયાળુતા, ઈમાનદારી, દૃઢનિશ્ચય,સત્યતા અને અહિંસા જેવા શ્રેષ્ઠ ગુણો અપનાવો**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગૌ-સંવર્ધન

# ગોમૂત્ર-ગોમયથી નિર્મિત દવાઓ

**૧. ગોમય દંતમંજન :**

**ઉપયોગ :** દાંતોમાં કીડા પડવા, દાંતોમાં પાણી કે ગરમ વસ્તુથી પીડા થવી, અવાળાં ફૂલી જવાં, મોઢાનું દર્દ, જીભમાં ફોલ્લા થવા, ગળામાં ખંજવાળ, ટોન્સિલ, મોંઢાની દુર્ગંધ, પાયોરિયા, પેઢામાંથી પરુ આવવું વગેરે માટે પૂર્ણ લાભકારી છે.

સવારે અને સૂતી વખતે મંજન કરવું જરૂરી છે. દંતરક્ષા અને મુખરોગથી રક્ષણ થશે.

**સામગ્રી :** ગાયના બળેલાં છાણાંનું ચૂર્ણ(બારીક) ૧ કિલો, સાદું કપૂર ૨૦ ગ્રામ, અજમાનું સત્ત્વ ૨૦ ગ્રામ, સાદું મીઠું (બારીક પાઉડર) ૧૬૦ ગ્રામ, સાદું પાણી ૧૬૦ મિ.લિ. (મીઠા જેટલું).

**બનાવવાની રીત :** છાણના કોલસા બનાવવા : છાણાંને સાફ જગ્યાએ કે કડાઈમાં મૂકી બાળી નાંખવાં. ધુમાડો નીકળતો બંધ થાય ત્યારે કોઈ સ્વચ્છ વાસણ વગેરેથી ઢાંકી દો, લગભગ અડધા કલાક પછી ખોલીને કાળો મજબૂત કોલસો કાઢી લેવો. બળેલી સફેદ રાખ ઉપયોગમાં લેવી નહીં. થોડા મંજન માટે નાની કડાઈનો ઉપયોગ કરવો જોઈએ. વધુ પ્રમાણમાં બનાવવું હોય તો જમીનમાં ખાડો ખોદીને ઈંટ સિમેન્ટથી પ્લાસ્ટર કરીને તેને પણ કોલસા બનાવવાના કામમાં લઈ શકાય છે. આ રીતે બનેલા કોલસાને ખલમાં બારીક પીસી ઝીણા સુતરાઉ કાપડમાં વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી લેવું.

ઉપર દર્શાવેલ માત્રા મુજબ કપૂર અને અજમાના સત્ત્વને એક શીશીમાં મિક્સ કરી એક કલાક મૂકી રાખવું. તે આપોઆપ પીગળીને ૪૦ મિ.લિ. કપૂરનું તેલ બની જશે. બાકી બચે તો થોડું હલાવીને બરાબર કરી લેવું. કપૂરના ૪૦ મિ.લિ. તેલને ઉપર્યુક્ત ૧ કિલો છાણના કોલસાના બારીક ચૂર્ણમાં નાખી દેવું. પછી સાદું મીઠું ૧૬૦ મિ.લિ. પાણીમાં ઓગાળી ગરમ કરીને મિક્સ કરી દેવું. હવે ત્રણે વસ્તુઓ (છાણના કોલસાનું ચૂર્ણ, કપૂર તેલ અને મીઠાનું પાણી)ને કોઈ સ્વચ્છ વાસણ કે કડાઈમાં નાખી હાથથી મિક્સ કરી અડધો કલાક ખલમાં પીસવું એને સ્વચ્છ શીશીઓમાં ભરી લેવું, એને સુકાવા દેવું નહીં, ભીનાશ હોય ત્યારે જ ભરી લેવું.

**૨. ગોમય તેલ (આંખના રોગો માટે) :**

**ઉપયોગ :** આંખોની લાલાશ, બળતરા, આંખોને કારણે થતો માથાનો દુખાવો, તણાવ, કાચો મોતિયો, રાત્રે ઓછું દુખાવું, જાળાં, આંખોમાં ખૂજલી આવવી, આંખોમાં પાણી આવવું વગેરે રોગોમાં લાભકારી છે. મોતિયો કાચો હોય તો નીકળી જાય છે.

વાંચવું-લખવું કે આંખથી વધુ કામ લેનારાઓએ રાત્રે સૂતી વખતે નિત્ય એક ટીપું નાંખવાથી નેત્રજ્યોતિ સુરક્ષિત રહે છે. ઓછી ઉંમરે આવેલ ચશ્માં અને તેના નંબર ઊતરી જાય છે.

દરરોજ ઉપયોગ કરતા રહેવાથી નેત્રની રક્ષા થાય છે. આયુર્વેદના 'ભૈષજય રત્નાવલી' ગ્રંથનો નેત્રરોગાધિકારનો પરીક્ષિત યોગ છે. ડ્રોપર વડે એક એક ટીપું આંખમાં નાંખવું.

**સામગ્રી :** છાણનો રસ ૧૦૦ મિ.લિ., તલનું તેલ ૧૦૦ મિ.લિ.

બનાવવાની રીત : છાણનો રસ કાઢવાની રીતઃ દેશી ગાયોનું ભીનું છાણ એક જ ઢગલામાં એકઠું કરવું. એક સુતરાઉ ખાદીનું કપડું (લગભગ ૨ ફૂટ) એ છાણના ઢગલામાં ફેલાવી દેવું.

છ કલાક બાદ એ કપડાને કાઢી સ્વચ્છ સ્ટીલના વાસણમાં તેને નિચોવી લેવું. રસ ઓછો હોય તો ફરીથી એ જ કપડાને એ જ ઢગલામાં ફરીથી ફેલાવી દેવું જેથી રસ એની અંદર શોષાઈ જાય. છ કલાક બાદ ફરી તેને નિચોવી લેવું.

છાણનો રસ અને તલનું તેલ બન્ને સ્ટીલના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાસણમાં કે એલ્યુમિનિયમની કડાઈમાં ભેળવી ધીમા તાપે પકાવવું. જ્યારે છાણનો રસ બળી જાય અને ફક્ત તેલ બચી જાય ત્યારે સ્વચ્છ કપડાથી ગાળી લેવું, ત્યારબાદ શીશીઓમાં ભરવું.

**૩. પંચગવ્ય ધૃત :**

ઉપયોગ : અપસ્માર, મગજની કમજોરી, પાગલપણું, પાંડુરોગ, ભયંકર કમળો, મસા, વિષમજ્વર, બુદ્ધિમંદતા, ઓછી સ્મરણશક્તિ વગેરે રોગોમાં લાભકારી સિદ્ધ થાય છે. સવારે ૧૦ મિ.લિ. અને સાંજે ૧૦ મિ.લિ. ગાયના દૂધ કે પાણી સાથે લેવું.

સામગ્રી : ગોધૃત ૧૦૦ મિ.લિ., ગોમય રસ ૧૦૦ મિ.લિ., ગોદૂધ - ૧૦૦ મિ.લિ., ગાયનું દહીં ૧૦૦ મિ.લિ. અને ગોમૂત્ર ૧૦૦ મિ.લિ.

બનાવવાની રીત : બધી સામગ્રી કડાઈમાં નાંખી અગ્નિ પર ધીમા તાપે ઘી શેષ રહે ત્યાં સુધી પકાવવું. ઠંડું પાડી ગાળી લેવું.

**૪. ગોમૂત્ર હરડે ચૂર્ણ :**

ઉપયોગ : એસિડિટી, ગૅસ, અપચો, પેટનું દર્દ, પાચનશક્તિ વધારનાર, કબજિયાત અને અમ્લપિત્તનાશક.

સામગ્રી : નાની હરડે ૧ કિલો, ઊંચી જાતનો અજમો ૨ કિલો, કાળાં મરી ૨૫૦ ગ્રામ, જવખાર ૬૦ ગ્રામ, ઊંચી જાતની હીંગ ૬૦ ગ્રામ, (હીંગ જેટલી સારી હશે તેટલું જ પરિણામ સારું આવશે), દિવેલ ૧૦૦ ગ્રામ, ગાયનું ઘી ૪૦ ગ્રામ, સંચળ ૪૦ ગ્રામ, સિંધવ નમક ૬૦૦ ગ્રામ, ગોમૂત્ર જરૂરિયાત મુજબ.

**બનાવવાની રીત :** પહેલાં નાની હરડે (હરીતિકા) ૧ કિલો પાંચ દિવસ સુધી કોઈ લોખંડના વાસણમાં કે સ્ટીલના વાસણમાં ગોમૂત્રમાં પલાળી રાખો. દરરોજ ગોમૂત્ર બદલી નવું ગોમૂત્ર નાંખવું. છઠ્ઠા દિવસે ૧૦૦ ગ્રામ દિવેલ(કેસ્ટર ઑઈલ) કડાઈમાં લઈ ગોમૂત્રમાંથી કાઢેલી હરડે ધીમા તાપે શેકવી. શેકાઈ જાય અને ગોમૂત્રની ભીનાશ નીકળી જાય ત્યારે ઉતારી લેવું. હરડે શેકાયા બાદ સુકાઈ જશે, ભીનાશ રહેશે નહિ અને ફૂલી જશે.

૪૦ ગ્રામ ગાયના ઘીમાં ૬૦ ગ્રામ હીંગ ધીમા તાપે શેકી લેવી. ઓછામાં ઓછી આંચ રાખવી. હવે શેકેલી ૧ કિલો હરડે, ૨ કિલો અજમો અને શેકેલી ૬૦ ગ્રામ હીંગ તથા ઉપર મુજબની બધી સામગ્રી મિક્સ કરી મશીન કે હાથથી બારીક ચૂર્ણ પીસીને ઝીણામાં ઝીણી ચાળણી (કોઈ કાપડથી નહીં)થી ચાળી લેવું. કપડામાં દવાનું તેલ રહી જાય છે તેથી ચાળણીથી જ ચાળવું. ઝીણી ચાળણીથી ચાળી લીધા પછી ખલમાં થોડું થોડું લઈ ખૂબ પીસવું, ઝીણામાં ઝીણું રગડવાથી જ ગુણકારી બનશે. જેટલું ઝીણું હશે તેટલો જ શીઘ્ર લાભ થશે.

**૫. ગોમૂત્રાસવ :**

ઉપયોગ : વિશેષરૂપે દમ, વાત, શ્વાસ, અસ્થમા, ખાંસી અને કફના ઉપયોગમાં લેવાય છે. બધા ગુણ ગોમૂત્ર સમાન છે. આ ક્રિયા તેના ગુણોને સ્થાયી કરવાના હેતુથી કરવામાં આવી છે. શીઘ્ર લાભ થાય છે. ગોમૂત્રાસવનો ઉપયોગ બધી રીતે ગોમૂત્રની જેમ જ કરવો જોઈએ, ફક્ત માત્રા ઓછી થઈ જાય છે. આ ચિરસ્થાયી રહે છે. જૂનું થાય તો વધુ ગુણકારી બને છે. સવાર સાંજ ૨૫ મિ.લિ. (બે ચમચા) ભોજન બાદ પાણી સાથે લેવું જોઈએ.

**સામગ્રી :** ગોમૂત્ર ૧૦ કિલો, જૂનો ગોળ ૨ કિલો.

બનાવવાની રીત : કોઈ વાસણમાં ગોમૂત્રને ઉકાળી લો. જેથી એમાંથી એમોનિયા ગૅસ નીકળી જાય. આનાથી તેની ગંધ નાશ પામશે. એને ગાળી લો. ગોળને ધીમી આંચે ઓગાળો અને ગોમૂત્રને પીગળેલા ગોળ સાથે ફરી ગરમ કરો. એકવાર ફરી ગોળ સહિત તેને ગાળી લો. તેને લગભગ પંદર દિવસ સુધી મૂકી રાખો. પછી હલાવ્યા વિના ઉપરથી આ આસવ નિતારી લો જેથી તેનો ઘટ્ટ ભાગ યૂરિયા નીચે રહી જાય અને ગોમૂત્રાસવ પાતળું અને પારદર્શક બને.

**૬. ગોમૂત્ર અર્ક :**

ઉપયોગ : આ દવા અનેક રોગોમાં ગુણકારી છે. મુખ્યત્વે એનો ઉપયોગ લોહીમાં વધેલું કોલેસ્ટેરોલ ઓછું કરવા અને વજન ઓછું કરવામાં થાય છે. બાળકોની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખાંસી તેમજ બધા પ્રકારના રોગોમાં સરળતાથી આપી શકાય છે. સુકુમાર મહિલાઓ માટે વધારે અનુકૂળ છે. આ અર્કના ગુણ ગોમૂત્રાસવના સમસ્ત ગુણો જેવા તો નથી, કેમ કે ક્ષાર નળીમાં રહી જાય છે અને ઘણાં તત્ત્વો અગ્નિના સંપર્કમાં ઊડી જાય છે. ભોજન બાદ ૧૨ મિલિલિટર થોડું મધ મેળવીને સવાર સાંજ બે વાર લેવું.

**સામગ્રી :** ગોમૂત્ર જરૂર મુજબ, કેસર જરૂર મુજબ.

બનાવવાની રીત : કોઈ એવા પાત્રમાં (માટી કે લોખંડનું) ગોમૂત્ર ઉકાળવાની વ્યવસ્થા કરો કે જેનું મોઢું બંધ હોય તથા તેની વરાળ નીકળીને એક નળી દ્વારા બહાર જઈ શકે. આ નળીના મુખ પર થોડા કેસરની પોટલી બાંધી દેવામાં આવે છે. જે વરાળ નીકળે છે તેને એક સ્વચ્છ પાત્રમાં જમા કરાય છે જેની નીચે ઠંડું પાણી રાખવામાં આવે છે જેથી વરાળ ભેગી થતી રહે. એ ઠંડા પાણીના વાસણને હંમેશાં સંભાળતા રહેવું જોઈએ કે જેથી તેનું પાણી ગરમ ન થઈ જાય. આ ડિસ્ટીલેશનમાં જે નળી વાપરવામાં આવે તે સફેદ રંગના પ્લાસ્ટિકની હોય તો ઉત્તમ છે જેથી તેની વરાળ દેખાતી રહે. જો ધુમાડો જતો દેખાય તો તરત આંચ ઓછી કરી દેવી જોઈએ.

**૭. ગોમૂત્ર ઘનવટી :**

ઉપયોગ : આ દવા અનેક રોગોમાં ગુણકારી છે. સવાર સાંજ ખાલી પેટે બે-બે ગોળી ગરમ પાણી સાથે લેવી. રાખ કે પાઉડર ખાવાના નથી, ફક્ત એ ગોળી સંરક્ષક છે.

**સામગ્રી :** ગોમૂત્ર જરૂર મુજબ, વટીને મોસમનો ભેજ કે ગરમીથી બચાવવા માટે ગોમય રાખ(પાઉડર) જરૂર મુજબ અથવા નાની હરડેનું ચૂર્ણ.

બનાવવાની રીત : ગોમૂત્રને કડાઈમાં મૂકી ઉકાળવું. અંતે તેનો ઘટ્ટ ભાગ રહી જાય ત્યારે ઉતારી લેવું. એક કિલો ગોમૂત્રમાંથી ૫૦ ગ્રામ ઘન પ્રાપ્ત થાય છે. (પ્રમાણ ૨૦ : ૧) તેને ઉખાડી અને કૂટીને ચણાના દાણા જેવડી ગોળીઓ બનાવી લેવામાં આવે. આ ગોળીઓ ચીકાશયુક્ત ન હોવી જોઈએ. એ માટે પહેલેથી જ સારા છાણની રાખ બન'વી તેને ઝીણા કપડાથી છાણી લેવી તથા આ રાખનો રંગ બદલવા માટે શુદ્ધ ગેરુ (અનુપાત ૧૦૦ : ૧) પીસીને મિક્સ કરી લેવો જોઈએ જેથી થોડો રંગ સુધરી જાય. તેને ફરીથી ઝીણા કપડાથી ગાળી લેવું જોઈએ.

આ ગોળીઓને આ ગાળેલી રાખના પાઉડરમાં જ રાખવી જોઈએ. આ પાઉડર આ ગોળીઓનો ભેજશોષક છે, જેથી મોસમની ગરમી કે ભેજ બન્નેનો પ્રભાવ પડતો નથી. આ ગોળીઓ તડકામાં પણ પીગળી જાય છે. તેથી ભેજ અને ગરમી બન્નેથી બચાવવા માટે છાણાની રાખમાં જ રાખવી યોગ્ય છે. ગોળીઓને પ્લાસ્ટિકની શીશીમાં બંધ રાખવી જોઈએ. જેટલી માત્રા પેક કરવી હોય તેટલી જ શીશીમાં સુરક્ષિત રાખવી. જ્યારે ગોળીઓ ખતમ થઈ જાય ત્યારે આ પાઉડર ફેંકી દેવો. બીજો ઉપાય એ છે કે ઘનસત્ત્વને પીસીને ચોથો ભાગ નાની હરડેનું ચૂર્ણ ભેળવીને ગોળીઓ બનાવવી. દસ ગ્રામ ગોમૂત્ર સત્ત્વ (ઘન)માંથી એક ગોળી બને છે. આ રીતે એક કિલો ગોમૂત્રમાંથી સો ગોળીઓ બનશે.

**૮. પંચગવ્ય :**

ઉપયોગ : ગોમૂત્ર, છાણનો રસ, દૂધ, દહીં અને ઘીનું એક ચોક્કસ પ્રમાણનું મિશ્રણ પંચગવ્ય કહેવાય છે. પંચગવ્યના સેવનથી દેહના જ નહીં મન તથા બુદ્ધિના વિકાર પણ દૂર થાય છે. આયુષ્ય, બળ, તેજ વગેરેમાં વધારો થાય છે. પંચગવ્ય મનુષ્યના શરીર, મન અને બુદ્ધિને સાત્ત્વિક બનાવે છે. સાત્ત્વિક મન અને બુદ્ધિથી જ સચ્ચિદાનંદ પરમાત્માની અનુભૂતિ કરી શકાય છે.

**બનાવવાની રીત :** ધર્મશાસ્ત્ર રૂપે પ્રસિદ્ધ ગ્રંથ ''ધર્મસિંધુ'' અનુસાર પંચગવ્યની મિશ્રણ વિધિ આ પ્રમાણે છે. આ વિધિમાં દ્રવ્ય અને પ્રમાણ આપ્યાં છે. ગોમૂત્ર ૮ માસા, ગોમય રસ ૧ માસા, દૂધ ૧ માસા, દહીં ૧૦ માસા, ઘી ૮ માસા અને કુશોદક ૪ માસા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

''બોધાયન સ્મૃતિ''માં આ પાંચેય દ્રવ્યોના સંમિશ્રણની વિધિ આ રીતે છે :

ગોઘૃત ૧ ભાગ, ગોમૂત્ર ૧ ભાગ, કુશોદક ૧ ભાગ, દહીં ૨ ભાગ, ગો દૂધ ૩ ભાગ, ગોમય (રસ) ૧/૨ ભાગ.

ગાયત્રી મંત્ર દ્વારા ગોમૂત્રને, ગંધ દ્વારા મંત્રથી ગોદુગ્ધને, દધિક્રાવ્ણો મંત્ર દ્વારા ગાયના દહીંને, શુક્રમસિ તથા જ્યોતિરસિ મંત્રો દ્વારા ગોઘૃતને તથા દેવસ્ય ત્વા મંત્ર દ્વારા કુશોદકને અભિમંત્રિત કરીને પંચગવ્યમાં ભેળવવું જોઈએ. આનાથી વધી જાય છે.

**વિશેષ ધ્યાન આપવાલાયક બે વાતો -**

(૧) ઉપર્યુક્ત દ્રવ્યો, દેશી જાતની તંદુરસ્ત ગાયનાં હોવાં જોઈએ.

(૨) છાણને એમ જ મિશ્રણમાં નહીં નાખવું જોઈએ બલકે તેનો રસ ઉપયોગમાં લેવો જોઈએ (તાજા છાણમાં સુતરાઉ કપડું અંદર દબાવીને કાઢી તેને નિચોવવાથી છાણનો રસ પ્રાપ્ત થાય છે)

**૯. અન્ય ઉત્પાદનો :**

ગોમૂત્ર અને ગોમય આધારિત વિભિન્ન ઉત્પાદનોના સંશોધન, ઉત્પાદન તથા વેચાણના સંબંધમાં સુવર્ણપદક પ્રાપ્ત રાજવૈદ્ય રેવાશંકર ''આયુર્વેદાચાર્ય'', કામધેનુ ચિકિત્સક (રટલાઈ, ઝાલાવાડ, રાજસ્થાન) દ્વારા તથા આદર્શ ગો સેવા કેન્દ્ર અને સંશોધન કેન્દ્ર, માધવનગર, મહેસપુરા ફાટા (નાસિક રોડ) આકોલા(મહારાષ્ટ્ર) દ્વારા ઘણું કાર્ય કરવામાં આવ્યું છે. તેમના દ્વારા નીચે મુજબનાં ઉત્પાદનો પણ તૈયાર કરવામાં આવી રહ્યાં છે :

**૧. બાલપાલ રસ** - બાળકનો અપચો, આફરો, પેટના કૃમિ, દૂધ બહાર કાઢવું, ઊલટી, શારીરિક વિકાસ રુંધાઈ જવો, દાંત આવતી વખતની તકલીફ, માનસિક દુર્બળતા, અવિકસિત મગજ (૧૦ વર્ષ સુધીનાં બાળકો માટે).

**૨. નારી સંજીવની** - સ્ત્રીઓમાં માસિક ધર્મની અનિયમિતતા, શ્વેત પ્રદર, માથાનો દુખાવો, કમર અને પેટનો દુખાવો, વગેરે.

**૩. પ્રમેહારિ** - સ્વપ્નદોષ, ધાતુનું પાતળાપણું, શીઘ્રપતન, સુસ્તી-આળસ, માથાનો દુઃખાવો, સ્મરણશક્તિની કમી વગેરે.

**૪. ગૌતકાસવ (મઠો)** - મસા, અપચો, આફરો, કબજિયાત, ભૂખ ન લાગવી, બધા પ્રકારના પેટના રોગોમાં લાભદાયક, સ્વાદિષ્ટ પાચક પેય છે.

**૫. શ્વિત્રનાશક (ખાવા માટે)** - સફેદ ડાઘ, રોગની સ્થિતિ મુજબ ત્રણ કે છ માસમાં શરીર કંચન કાયા બનાવે છે.

**૬. શ્વિત્રનાશક (લગાવવા માટે)** - સફેદ ડાઘ.

**૭. ગોપાલ નસ્ય** - અપસ્માર (મિરગી), મગજના કૃમિ(કીડા), નાકનું પીનસ, હિસ્ટીરિયા, બેહોશી, નાકનું સાયનસ વગેરે.

**૮. ગોમય અંગરાગ (પાઉડર)** - આના પ્રયોગથી મોઢા પરનાં કાળાં ચકામાં અને ડાઘા દૂર થાય છે, ચહેરા પર કાંતિ આવે છે.

**૯. ગોમૂત્ર ઈયળનાશક (સ્પ્રે)** - પાકમાં થતી ઈયળ (મારવા) લાંબા કીડા મારવા માટે.

---

**વિદ્યાર્થીનો બાલ્યકાળ સૌથી મહત્ત્વનો સમય છે. બાળકો સાથે સમજદાર બાળક બનીને માબાપ એમના પર જેટલી અસર પાડી શકે છે અને જેટલું શિક્ષણ આપી શકે છે તેટલું વૃદ્ધ બનીને નહીં. બાળકોને આલોચકો કરતાં નમૂનાઓની વધુ જરૂર છે. જિંદગીની એ ઉંમર બાળપણ જ છે જેમાં મનુષ્યને પ્રેમની સૌથી વધુ જરૂર હોય છે.**

**કેટલાક જન્મથી જ મહાન હોય છે, કેટલાક મહાનતા પ્રાપ્ત કરે છે અને કેટલાક લોકો પર મહાનતા લાદવામાં આવે છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગીતા પ્રવચન

# કર્તવ્યમાર્ગ પર અડગ રહીએ

**જ્ઞાનનું આવરણ**

**મ**હાભારતના વિરાટ સંગ્રામમાં બન્ને સેનાઓ વચ્ચે અર્જુનનો રથ ઊભો છે.અર્જુન બહાનાબાજી કરી રહ્યો છે. એ પોતાના કર્તવ્યથી બચવા માટે જાતજાતના તર્ક આપી રહ્યો છે. અમે અને આપ પણ કર્તવ્યથી બચવા માટે બહાનાં બનાવતા રહીએ છીએ, તર્ક આપતા રહીએ છીએ. આ મન એટલું ધૂર્ત છે કે કોઈપણ રીતે કર્તવ્યથી બચવા ઇચ્છે છે. ગીતા કહે છે કે તમે પોતાના જીવનને ઉત્કૃષ્ટ બનાવો. જીવનને બધી રીતે સ્વસ્થ રાખવું જોઈએ. આપણે જ્ઞાનવાન બનવું જોઈએ. એ માટે નિયમિત સ્વાધ્યાય કરવો જોઈએ. આપણી પાસે ધન હોય તો તેનો ઉપયોગ લોકમંગલ માટે કરવો જોઈએ. આપણું જીવન 'સત્યં શિવં સુંદરમ્' હોવું જોઈએ. આપણે પોતાના કર્તવ્યથી બચવા માટે દરેક વાત બીજા પર થોપવા ઇચ્છીએ છીએ. જ્યાં સુધી સદ્‌વિચારોને વ્યવહારમાં અને આચરણમાં નહીં લાવો ત્યાં સુધી સંસ્કારવાન નહીં બનો. સાંભળવા કે વાંચવા માત્રથી કામ નહિ ચાલે, એને આચરણમાં ઉતારશો ત્યારે જ સંસ્કારવાન બનશો. ગધેડા પર પુસ્તક મૂકી દેવામાં આવે તો શું એ પંડિત બની જશે? મનુષ્ય ગમે તેટલું ભણી લે, પરંતુ તેને કાર્યરૂપમાં ફેરવ્યા વિના, જીવનમાં ઢાળ્યા વિના જીવન સુસંસ્કૃત બનાવી શકાશે નહિ. ઉત્કૃષ્ટ જીવન જીવ્યા નહીં તો આટલું ભણવું બેકાર છે.

**આંતરિક મહાભારતનો અવાજ સાંભળો**

અર્જુન ભગવાનની પૂજા કરે છે. ધૂપ, દીપ, નૈવેદ્ય ચઢાવે છે, પરંતુ ભગવાનનું કહેવું માની રહ્યો નથી. કર્તવ્ય કરવા ઇચ્છતો નથી અને ભગવાનને કહે છે કે એની વાત કરશો નહીં. મનુષ્ય અને ભગવાન વચ્ચે આ જ દીવાલ છે. ગીતાનું પ્રવચન આ વિષય પર જ ચાલી રહ્યું છે. ભગવાન કહે છે કે અર્જુન, તું તારા પોતાના કર્તવ્યને પૂરું કર જેથી સામાજિક વ્યવસ્થા કાયમ રહી શકે. ગીતામાં અઢાર અધ્યાય છે. મહાભારતના યુદ્ધમાં અઢાર અક્ષૌહિણી સેના છે, અઢાર દિવસ મહાભારત ચાલ્યું, પરંતુ આપણી અંદર તો સતત મહાભારત ચાલતું રહે છે. દુષ્પ્રવૃત્તિઓ અને સત્પ્રવૃત્તિઓનું યુદ્ધ ચાલતું રહે છે. આત્મા ભગવાનના રૂપમાં સદા કર્તવ્યનો ઉપદેશ આપે છે. વિષમતાઓ જીવનની ઉન્નતિને રોકે છે. આ સમયે સંસારમાં મનુષ્યજીવનની અનેક સમસ્યાઓ છે. આ સમસ્યાઓથી સંસાર છિન્નભિન્ન થઈ રહ્યો છે. બધાના વિચારો બદલવા પડશે. વિચારો નહિ બદલાય તો માથાં બદલવાં પડશે. મહાભારતનું યુદ્ધ થવું જરૂરી છે. આજે જાતિ, લિંગ, ભાષા અને સંપ્રદાયના નામે ભેદ કરવામાં આવે છે. આપ સૌ એક જાતિ મનુષ્યજાતિના છો, પછી ભેદ કઈ વાતનો છે ? નર અને નારી બધાના સમાન અધિકાર હોવા જોઈએ. શરીરની બનાવટમાં થોડો ફરક હોઈ શકે છે. એ બધી વાતો નકામી છે કે અમે આ કુળમાં જન્મ લીધો છે એ કારણે અમે મોટા છીએ. મનુષ્ય કોઈ વિશેષ કુળમાં જન્મ લેવાથી મોટો બની જતો નથી. મનુષ્ય મહાન બને છે વિદ્યા, દાન, સેવા અને ચરિત્રથી. જાતિના આધારે કોઈ નાનો મોટો થતો નથી. ભગવાન પરશુરામની વાત જ્યારે લોકોએ માની નહીં તો એમણે માથાં બદલી નાખ્યાં. જ્યારે લોકો વિચારોથી માનતા નથી ત્યારે માથાં જ બદલવાં પડે છે. તેથી દ્વાપરયુગમાં ભગવાને મહાભારતનું યુદ્ધ કરાવવું પડ્યું. આનાથી થોડા લોકોને કષ્ટ થશે તો પણ આખા સમાજનું તો ભલું થશે જ. ભગવાન જાણતા હતા કે યુદ્ધમાં સ્ત્રીઓ વિધવા થઈ જશે અને બાળકો અનાથ બની જશે. જ્યારે સમજાવટથી કામ ન થયું ત્યારે શસ્ત્ર ઉઠાવવું જ પડ્યું કેમ કે એમાં જ સમાજનું, રાષ્ટ્રનું હિત હતું. શરીર તો સૌનાં એકસરખાં હોય છે, પરંતુ ગુણ, કર્મ અને સ્વભાવથી નાના-મોટા માનવામાં આવે છે. ભગવાને વિચાર્યું એક આંગળી કાપવાથી શરીરનું રક્ષણ થઈ જાય છે તો આંગળી કાપી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નાખવી જોઈએ. થોડા માણસો મરી જવાથી સમાજ તો બચી જ જશે. આ કારણથી જ ભગવાને મહાભારતનું યુદ્ધ કરાવવું પડ્યું.

**સબસે ઊંચી પ્રેમસગાઈ**

ભગવાન કહે છે કે મારો જીવની સાથે એક જ સંબંધ છે – ભક્તિનો અને પ્રેમનો. જેમના જીવનમાં પ્રેમ છે, ભક્તિ છે, આદર્શ છે એમની સાથે જ હું પ્રેમ કરું છું. એમની સાથે જ હું સંબંધ રાખું છું. ઉત્કૃષ્ટ જીવન જીવનારને હું ભક્ત કહું છું. મંજીરા વગાડવાથી અને કીર્તન કરવાથી ભક્તિ થતી નથી. આ ધમાલ મચાવનારાઓ મારા અનુયાયી નથી. સત્ય સાથે પ્રેમ ભક્ત છે.

જેની સાથે પ્રેમ હોય છે તેને માટે ત્યાગ કરવામાં આવે છે. આપ આપનાં બાળકોને પ્રેમ કરો છે. સાચો પ્રેમ છે તેથી આપ સૂકા રોટલા ખાઈ લેશો, સસ્તાં કપડાં પહેરી લેશો પરંતુ બાળકો માટે સારું ભોજન અને સારાં કપડાંની વ્યવસ્થા કરો છો. આવો જ પ્રેમ ભગવાન સાથે કરવો જોઈએ. ત્યાગીને જ પ્રેમી કહે છે. આજે તો ધૂર્તતાના વાતાવરણથી સંપૂર્ણ સમાજ બગડી રહ્યો છે. મારો સંબંધ તો ફક્ત એમની સાથે છે, જેઓ સિદ્ધાંતોને પ્રેમ કરે છે. જે રીતે વરસાદ વગરનાં વાદળાં હોય છે, તેવી જ રીતે પ્રેમ વિનાના ભક્તો પણ હોય છે, પરંતુ એમને મારી કૃપા મળતી નથી. ભગવાન નાતજાત પૂછતા નથી. આ તથ્ય લઈને જ આધ્યાત્મિકતા ચાલી રહી છે. 'હરિકો ભજે સો હરિ કા હોઈ'. સંસારમાં પોતપોતાની યોગ્યતા અનુસાર કામ વહેંચવામાં આવ્યાં છે. ભગવાને તો કર્મના આધાર પર ચાર જાતિઓ બનાવી છે, પરંતુ લોકોએ જવાબદારીઓ ખંખેરી નાંખી. કલેક્ટરનો દીકરો જો અભણ હોય તો કલક્ટર થઈ શકતો નથી. કલેક્ટરનો દીકરો કલેક્ટરની પદવી લખી શકતો નથી. પછી પંડિતનો દીકરો પંડિતનું સંતાન હોવાથી જ પંડિત કેવી રીતે કહેવાય ? એ માટે યોગ્યતા મેળવવી પડશે. આજે તો લોકો પદવી વારસામાં ચલાવી રહ્યા છે. મનુષ્યને પાપપુણ્યના આધારે ઉચ્ચ કે નીચ માનવામાં આવે છે. જાતિને કારણે કોઈ ઉચ્ચ કે નીચ હોતો નથી. એ અનૈતિક છે કે કોઈ શુદ્ર અડકી જશે તો ખરાબ થશે. ભગવાન રામ ભીલડી એવી શબરીના ઘેર બેઠા છે. શબરી એવી નારી હતી જેને એક ઋષિએ કહ્યું હતું કે અહીંથી જતી રહે, મોઢું દેખાડીશ નહીં, તું ભીલડી છે. એ શબરીની સેવાભાવના ખૂબ પ્રશંસનીય હતી. એણે સેવાનો એક માર્ગ શોધી કાઢ્યો. ઋષિમુનિઓ પ્રાતઃકાળે નદી પર નાહવા જતા હતા એ રસ્તામાં કાંટા વિખરાયેલા રહેતા હતા. એ ભીલડી દરરોજ રાત્રે રસ્તો વાળીને સાફ કરતી રહી. ભગવાન તેની ભાવના જોઈને પ્રસન્ન થઈ ગયા. રામેશ્વરનાં દર્શન કરવા જઈએ છીએ, કહેવાય છે કે પરલોક મળી જશે, પરંતુ ભગવાન સ્વયં ચાલીને શ્રમ કરનાર અને સેવા કરનાર શબરીના ઘરમાં આવ્યા અને કહ્યું - 'હું ભૂખ્યો છું'. ભગવાન લાડુ, પેંડા અને મીઠાઈ ખાવાના ભૂખ્યા નથી, ભગવાન તો ભાવનાના ભૂખ્યા છે. ભગવાનને શબરીની ભાવનાને કારણે તેના ઘરમાં આવવું પડ્યું. શબરી ભગવાનને ચાખી-ચાખીને બોર ખવડાવતી રહી, તેને ધ્યાન જ ન રહ્યું કે એનાથી બોર એંઠાં થઈ રહ્યાં છે, તેમ છતાં એમણે ખૂબ પ્રેમથી બોર ખાધાં. જો આપની અંદર ભાવના, પ્રેમ, શ્રમ અને શ્રદ્ધા હોય તો ભગવાન આપનો ભોગ પણ ખાશે. ભગવાનનો સ્વભાવ કમળના ફૂલ જેવો છે. આપણું મન છાણ જેવું છે. છાણમાં કીડા વસે છે. ભમરાને છાણ પર બોલાવો તો નહીં આવે. નિષાદ અને કેવટ શુદ્ર જાતિના હતા, પરંતુ ભગવાને બન્નેને હૃદયે લગાડ્યા. જટાયુ ગીધ હતો, જાંબુવંત રીંછ હતો, સુગ્રીવ વાનર હતો. પરંતુ ભગવાને એમને ભાઈ જેવો, પ્રેમ આપ્યો. ભગવાને ક્યારેય જાતિભેદ કર્યો નથી.

**સાચો બ્રાહ્મણ**

જાબાલિના પુત્ર સત્યકામને એમના ગુરુએ જ્યારે પિતાનું નામ પૂછ્યું ત્યારે એમણે કહ્યું- મેં મારા પિતાને જોયા નથી. એ માતા પાસે પિતાનું નામ પૂછવા ગયો ત્યારે માતાએ પણ પિતાનું નામ બતાવ્યું નહીં. માએ કહ્યું - મને પણ તારા પિતાનું નામ ખબર નથી બેટા ! મારે કેટલાંય ઘરોમાં સેવા માટે જવું પડતું હતું. સત્યકામે ગુરુ પાસે આવીને બતાવ્યું કે મારી માતાને પિતાના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નામની ખબર નથી. ગુરુએ સત્યકામને હૃદયે લગાડીને કહ્યું- જે આવા કલંકને પણ સૌની સામે કહેવાનું સાહસ કરી શકે એ બ્રાહ્મણ જ છે. આવ બેટા ! દાખલ થઈ જા.

**જાતિ નહીં પ્રતિભા મહાન છે**

મહારાજ શાંતનુએ નાવિકની કન્યા સાથે લગ્ન કર્યું હતું. એ કન્યામાં રાણી બનવાના બધા ગુણો હતા તેથી એની સાથે લગ્ન કર્યું હતું. કર્ણને સૂતપુત્ર કહેતા હતા. તેની જાતિનો પત્તો ન હતો, પરંતુ તેને રાજા બનાવવામાં આવ્યો, એ તેના પૌરુષનું અને તેના ગુણોનું જ સન્માન હતું. કર્ણએ તો એક દિવસ ઉચ્ચ સ્વરે કહ્યું હતું કે, ''જે કુળમાં મારો જન્મ થયો એ મારા હાથમાં નહોતું, પરંતુ પુરુષાર્થ તો મારા હાથમાં છે. પછી હું પુરુષાર્થ કેમ ન કરું ? હું જન્મથી સૂતપુત્ર છું તો શું થયું ? કર્મથી તો ક્ષત્રિય બની ગયો છું.''

**પરમાત્મા સમદર્શી છે**

રામકૃષ્ણ પરમહંસના ધર્મપત્ની શારદામણિ દક્ષિણેશ્વર મંદિરમાં મા કાલીનો શૃંગાર કરતાં હતાં. એક દિવસ એક વેશ્યા આવી અને કહ્યું- હું પણ વસ્ત્ર પહેરાવવામાં મદદ કરું. મા શારદામણિએ તેના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને બન્નેએ મળીને શૃંગાર કર્યો. બીજા લોકો કહેવા લાગ્યા, આ તો શુદ્ર છે, મા શારદામણિએ કહ્યું- ગંગામાં સ્નાન કરવાથી તો બધા પવિત્ર થઈ જાય છે. મા તો ગંગાથી પણ મહાન છે. એની પાસે આવવાથી કોઈ અપવિત્ર રહી શકે છે ? મા શારદામણિના આ સમદર્શી આદર્શથી આપણે સૌએ પ્રેરણા લેવી જોઈએ.

**ચાંડાળે સમજાવ્યો અદ્વૈતવાદ**

જગદ્ગુરુ શંકરાચાર્ય એકવાર બનારસમાં ગંગાસ્નાન કરીને પાછા વળી રહ્યા હતા. રસ્તામાં એક ચાંડાળ તેના કૂતરાને સાથે લઈને આવી રહ્યો હતો. શંકરાચાર્યજી પવિત્રતાના ચક્કરમાં પડી ગયા. એમણે વિચાર્યું ક્યાંક મારા પર ચાંડાળની છાયા ન પડી જાય. ચાંડાળ રસ્તામાંથી હટ્યો નહીં તો શંકરાચાર્ય નારાજ થઈને બોલ્યા - ''તને દેખાતું નથી, હું સ્નાન કરીને આવી રહ્યો છું. અરે ! હટ, રસ્તો છોડ.'' ''ચાંડાળ કહેવા લાગ્યો''- આપ અદ્વૈત મતના આચાર્ય છો. આપના મતાનુસાર ભેદનું ક્યાંય અસ્તિત્વ જ નથી તો મને બતાવો કે આપનામાં અને મારામાં શું ભેદ છે, જેથી મારા કારણે આપ અપવિત્ર થઈ જશો.'' ચાંડાળે કહ્યું કે ''આપે દૂર હટી જવા માટે કહ્યું, બતાવો કે દૂર કોણ હટે ? જો મને દૂર હટી જવા માટે કહ્યું તો 'હું' આ શરીર નથી. શરીરથી પણ જે પર છે એ હું છું. અને મારું એ અસ્તિત્વ સર્વવ્યાપી છે. બધી જગ્યાએ છવાયેલું છે. આપની આસપાસ પણ એ જ લપટાયેલું છે.'' કોણ પાછો હટે ? ચાંડાળની આવી જ્ઞાનભરેલી વાતો સાંભળીને શંકરાચાર્યને સત્યની અનુભૂતિ થઈ અને એમણે ચાંડાળને ભગવાન શંકરનું રૂપ જાણીને એમના ચરણસ્પર્શ કર્યા.

**જાતિ નહીં, પાણી પીવું છે**

આવો જ એક પ્રસંગ છે. ભગવાન બુદ્ધના શિષ્ય 'આનંદ' કોઈ ગામમાં ગયા તો એમને તરસ લાગી. એમણે જોયું કે એક બાળકી કૂવા પર પાણી ભરી રહી છે. તેઓ એની પાસે પહોંચ્યા અને કહ્યું -'' બહેન ! પાણી પિવડાવો.'' બાળકી બોલી - ''હું નીચ જાતિની છું.'' બાળકીના સ્પષ્ટ કથનનો જવાબ આપતાં ભગવાન બુદ્ધના શિષ્ય આનંદે કહ્યું- ''બહેન ! મેં પાણી માગ્યું છે, જાતિ પૂછી નથી. મારે તમારી જાતિને નહીં પણ પાણી પીવાનું છે''. એ કન્યાએ સંકોચ વિના પ્રસન્ન થઈને ભિક્ષુને પાણી પિવડાવ્યું. એ શૂદ્ર કન્યાએ વિચાર્યું કે શું ભારતમાં હજી પણ એવા લોકો રહે છે, જેઓ જાતિ પૂછતા નથી ? એણે સાહસ કરી આ વાત પૂછી જ લીધી. આનંદે કહ્યું - સંપૂર્ણ જગતમાં દરેક જાતિ અને વર્ણને સમાન હક છે. એ કન્યા બુદ્ધની શરણમાં આવી ગઈ અને ભિક્ષુણી બની ગઈ. વ્યક્તિ જાતિથી નહીં, આચરણની પવિત્રતાથી ઊચ્ચ બને છે.

**જાતિ નહીં, ગુણ મહાન**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વામી વિવેકાનંદ કાયસ્થ કોમના હતા. એ જમાનામાં કાયસ્થને શુદ્ર માનતા હતા, પરંતુ હવે તો એવું નથી. આપણે બધા જાણીએ છીએ કે સ્વામી વિવેકાનંદનું આજે પણ કેટલું સન્માન છે.એમની બગી પંડિતો અને શેઠોએ ખેંચી હતી. મહાત્મા ગાંધી વાણિયા જાતિના હતા, પરંતુ તેઓ દેશના સૌથી મોટા બ્રાહ્મણ હતા. કહેવાનો મતલબ એ છે કે કોમથી કોઈ મોટો નથી થતો, ઊંચે નથી ઊઠતો, મનુષ્ય તો કર્તવ્યથી ઊંચે ઊઠે છે. કર્મો દ્વારા ઉન્નતિ કરે છે.

શીખોમાં 'પંચ પ્યારે' પ્રસિદ્ધ છે. ગુરુ ગોવિંદસિંહે કહ્યું કે મારે બલિદાની જોઈએ. પાંચ શિષ્યો આગળ આવ્યા હતા. બાકીના શિષ્યો કહેતા હતા, અમને વરદાન આપી દો, અમે માથું કપાવવા માટે નથી આવ્યા. બાકીના શિષ્યો જતા રહ્યા. ફક્ત પાંચ શિષ્યો જ બલિદાન માટે રોકાયા. શીખ ધર્મે હિંદુ ધર્મનું રક્ષણ કર્યું હતું. હિંદુ ધર્મને બચાવનાર કોમ આ જ છે. એણે રાષ્ટ્રને માટે ઘણો ત્યાગ કર્યો હતો. આજે પણ આ કોમ સંપૂર્ણ દેશમાં પ્રસિદ્ધ છે. જેઓ જિંદાદિલ હોય છે એ કોમ જીવિત રહે છે. મહાત્મા ગાંધીએ આજીવન અસ્પૃશ્યતા નાબૂદ કરવા માટે સંઘર્ષ કર્યો. સ્વમી દયાનંદે અછૂતોના ઉદ્ધાર માટે કેટલા પ્રયાસ કર્યા. ભગવાન બુદ્ધે એક વેશ્યાના ઘરના ભોજનનું નિમંત્રણ સ્વીકાર્યું, પરંતુ એક રાજાના ઘરનું નહીં. દુ:ખી મહિલા આમ્રપાલીને દીક્ષા આપી હતી, જેથી એણે પોતાનું જીવન અધ્યાત્મ તરફ વાળ્યું અને બૌદ્ધ ભિક્ષુણી બનીને ધર્મપ્રચાર કર્યો. અર્જુનદેવ ગુરુ ગોવિંદસિંહના આશ્રમમાં વાસણ માંજતા હતા. એમના કેટલાય શિષ્યો મોટા પંડિત અને વિદ્વાન હતા, પરંતુ પોતાની ગાદી એમણે અર્જુનદેવને જ આપી. જાતિની મહાનતા નથી, મહાનતા તો પવિત્રતાની છે, ગુણોની છે. ગુણોથી મનુષ્ય ઊંચો બને છે. આજે આપણને અહંકાર થઈ ગયો છે કે અમે ઉચ્ચ છીએ અને એ નીચ છે. સંત તુકારામ કણબી હતા, સંતરૈદાસ ચમાર હતા. કોઈ જાતિથી મહાન બની જતો નથી, બધા પોતાના .ગુણોથી અને કર્મોથી મહાન બને છે. જેનો આપસમાં મેળ હોતો નથી તે કોમનો વિકાસ થઈ શકતો નથી. એકતામાં બળ હોય છે. સંગઠનમાં શક્તિ હોય છે.

**પરસ્પર મતભેદથી કમજોરી**

એક શિકારીએ જાળ બિછાવી અને ઘણાં પક્ષીઓ એ જાળમાં ફસાઈ ગયાં. પક્ષીઓએ સંગઠિત થઈને જાળ જ ઉઠાવી લીધી. પક્ષી સંગઠિત થઈને જાળ સહિત ઊડી ગયાં, પરંતુ જ્યારે એમનામાં આપસમાં ખેંચતાણ થવા લાગી તો તેઓ પડી ગયાં. ફૂટ પડવાથી આવી જ દુર્ગતિ થાય છે. શિકારી એમને પકડીને લઈ ગયો.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચારેય વર્ણના ચાર લોકો રસ્તે જઈ રહ્યા હતા. ચારેયમાં એકતા હતી. ઠગોએ વિચાર્યું કે એમને લૂંટવા જોઈએ. એમણે શૂદ્રને પકડી લીધો અને બાકી ત્રણ વર્ણના લોકોની પ્રશંસા કરી અને શૂદ્રને લૂંટી લીધો. આ રીતે એક-એક કરીને ચારેયને લૂંટી લીધા. આ ફૂટનું પરિણામ છે. આ વાર્તા ભારત દેશને પણ લાગુ પડે છે. વિદેશી શાસકોએ અહીં ફૂટ પડાવીને શાસન કરવાની નીતિ અપનાવી અને સફળતા મેળવી. હિંદુ ધર્મમાં કોણ જાણે કેટલા હજાર જાતિઓ અને ઉપજાતિઓ પેદા થઈ ગઈ છે.

જે કોમો પરસ્પર લડતી રહે છે એમનો ઉદય થતો નથી. જ્યારે વિભીષણને ઘરમાંથી કાઢી મૂક્યો ત્યારે જ રાવણનો વિનાશ થયો. આપણને સૌને વિષમતાની ઝંઝટે મારી નાંખ્યા. જ્યારે આપણે એક બનીને વિકાસ તરફ કદમ વધારીએ ત્યારે જ આપણી પ્રગતિ શક્ય છે. ભગવાન કૃષ્ણ કહે છે, ''હે અર્જુન ! સમદર્શી બનવું જોઈએ. જાતિથી કોઈ મોટો થતો નથી, બધા પોતપોતાનાં કર્મોથી જ નાનામોટા થાય છે. ગીતા આપણને ભેદભાવ દૂર કરી પોતાના ગુણોમાં વૃદ્ધિ કરવાની પ્રેરણા આપે છે. આ જ ભાવના લોકોના મનમાં હોવી જોઈએ. ત્યારે જ આપણું કલ્યાણ થશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રજ્ઞાપુરાણ સ્તંભ

# જાગો મારા ચિર અતીતની નિષ્ઠાઓ હવે જાગો

**મા**નવીનો વિકાસ સાંસ્કૃતિક મૂલ્યોના આધાર પર થયો છે. મનુષ્ય તેનો સાંસ્કૃતિક વારસો, સદ્જ્ઞાન, કર્મ અને ભક્તિને અપનાવીને જ શ્રેષ્ઠ બન્યો છે નહિ તો તેની શારીરિક શક્તિ જોવા, સૂંઘવા અને ચાલવામાં તો એ પશુઓ કરતાં ઊતરતો છે. કહ્યું પણ છે કે **'આહાર, નિદ્રા, ભય, મૈથુનશ્ચ સામાન્યમેતત્ પશુભિર્નરાણામ્'**, આહાર, નિદ્રા, ભય અને પરિવાર વંશવૃદ્ધિમાં પશુ અને મનુષ્ય એકસરખાં જ છે, ફક્ત જ્ઞાન જ તેને પશુસ્તરેથી ઊંચો ઉઠાવીને દેવતા, મહામાનવ બનાવી દે છે. પ્રજ્ઞાપુરાણમાં આચાર્ય શ્રીરામ શર્માજીએ મનુષ્યને પણ આવા જ સદ્જ્ઞાનને ધારણ કરવાની પ્રેરણા આપી છે.

માનવજીવનમાં દેવત્વ જગાડવા માટે સૌપ્રથમ જ્ઞાનની આવશ્યકતા હોય છે. 'જ્ઞાન'નો સામાન્ય અર્થ છે જાણવું, શીખવું. કોઈ વસ્તુ કે કર્મની જાણકારી જ જ્ઞાન કહેવાય છે. જન્મના થોડા સમય બાદ શિશુ માતા, પિતા તથા અન્ય કુટુંબીજનોના સંપર્કમાં આવીને થોડું ઓળખવા, જાણવા અને અનુકરણ કરવા લાગે છે. એ પછી પાડોશીઓ પાસેથી, પોતાના સાથીઓ પાસેથી અને પછી વિદ્યાલયમાં જઈને ગુરુજનો અને સહાધ્યાયીઓ પાસેથી થોડુંક શીખે છે અને સ્વાધ્યાય દ્વારા જ્ઞાન અર્જિત કરે છે. તેથી ભારતીય ઋષિમુનિઓએ સત્સંગ તથા સ્વાધ્યાયને ઘણું મહત્ત્વ આપ્યું છે. વાર્તા સાંભળવામાં મનુષ્યને અને તેમાંય વિશેષરૂપે નાનાં બાળકોને ઘણો આનંદ આવે છે. તેથી એમના જીવનમાં સત્પ્રવૃત્તિઓને જાગૃત કરવામાં કથાસાહિત્યનું ઘણું મહત્ત્વ છે. પૂજ્ય ગુરુદેવે પ્રજ્ઞાપુરાણમાં કથાઓ દ્વારા જ જ્ઞાનવૃદ્ધિ કરાવવાનો સફળ પ્રયાસ કર્યો છે.

એક પોપટ ડાકુઓ સાથે રહેતો હતો. તે હંમેશાં મારી નાખો, પકડી લો, લૂંટી લો કહેતો રહેતો હતો. બીજો પોપટ ઋષિઆશ્રમમાં રહેતો હતો, તે આવો, પધારો, બિરાજો કહીને અતિથિઓનું સન્માન કરતો હતો. સંગતિના પ્રભાવથી એ બન્નેમાં આ ફરક હતો. એ જ રીતે કથા સાંભળીન ડાકુ બદલાયો વગેરે અનેક પ્રેરક કથાઓના માધ્યમથી મનુષ્યને સદ્જ્ઞાન આપવાનો સફળ પ્રયાસ કર્યો છે.

જ્ઞાન અર્જિત કરવાની પ્રક્રિયાને ત્રણ ભાગોમાં વહેંચી શકાય છે - પહેલો છે શ્રુતમય જ્ઞાન એટલે કે સાંભળીને જ્ઞાન પ્રાપ્ત કરવું. બીજો છે ચિન્તનમય જ્ઞાન, કોઈ વાતને સાંભળી તેનાં લાભહાનિ વિષે વિચાર કરવો, ત્રીજો પ્રત્યક્ષ જ્ઞાન, સારાનરસાનો વિચાર કરી સાંભળેલા જ્ઞાનને ક્રિયામાં પલટાવી નાખવું. આને જ પ્રજ્ઞા કહે છે, જેને પ્રાપ્ત કરીને મનુષ્ય મહાન બને છે.

જ્ઞાનની આ અવસ્થાઓને ગુરુદેવે પ્રજ્ઞાપુરાણમાં અનેક ઉદાહરણો દ્વારા સમજાવી છે- જેમ કે કોઈ વ્યક્તિએ કોઈ પંડિત પાસેથી સાંભળ્યું અથવા કોઈ પુસ્તકમાં વાંચ્યું કે ગંગા માતા પતિતપાવની છે. એમાં સ્નાન કરવાથી બધાં પાપો ધોવાઈ જાય છે અને મનુષ્ય ભવસાગરથી પાર થઈ જાય છે. આ થયું શ્રુતમય જ્ઞાન, એટલે કે સાંભળેલું જ્ઞાન. હવે એણે વિચારી લીધું કે આ તો ભવસાગર પાર કરવાની સરળ રીત છે. આ જ્ઞાન જોકે ઘણું જરૂરી છે કેમ કે કંઈ સાંભળીએ અને વાંચીએ નહીં તો કોઈ જ્ઞાન પ્રાપ્ત કેવી રીતે થાય ? પરંતુ એ ઘણું ખતરનાક પણ છે. જ્યારે વ્યક્તિને એ વિશ્વાસ થઈ જાય છે કે ગંગામાં નાહવાથી પાપો ધોવાઈ જશે તો એ પાપાચારમાં ડૂબી શકે છે. આ અધૂરું જ્ઞાન છે, આને અંધવિશ્વાસ કે અજ્ઞાન જ કહી શકાય, એ માટે ચિંતનમય જ્ઞાનની આવશ્યક્તા છે.

ચિંતનમય જ્ઞાનમાં વ્યક્તિ વિચારે છે કે શું સાચે જ ગંગામાં નાહવાથી બધાં પાપો ધોવાઈ જશે, તો ગંગામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહેતા બધા જીવોની મુક્તિ થઈ જવી જોઈએ. એ ગડમથલમાં પડી જાય છે કે શું કરે અને ત્યારે કોઈ પ્રજ્ઞાવાન આવીને તેને સમજાવે છે. અરે ભાઈ, ગંગામાં નાહવાથી જો ભવસાગર તરી જવાય તો માછલી કેમ તરી નથી ગઈ? એનું ઘર જ જળમાં છે, તેથી ગંગા સ્નાનની સાથોસાથ મનને પણ ગંગાજળની જેમ પવિત્ર બનાવો.

**મનવા તો નિર્મલ ભયા, જૈસે ગંગા નીર ।**
**પીછે પીછે હરિ ફિરે, કહત કબીર કબીર ॥**

જ્યારે મન ઈર્ષ્યા, દ્વેષ, પાપ, દોષ અને દુર્ગુણોથી મુક્ત થશે ત્યારે ભગવાન સ્વયં તમારી પાસે આવશે. આ થયું પ્રત્યક્ષ જ્ઞાન, આ જ્ઞાન જ એ પ્રજ્ઞા છે જેના જાગરણથી મનુષ્યનું ત્રીજું નેત્ર ખૂલે છે, એ સંસારના સમસ્ત વિષને પીને પણ શિવ બને છે. આવનાર પેઢીઓ તેની પૂજા કરે છે. હજરત મૂસા અને ભગવાન, ઈસુનો ઉપદેશ, કૃષ્ણની પસંદગી વગેરે અનેક પ્રેરક કથાઓ દ્વારા ગુરુદેવે આ જ સદ્પ્રજ્ઞાને જગાડી છે.

એક અન્ય ઉદાહરણ - એક બીમાર માણસ ડૉક્ટર પાસે ગયો. ડૉક્ટરે એની સાથે ઘણી સારી વાતો કરી. એને ખાતરી આપી કે તમે ઠીક થઈ જશો. આ દવાઓ ખાઓ અને ચાટ-પકોડી વગેરે હાનિકારક વસ્તુઓ ખાશો નહીં. એ માણસ ઘણો ખુશ થયો અને બોલ્યો- ડૉક્ટરસાહેબ આપ મને આપનો ફોટો આપી દો, હું બધાને કહીશ કે મારા ડૉક્ટરસાહેબ ઘણા સારા છે, એમની દવા બહુ સારી છે. બસ, એણે ડૉક્ટરસાહેબનો ફોટો રાખ્યો, એમની આરતી ઉતારીને દવાઓનું ગુણવાન કરવાની શરૂઆત કરી દીધી અને બીજાઓ સાથે ઝઘડવાનું પણ શરૂ કરી દીધું કે મારા ડૉક્ટરસાહેબ ઘણા સારા છે, તમારા બેકાર છે, પરંતુ લાભ શું થયો, બીમારી તો જેવી હતી તેવી જ રહી. આ થયું અજ્ઞાન કે અંધવિશ્વાસ. ફરી ડૉક્ટર પાસે ગયો અને કહ્યું, ડૉક્ટરસાહેબ બીમારી તો દૂર નથી થઈ ત્યારે એમણે સમજાવ્યું કે દવાના ગુણવાન કરવાથી રોગ દૂર થતો નથી.

જે ઔષધિનું સેવન કરે એ જ નીરોગી બને. અરે ભાઈ તમે પરેજી પાળી નથી, દવા ખાધી નથી, તમે સાજા કઈ રીતે થઈ શકો ? આ થયું સદ્જ્ઞાન. આજે આપણે બધા આ જ કરીએ છીએ. આપણે એમનાથી પ્રભાવિત થઈને એમનો ફોટો રાખીને ધૂપ-દીપથી એમની આરતી ઉતારીએ છીએ, ભોગ ધરીને પોતે સ્વાદિષ્ટ ભોજન આરોગીએ છીએ અને બીજાઓને પણ કહીએ છીએ કે તમારા ભગવાન કરતાં મારા ભગવાન સારા છે. તો માનસિક શાંતિ તો મળી નહીં પણ અશાંતિ અને ઝઘડા વધી ગયા. ત્યારે એ વૃદ્ધ પુરુષ સમજાવે છે.

**ધર્મ કી ચર્ચા સબ કરે, ધારણ કરે ન કોય ।**
**ધર્મ બિચારા કયા કરે, ધારે હી સુખ હોય ॥**

કહેવાથી તરસ બુઝાતી નથી. ખાંડનું નામ લેવાથી મોઢું ગળ્યું થતું નથી. ધૂપદીપ નૈવેદ્યથી દેવતા પ્રસન્ન થતા નથી એ માટે મનમાં જ્ઞાનનો દીપ પ્રગટાવવો પડે છે કામ, ક્રોધ, લોભ, મદ અને મોહ જેવા દુર્ગુણોને ભગાડવા પડે છે ત્યારે સાચી શાંતિ મળે છે. ચોવીસ હજાર ભાગવત સાંભળ્યું પણ વ્યર્થ, કથા સાંભળીને ડાકુ બદલાયો વગેરે અનેક કથાઓ પ્રજ્ઞાપુરાણમાં વર્ણિત છે. આનાથી એ શિક્ષણ મળે છે કે ફક્ત કહેવાથી, સાંભળવાથી અને વિચારવાથી લાભ થશે નહિ. આચરણ જ્યાં સુધી ઠીક નહિ થાય ત્યાં સુધી બધું શાસ્ત્રીય જ્ઞાન વ્યર્થ છે. પ્રજ્ઞાપુરાણમાં ઋષિ, પોપટ અને શિકારીની કથામાં ગુરુદેવ લખે છે : એક ઋષિના આશ્રમમાં ઘણા પોપટ રહેતા હતા, તેઓ દરરોજ ચણ નાખતા, પોપટ મજાથી રહેતા. એક દિવસ શિકારીએ વિચાર્યું કે અહીં જાળ નાખવામાં આવે તો ઘણા પોપટ એક સાથે મળી જશે. આ જોઈને ઋષિ ચિંતિત થયા અને એમણે વિચાર્યું કે પોપટોને ભણાવી દઉં કે જાળમાં ફસાશો નહીં. એમણે પોપટોને ભણાવ્યું શિકારી આવશે અને જાળ બિછાવશે, ચણીશું નહીં, ફસાશું નહીં, ચણીશું નહીં, ફસાશું નહીં. થોડા દિવસોમાં પોપટોએ આ પાઠ યાદ કરી લીધો. હવે તેઓ હંમેશાં કહેતા ચણીશું નહીં, ફસાશું નહીં. શિકારીને પહેલાં તો ચિંતા થઈ કે હવે પોપટ સમજદાર થઈ ગયા છે, હવે ફસાશે નહીં, પરંતુ પછી એણે વિચાર્યું કે આ પોપટ જ છે. જાળ બિછાવી અને પોપટ એ રટતા રહ્યા કે ચણીશું નહીં, ફસાશું નહીં, અને નીચે ઊતરીને જાળમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફસાઈ ગયા. પ્રજ્ઞાપુરાણમાં શાસ્ત્ર ભણ્યા છતાં મૂર્ખ જ્યોતિષી, ચાર પંડિત વગેરે અનેક જ્ઞાનવર્ધક કથાઓ દ્વારા એ સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી આપણી બુદ્ધિ નથી ત્યાં સુધી શાસ્ત્ર કોઈપણ લાભ પહોંચાડી શકતાં નથી. નેત્રહીનને દર્પણથી શો લાભ ? કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્ય જ્ઞાનની વાતો સાંભળે, સમજે અને આચરણમાં ઉતારે ત્યારે જ એ આત્મકલ્યાણ કરી વિશ્વકલ્યાણ કરી શકે છે.

ક્યારેક રૂઢિવાદી પરંપરાઓને કારણે પણ મનુષ્ય ખોટાં કાર્યો કરે છે. દહેજપ્રથા, નશો કરવો, મૃતકભોજન, નારીનું અશિક્ષિત હોવું વગેરે અનેક એવી કુરીતિઓ છે કે જેનાં દુષ્પરિણામ જાણતા હોવા છતાં તેમને એ માટે છોડી શકાતી નથી કે લોકો શું કહેશે. દહેજ લેવું ખરાબ છે, પણ શું કરીએ, છોકરાની દાદીની ઇચ્છા છે કે લગ્ન ધામધૂમથી થાય. છોકરાની મા ઈચ્છે છે કે વહુ કાર લઈને આવે. જ્યારે આવાં માગાં આવતાં હોય તો પછી દહેજ કેમ ન લઈએ, અમે તો માગતા નથી વગેરે વાતો વિચારીને પોતાને સમજાવી લે છે, પરંતુ આ પરંપરાઓનો વિરોધ કરનારાઓ જ સાચા સાહસિક અને જ્ઞાની કહેવાય છે. મરેલી બિલાડીનો રિવાજ, ઋષિ દયાનંદ, મહાત્મા ગાંધી, રાજા રામમોહન રાય વગેરે અનેક મહાપુરુષોનાં ઉદાહરણો આપીને ગુરુદેવે આ કુરીતિઓનું ખંડન કરવાની પ્રેરણા આપી છે.

અંતમાં કહી શકાય છે કે જ્ઞાન પ્રકાશ અને જાગરણનું પ્રતીક છે, અજ્ઞાન અંધકાર અને નિદ્રાનું. દેશમાં રાષ્ટ્ર જાગરણ યાત્રાઓ કાઢવામાં આવી છે, રાષ્ટ્રમાં જ નહીં આ ચેતના વિશ્વવ્યાપી થવા જાય છે, ફરીથી પૂર્વ દિશામાં ભારત દેશમાંથી જ્ઞાનનો સૂર્ય ઊગી રહ્યો છે. હવે સૂવાનો સમય નથી. પ્રાતઃકાળ આવે છે ત્યારે પક્ષીઓને કહેવું નથી પડતું કે સવાર થઈ રહી છે. પંખીઓનાં ટોળાં કલરવ કરતાં રહે છે. શીતળ, મંદ અને સુગંધિત વાયુની લહેરો હલાવી-હલાવીને બધાને જગાડે છે, કળીઓ પુષ્પ બનીને સુગંધ ફેલાવી દે છે. હવે આપણે બધા પણ આંખો ખોલીએ, બૌદ્ધિક ઋષિ જગાડી રહ્યા છે.

ઉત્તિષ્ઠ, જાગૃત પ્રાપ્ય વરાન્નિબોધત્ ઊઠો, જાગો અને પહોંચી જાઓ લક્ષ્ય સુધી. ગુરુદેવ અને વંદનીય માતાજી જગાડી રહ્યાં છે.

**જાગો મેરે ચિર અતીત કી નિષ્ઠાઓ અબ જાગો ।**
**કરો પ્રખર સત્કાર્ય નીંદ અબ ત્યાગો ।**
**તુમ જાગો તો જાગ ઊઠે મંદિર, મસ્જિદ-ગુરુદ્વારા ।**
**વિશ્વાસોં કે દીપ જલાકર મા ને તુમ્હેં પુકારા ।।**
**જાગો - જાગો - જાગો ।**

---

**પોતાના વિષે વખાણ ન કરો, દુનિયા સારી રીતે જાણે છે કે જે વ્યક્તિ પોતાના વિષયમાં અતિશક્તિ ભરેલી વાતો કરતી રહે છે તે કમજોર અને ખોખલી હોય છે. એ ડંફાસ મારતી રહે છે અને તેની કોઈ પરવા કરતું નથી. આપ જે કંઈ કરવા જઈ રહ્યા છો તેના વિશે કશું કહેશો નહીં, પણ કરો. આપનું કામ સ્વયં બોલી ઊઠશે. બીજાઓના કામની નિંદા અને ખોટ કાઢવામાં પોતાની શક્તિનો અપવ્યય કરશો નહીં પરંતુ પોતાનું કામ સારી રીતે પૂરું કરવામાં લાગી જાવ.**

---

**એક વ્યક્તિ ઘણા-ઘણા દિવસો સુધી બહાર રહેતી અને પાછી ફરતી. ઘણી વાર તો પાડોશીઓને પણ ખબર ન પડતી કે તે ક્યારે જતી રહી. તેના પાડોશીએ એક વખત પૂછ્યું, ''આજકાલ આપ શું કરી રહ્યા છો ? અહીં ઘણું ઓછું જણાવ છો.'' તેણે ઉત્તર આપ્યો, ''ભાઈ, હવે શરીરની ત્રીજી અવસ્થા ચાલી રહી છે. ભગવાનની સેવા અને પૂજા-પરમાર્થ પણ કરવા જોઈએ, એ જ કરી રહ્યો છું.''**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભગવાન કરે, આપ શૂરવીર બનો

**સામાન્ય** સમય હોય ત્યારે મોજશોખ માણતા રહેવાથી કોઈને ખાસ કોઈ વાંધો આવતો નથી. જો અસામાન્ય સમય હોય, આપત્તિકાળ હોય તો મહાપુરુષો પાસે જ નહીં સામાન્ય લોકો પાસેથી પણ એ આશા રાખવામાં આવે છે કે તેઓ એ સમયે પોતાની વિનાશવૃત્તિનો પરિત્યાગ કરી પ્રસ્તુત વિષમ પરિસ્થિતિનું નિવારણ કરવા માટે થોડી વિશિષ્ટ ઉદારતાનો પરિચય આપે. આપાતૃકાળ દરેક પાસેથી વિશેષ અનુદાન ઈચ્છે છે અને અપેક્ષા રાખે છે કે સંકટ સમયની પરિસ્થિતિમાં કંઈ વિશેષ કાર્ય તો કરે જ. દેશ પર જ્યારે શત્રુનો હુમલો થાય છે અને નિયંત્રિત સેના ઓછી પડે છે ત્યારે સામાન્ય તંદુરસ્ત નાગરિકોને સરકાર બળપૂર્વક ભરતી કરે છે અને કહે છે કે દરેક સમર્થ નાગરિક પોતાના આપાતકાલીન ધર્મનું પાલન કરે. રોજિંદી કમાણી અને સુખ સગવડભર્યું જીવન છોડે અને જ્યાં સુધી શત્રુના આક્રમણનો જવાબ આપતો નથી ત્યાં સુધી સૈનિકોની જવાબદારી સંભાળે. આજ્ઞાનું પાલન ન કરનારાઓને કઠોર દંડ આપવામાં આવે છે કે જેથી એવો જ પ્રમાદ કરવાનું સાહસ બીજો કોઈ નાગરિક ન કરે.

કેટલાક વિશેષ અવસરો એવા આવે છે કે જેમાં દરેક જવાબદારી સમજવા અને નિભાવવાનો વિવેક રાખતા નાગરિકોને કંઈક વિશેષ સેવા સહયોગ આપવા, કષ્ટ ઉઠાવવા, ત્યાગ કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવાની જરૂરિયાત અનિવાર્યપણે સંભાળવી પડે છે. પાડોશીના ઘરમાં આગ લાગી હોય તો તેને ઓલવવા માટે મહોલ્લાના બધા લોકો દોડી આવે છે. કોઈનું ઘર બળતું રહે અને લોકો તેનો તમાશો જુએ, પોતાના એશોઆરામમાં વ્યસ્ત રહે, ઓલવવા માટે ન જાય તો એ અતિ નિંદનીય વાત હશે. બેશક ઘર બીજાનું બળી રહ્યું હતું, બેશક આપણું કોઈપણ નુકસાન થતું નહોતું છતાં મનુષ્યતાનો તકાજો હતો કે દુ:ખી પાડોશીની આપત્તિ હળવી કરવા માટે અને તેને સંકટમાંથી બહાર કાઢવા માટે જ સહયોગ શક્ય હોય તે આપવામાં આવે. પાણી, રેતી લઈને દોડવામાં આવે અને એ આગને ઓલવી નાખવામાં આવે. એવું પણ બને કે એ આગ વધતી જાય અને મહોલ્લાના બીજા લોકોના ઘરોની જેમ આપણું ઘર પણ બાળી નાખે. એવું બને કે ક્યારેક આપણા ઉપર જ એવી કોઈ આપત્તિ આવી જાય અને તે વખતે આપણા સ્વાર્થીપણા અને સંકુચિતતાની નકલ બીજા લોકો પણ કરે અને સહયોગ આપવા ન આવે. ત્યારે એકલા જ એ વિપત્તિનો સામનો કરવાનું મુશ્કેલ બની જશે. આપણી અનુદાર પ્રકૃતિનો પરિચય બીજા લોકોને થવાથી તેઓ સ્વાભાવિક રીતે ઘૃણા કરશે અને આસપાસના લોકોના મનમાં આપણા માટે કોઈ સ્થાન અને સન્માન રહેવા ન રહેવાથી એક રીતે અસ્પૃશ્ય અને બહિષ્કૃત જીવન જીવવું પડશે. આટલું નુકસાન ઓછું નથી. તેથી એમાંથી બચવા માટે પણ એ યોગ્ય છે કે એ અગ્નિકાંડ વખતે આપત્તિકાળનો ધર્મ ધ્યાનમાં રાખી પોતાની સુખસુવિધાઓ છોડીને ઓલવવાના કાર્યમાં જોડાઈ જવામાં આવે અને પૂરી તત્પરતા, પરિશ્રમ અને ઉત્સાહ સાથે એવો પુરુષાર્થ કરવામાં આવે કે જે જોઈને બીજાઓને પણ એવું જ કરવાની પ્રેરણા મળે.

આપત્તિકાળ સજાગ અને પ્રાણવાન મનુષ્યોની પરીક્ષા લઈ એમના ખરાપણાને પ્રમાણિત કરવા માટે જ આવે છે. એમની પ્રસ્તુત મહાનતાને સુવિકસિત કરવા તેમજ ભાવનાત્મક ક્ષેત્રમાં પછાત લોકો સામે સ્ફૂર્તિદાયક અનુકરણ કરવા લાયક ઉદાહરણ રજૂ કરવા માટે આવે છે. ભારતના સ્વતંત્રતા-સંગ્રામમાં બલિદાની વીરોના ત્યાગ અને સાહસે ભૂતકાળમાં એટલી પ્રેરણા ફૂંકી હતી કે દુર્બળ અને પછાત ગણાતો દેશ પણ જે જોહર બતાવવા લાગ્યો હતો કે જેનાથી ડરીને સમર્થ વિદેશી શાસકોને ભયભીત થઈને પલાયન કરવા માટે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિવશ થવું પડ્યું.

ભાવનાત્મક દૃષ્ટિએ આજનો સમાજ ક્ષયગ્રસ્ત રોગીની જેમ ખરાબ રીતે દુર્બળ થતો જાય છે. નૈતિકતાનાં ભવનો જમીનદોસ્ત થઈ રહ્યાં છે અને એમના સ્થાને કહેવાતી દેખાવયુક્ત ખુશામતની પ્રંપચથી ભરેલી સભ્યતા વિકસી રહી છે. હવે એક વ્યક્તિ બીજાને પ્રેમ કરવા તથા તેની સેવા-સહાયતા કરવા માટે સહયોગ આપવામાં વિશ્વાસ કરતી નથી. પરંતુ સંપર્કમાં આવનારાઓને શોષણનું માધ્યમ બનાવવાની કળામાં દિવસે-દિવસે પ્રવીણતા પ્રાપ્ત કરતી જાય છે. બહારની સફાઈ અને કહેવાતી શિષ્ટતા વધી રહી છે, પરંતુ અંદરથી બીજાઓનો કસ કાઢી નાખવાની ઘૃણિત મનોવૃત્તિ તેની ચરમસીમાએ પહોંચવા લાગી છે. જ્યાં જુઓ ત્યાં છળપ્રપંચનું સામ્રાજ્ય છે. જીભની મીઠાશની સાથોસાથ વિષભરેલા ડંખ પણ થવા લાગ્યા છે. મોરની જેમ મધુર બોલવા અને સુંદર દેખાવામાં આપણે કુશળ બની રહ્યા છીએ, પરંતુ સાથે જ વિષથી ભરેલા સર્પો જ ખાવાની મનોવૃત્તિ પણ યથાવત્ છે. આજનો સરેરાશ માનવી બહારથી જેવો સૌમ્ય દેખાય છે, પણ તેની સાથે વ્યવહાર કરવાથી એના કરતાં ઊલટું જ સિદ્ધ થાય છે. અવિશ્વાસ, આશંકા અને ઘૃણામાં જનમાનસ ખૂબ જ આકુળવ્યાકુળ અને સંકુચિત બની રહ્યું છે. લોકો સત્ય અને પ્રેમ પરથી આસ્થાઓ ગુમાવી રહ્યા છે. સર્વત્ર અનિચ્છનીયતા અને બિનઉપયોગિતા જ નજરે પડે છે. આજની સ્થિતિનું આ જ તાત્ત્વિક વિશ્લેષણ છે.

માનવીય સદ્‌ગુણો પર સંસારની સમૃદ્ધિ, પ્રગતિ અને શાંતિનો આધાર છે. જ્યાં સુધી જનમાનસમાં સદ્‌ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓ માટે યોગ્ય સ્થાન રહે છે ત્યાં સુધી જ વ્યક્તિ અને સમાજને સુખસુવિધાઓના સ્નેહ-સૌજન્યનો લાભ મળે છે. જ્યારે એ મહાનતામાં કમી આવવા લાગે છે ત્યારે ક્રમશઃ અંધકાર છવાવા લાગે છે અને પરિસ્થિતિઓ વિષમ બનતી જાય છે.

**મનુષ્યની મહાનતા બે આધારો પર ટકેલી છે :** (૧) નૈતિકતા અને (૨) વિવેકશીલતા. જેવી રીતે ઈંટચૂનાની ઈમારતો બને છે, તાણાવાણાથી કપડાં વણાય છે એ જ રીતે નૈતિકતા અને વિવેકશીલતાના આધારે એ માનવીય મહાનતા સ્થિર રહે છે જેની ઉપર વિશ્વની સુસ્થિરતા આધારિત છે. આજની પરિસ્થિતિઓથી કોણ પરિચિત નથી ? નૈતિકતાનો ખૂબ જ હ્રાસ થઈ રહ્યો છે. નાનાં-નાનાં પ્રલોભનો માટે લોકો પોતાનો ઈમાન વેચી રહ્યા છે. કર્તવ્ય માટે કષ્ટ સહન કરવાની પ્રવૃત્તિ લુપ્ત થઈ રહી છે અને જેમ બને તેમ પોતાનો સ્વાર્થ સાધવાની રીતિનીતિ જ વ્યાવહારિક નીતિનું સ્થાન ગ્રહણ કરી રહી છે.

અગણિત અંધવિશ્વાસ, પૂર્વમાન્યતાઓ, રુઢિઓ અને અનિચ્છનીયતાઓ આપણાં મન અને મગજમાં એવાં ઘર જમાવીને બેઠાં છે કે જાણે એ જ વાસ્તવિકતાઓ અને સચ્ચાઈ હોય. સામાજિક કુરીતિઓ માટે આપણે આખી દુનિયામાં બદનામ છીએ. અડધી જનસંખ્યા સ્ત્રી જાતને આપણે ખૂબ ખરાબ રીતે પદદલિત કરી છે. પડદા અને ઘૂંઘટના પાંજરામાં બંધ કરીને એમને ભોજન પકાવવા અને બાળકો પેદા કરવાનું માત્ર નિર્જીવ મશીન બનાવીને રાખી છે. આપણા જ સમાજના વીસ ટકા લોકોને અછૂત કહીને સ્વાભાવિક અધિકારોથી વંચિત કરી દીધા છે. આપણે એમની સાથે જે સામાજિક પાપ કર્યું છે તેને માટે વિશ્વનો વિવેક આપણને કાયમ ધિક્કારતો રહેશે. નાતજાતના નામે હજારો ભાગોમાં વિભક્ત થયેલો સમાજ શું ક્યારેય એકતાના લાભોથી લાભાન્વિત થઈ શકશે ? જે સમાજમાં વિવાહ અને લગ્નોના નામે દરેક પરિવારને એક તૃતીયાંશ આવક પાગલો જેવી વિડંબના માટે ખર્ચવી પડે છે તેનો આર્થિક મેરુદંડ તૂટવામાંથી કોણ બચાવી શકશે ? જે લોકોને આટલો ભારે અપવ્યય કરવો પડતો હોય તેમની દરિદ્રતા અનંતકાળ સુધી દૂર નહિ થાય. આ મોંઘવારી અને બેકારીના જમાનામાં જ્યારે કુટુંબનું ભરણપોષણ કરવાનું મુશ્કેલ થઈ રહ્યું છે ત્યાં વિવાહ લગ્નોનો આકાશપાતાળ સ્પર્શતો ખર્ચ ફક્ત અનીતિથી જ પૂરો થઈ શકે છે. આપણામાંથી અધિકાંશ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લોકો એ માટે બેઈમાની અને અનીતિની કમાણી કરવા માટે લાચાર છે કે તેમને તેમનાં બાળકોનાં ખર્ચાળ લગ્નની વ્યવસ્થા કોઈપણ રીતે પૂરી કરવાની છે. બાળવિવાહ, વૃદ્ધવિવાહ, કજોડાં લગ્ન, ગૃહ- કલહ, આત્મહત્યા, ગર્ભપાત, વ્યભિચાર, અપહરણ વગેરે શરમનજક દુર્ઘટનાઓ ભયાનક હદે એ માટે થાય છે કે સ્વાભાવિક અને સરળતાથી લગ્ન કરી શકવાનું આપણા દયનીય વિવેક માટે શક્ય નથી. અયોગ્યને છોડવા અને યોગ્યને અપનાવવાનું સાહસ કરવા લાયક આપણે રહ્યાં જ નથી.

ઓઝા, જ્યોતિષી, બાબાજી, મહારાજ, પુરોહિત, ભૂતપલીત, ગ્રહનક્ષત્ર, શુકન, મુહૂર્ત ન જાણે કેટલાં અનિચ્છનીય તત્ત્વો આપણી વિચારપદ્ધતિ અને વિવેકશીલતાને સતત કચડતી રાખવામાં સંકળાયેલાં છે. લાખોની સંખ્યામાં આ સેના માનવીય વિવેક પર જોરદાર આક્રમણ કરવા લાગી છે. બૌદ્ધિક ગુલામીનાં બંધનોમાં આપણે ખરાબ રીતે જકડાતા જઈએ છીએ. ઘૃણાસ્પદ પરિસ્થિતિઓ સામે લડવા અને એમાંથી બહાર નીકળવાની વાત વિચારવાની જગ્યાએ આપણે એમને ભાગ્ય અને ઈશ્વરેચ્છા માની છે તથા પુરુષાર્થનું એમની આગળ સમર્પણ કરી દીધું છે. જેઓ અંધવિશ્વાસોની વ્યર્થતા જાણે છે તેઓ પણ એટલી દયનીય મનોદશામાં જકડાયેલા છે કે એમની વિરુદ્ધ કંઈ કહેવા અથવા કરવામાં પોતાને અસહાય અને અસમર્થ અનુભવે છે.

આ લાંબી કરુણકથાને ક્યાં સુધી કહેવામાં આવે ? જે સમાજ એક વખતે વિશ્વને નૈતિકતા અને વિવેકશીલતાનો સંદેશ આપતો હતો, પોતાને ત્યાં સ્વર્ગ અને બીજાઓને ત્યાં શાંતિ સ્થાપવા માટે પ્રખ્યાત હતો, તેની આજે આ દયનીય દુર્દશા એટલી કરુણાપૂર્ણ અને લજ્જાજનક છે કે વસ્તુસ્થિતિની વિષમતાને સમજનાર દરેક વિચારશીલ વિચલિત થયા વિના રહી શકતો નથી. આપણી મનોભૂમિમાં ઊંડે સુધી જામી ગયેલી અનૈતિકતા અને અવિવેકશીલતા જો દૂર થઈ ન શકી તો આપણી પ્રવૃત્તિઓ એકબીજાનું શોષણ કરવામાં જ લાગેલી રહેશે.

આપણે વસ્તુસ્થિતિની ભયંકરતા સમજવી જોઈએ અને વ્યક્તિ તથા સમાજની વધતી પ્રસ્તુત દુર્દશાનાં ભાવિ પરિણામો પર વિચાર કરવો જોઈએ. આ જ ક્રમ યથાવત્ વધતો રહેશે તો આગામી દિવસોમાં પ્રગતિની રેસના એ યુગમાં આપણે કેટલા પાછળ રહી જઈશું અને પાછળ રહેલા લોકો 'મત્સ્ય ન્યાય'નો ડંકો વગાડનાર ભૌતિકવાદી વાતાવરણમાં ક્યાં સુધી જીવતા રહેશે આ તથ્યને ગંભીરતાપૂર્વક સમજવું જોઈએ.

પોતાની ચારે તરફ આટલું વિષમ વાતાવરણ જોઈને પણ કોઈ પથ્થર દિલ અને જડ મગજ ધરાવનાર જ રહી શકે છે, જેનામાં ભાવના નામનું તત્ત્વ જ રહ્યું નથી, જે કેવળ વાસના અને તૃષ્ણાને જ કેન્દ્રમાં રાખી ફરતો શિશ્નોદર પરાયણ પશુજીવનમાં સંતુષ્ટ છે, એમને કોઈએ કશું કહેવાનું નથી. કરોડો જીવજંતુ રોજ મરે છે અને પોતાની શારીરિક સમસ્યાઓ સિવાય બીજું કશું વિચારી શકવામાં જરાય સક્ષમ હોતાં નથી. એમને કોઈ વખોડે છે કે નિંદા કરે છે ? જેમની મનોભૂમિ પોતાના એશોઆરામથી જરાય ઊંચે ઊઠવામાં અસમર્થ હોય એવા ઢીલાપોચા, અપંગ અને અસમર્થો પ્રત્યે કરુણા જ વ્યક્ત કરી શકાય છે. જેઓ પોતાના શરીર અને પરિવાર માટે તાત્કાલિક મોટી-મોટી સુવિધાની જ વાત વિચારતા રહે છે, જેમની આગળ દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિ જેવી કોઈ વસ્તુ નથી કે એમને માટે કંઈક કરવાની જવાબદારીનો અનુભવ કરવાનો ઉમંગ પેદા થતો નથી એવા નરપશુઓને અમારે પણ કશું કહેવાનું નથી. રોતું-કકળતું, દૈન્ય-દારિદ્રયનું શોક- સંતાપભર્યું નિકૃષ્ટ જીવન જીવવા માટે એમને વિધાતાએ ઘડ્યા છે અને સ્વાર્થ-સંકુચિતતાના કાદવમાં જ સડતા રહી ખતમ થઈ જવાનું જ જેમને રસપ્રદ છે એમને માટે કંઈક કહેવું તે અરણ્ય રુદન જેવું છે. ભગવાન જ્યારે એમને સદ્‌બુદ્ધિ આપશે ત્યારે જ તેઓ થોડા ઊંચે ઊઠીને આદર્શવાદની ભાષા વિચારવા અને ઉત્કૃષ્ટ સ્તરનું કંઈક કરવા માટે,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તત્પર થશે. અત્યારે તો એમને તુચ્છ સ્વાર્થ જ પ્રિય લાગે છે. બદલાઈ જવાની નથી ઇચ્છા કે નથી સન્મતિ. આવા જડ જીવધારી અસંખ્ય દેશવાસીઓની દયાજનક આંતરિક સ્થિતિ પર આંસુ સારવા સિવાય બીજું કરી પણ શું શકાય છે ?

કહેવું તો ફક્ત એમને છે જેઓ માનવજીવનની મહાનતા અને જવાબદારી સમજે છે. જેમનામાં વિવેક છે અને જેઓ સંકુચિત સ્વાર્થ સિવાય ઉદાર પરમાર્થના સંબંધમાં પણ રુચિ ધરાવે છે. અમને ખબર છે કે પાછલાં એક હજાર વર્ષોમાં આપણી શ્રેષ્ઠ અંતર્ચેતના સાથે કેવી નિર્દય મજાક થઈ રહી છે અને કેવી રીતે અધ્યાત્મ તત્ત્વજ્ઞાનને તથા ઊર્ધ્વગામી દિશાને વિડંબનાભરી વિકૃતિમાં ધકેલવામાં આવી છે. સંપ્રદાયવાદી માથાફરેલા કહેવાતા 'ગુરુદેવ' આપણને મંત્ર, જપ, નામ, માહાત્મ્ય, કથા-કીર્તન, તીર્થ, દર્શન તથા આવા જ નાનામોટા કર્મકાંડોને જીવનનો ઉદ્દેશ્ય અને લક્ષ્યપ્રાપ્તિનું સાધન બતાવતા રહ્યા છે. લોકોએ એમની બાળક્રીડા કરીને આત્મપ્રવંચના કરવાની નીતિ અપનાવી લીધી. આજે પણ એ જ થઈ રહ્યું છે. ક્યારેક કોઈના મનમાં પરમાર્થ-પ્રયોજન માટે ઇચ્છા જાગી તો માળા લઈને બેસી જાય છે અને છોડતાં જ શાંતિ મળવાની વાત વિચારે છે. આ ભ્રમજાળમાં આજે ૮૦ લાખ લોકો ભટકી રહ્યા છે. કાશ, સાચી આધ્યાત્મિકતાનાં થોડાં કિરણો એમના મગજને સ્પર્શી ગયાં હોત, તો તેઓ પ્રાચીનકાળના ઋષિઓ અને ભૂતકાળના અધ્યાત્મવિદોની જેમ આંતરિક મહાનતા વધારવા અને લોકમંગલ માટે વધુમાં વધુ તીવ્ર ત્યાગ કરવા પ્રવૃત્ત થઈ ગયા હોત. આટલા વિશાળ વર્ગને જો પાછલાં હજાર વર્ષોની ગુલામી અને તેનાથી પેદા થયેલ વિચારવિકૃતિએ ભ્રમિત ન કરી હોત તો આજે સ્થિતિ કંઈક જુદી જ હોત. સમાજમાં અનૈતિકતા જોવા મળી ન હોત કે અવિવેકનું ક્યાંય અસ્તિત્વ દેખાતું ન હોત. આજે જે લોકો ભારરૂપ બની સર્વત્ર પોતાની મૂઢમાન્યતાઓ દ્વારા જનમાનસને પથભ્રષ્ટ કરવામાં લાગેલા છે, તેઓ જ જો રચનાત્મક દિશામાં લાગી ગયા હોત તો આપણે પ્રાચીન ગૌરવની નિકટતમ સ્થિતિમાં પહોંચી ગયા હોત, પરંતુ એ દુર્ભાગ્યને શું કહેવું જેણે સીધાનું બધું જ ઊલટું બનાવીને મૂકી દીધું.

અમને એમની પાસે આશા છે જે સ્વતંત્ર ચિંતન કરી શકવામાં સક્ષમ છે અને જેમનામાં અયોગ્યને છોડવાનું તથા યોગ્યને અપનાવવાનું થોડું સાહસ છે. અમારે એમને કહેવાનું છે કે જેમને માનવતા, માનવીય મહત્તા અને તેની જવાબદારીનો થોડો ઘણો અનુભવ થાય છે. આ લીટીઓ એમના માટે લખી રહ્યા છીએ કે જેમને પેટ-પ્રજનન માટે જીવતા પશુજીવન પ્રત્યે અસંતોષ છે અને જેઓ માનવીય મહાનતાની મંગલમય સીમામાં પ્રવેશ કરવા ઇચ્છુક છે. એવા લોકો જો આપણા પરિવારમાં હોય તો તેઓ હજાર વાર વિચારે, સમજે, ચિંતન અને મનન કરે કે શું હાલની દયનીય દુર્દશાની આપત્તિકાળની પરિસ્થિતિઓને બદલવા માટે એમની કોઈ જવાબદારી નથી ? દિવસે-દિવસે વ્યક્તિ અને સમાજની આંતરિક સ્થિતિ મૃત્યુદશા તરફ અગ્રેસર થઈ રહી છે. શું આવા દિવસોમાં પણ એમણે પોતાનો બધો સમય, બધી ક્ષમતા, બધી પ્રતિભા અને બધી વિચારશક્તિ ફક્ત પેટ ભરવા માટે જ નિયોજિત કરવી જોઈએ.

જો વિવેક દ્વારા આત્માને આ પ્રશ્ન પૂછીએ તો એક જ ઉત્તર મળશે કે આપત્તિકાળની સ્થિતિમાં આપત્તિધર્મનું પણ પાલન કરવું જોઈએ. જ્યારે ચારે તરફ સર્વનાશી આગ લાગેલી છે તો પોતાનાં કામો અધવચ્ચે છોડીને પણ પાણી અને રેતી લઈને તેને ઓલવવા માટે દોડવું જોઈએ. પેટ ભરવું જરૂરી છે,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરંતુ એ જ સર્વસ્વ નથી. પેટ સિવાય પણ આ સંસારમાં બીજું કંઈક છે અને તેના તરફથી વિમુખ ન થવું જોઈએ. કુટુંબનું ભરપોષણ કરવું જોઈએ, પરંતુ ફક્ત અંશ-વંશના લોકોને જ કુટુંબમાં મર્યાદિત ન રાખવા જોઈએ. ઈશ્વરનું ભજન થવું જોઈએ પણ તેને માળા સુધી જ મર્યાદિત ન રાખવું જોઈએ. આત્મપરિષ્કાર અને લોકમંગલને પણ ઉપાસનાનું અભિન્ન અંગ માનવું જોઈએ. કર્તવ્યની ઉપેક્ષા ન થવી જોઈએ. કર્તવ્યોને શરીર અને કુટુંબની સીમાથી આગળ વધારીને દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિ સુધી વિસ્તૃત કરવાં જોઈએ અને પોતાની વિચારપદ્ધતિ, આકાંક્ષા અને કાર્યપ્રણાલીનું નિર્ધારણ એ રીતે કરવું જોઈએ કે તેનો પ્રભાવ માનવતાના ઉત્કર્ષ અને સમાજની સુખશાંતિ સુધી વિસ્તૃત થઈ શકે.

તલવાર ચલાવનારાઓ અસલ યોદ્ધા નથી હોતા. આ કાર્ય તો કસાઈ અને ડાકુ પણ કરી લે છે. વીરતાની અસલ કસોટી તો છે અનિચ્છનીય પરિસ્થિતિઓ અને ગતિવિધિઓને ચીરી-ફાડીને મૂકી દેવી. મૂર્ખાઓનો વિરોધ, ઉપહાસ અને અણગમતી સલાહના અવરોધોની જરાય પરવા ન કરીને ઉત્કૃષ્ટતાની દિશામાં વધવા માટે આદર્શવાદી પરંપરા અપનાવવાનો નિશ્ચય કરવો અને તેના અભાવો તથા અવરોધોને ધીરજ અને પ્રસન્નતાપૂર્વક સ્વીકારી સ્થિર રહેવું તથા આગળ વધતા રહેવું.

આજે એવા જ શૂરવીરોની જરૂર છે જેઓ સ્વાર્થોના ધૃણાસ્પદ પ્રયત્નોના ચૂરેચૂરા કરીને પરમાર્થના પંથે આગળ વધે. દુઃખી માનવતાની કસક અને પીડા સાંભળે તથા તેનો ઉદ્ધાર કરવા માટે ત્યાગ અને બલિદાનની ભાવનાઓથી ઓતપ્રોત થઈને કંઈક કરી બતાવવા માટે પગ ઉપાડે. દસે દિશાઓમાં છવાયેલો સઘન અંધકાર આવા જ બલિદાની વીરોની પ્રજ્વલિત જ્યોતિથી મટશે અને એમના જ પુરુષાર્થથી પ્રકાશપૂર્ણ નવયુગનો ઉદય થશે.

ભગવાન કરે આપણા પરિવારમાં એવી અસંખ્ય દીપ શિખાઓ પ્રજ્વલિત થાય જે આ અંધારી અમાસને ઝગમગ દીવાળીની જેમ આલોકિત કરી શકે.

એક ચર્ચમાં એક પરિવારના લોકો ક્યારેય આવતા ન હતા. તેથી ચર્ચની મહિલાઓની સમિતિને ખૂબ ચિંતા થઈ. એ મહિલા એમની પાસે ગઈ અને પૂછ્યું કે તમે ચર્ચમાં કેમ આવતા નથી. એમણે કહ્યું કે અમે કેવી રીતે આવીએ ? અમારી પાસે એક જ જોડી કપડાં છે. એ જ બજાર જવા માટે અને કામ કરતી વખતે પહેરીએ છીએ. તે ફાટી ગયાં છે અને જૂનાં પણ થઈ ગયા છે. તે પહેરીને અમે ચર્ચમાં આવી શકતા નથી. દયાવશ મહિલાઓએ પૈસા એકઠા કરીને પૂરા પરિવાર માટે સારાં વસ્રો ખરીદીને આપ્યાં અને બીજા રવિવારે એમણે ઘણી પ્રતીક્ષા કરી પરંતુ તેઓ ચર્ચમાં ન આવ્યા. ઘરે જઈને પૂછ્યું કે કેમ ન આવ્યા?

એમણે કહ્યું કે કપડાં બદલીને જ્યારે અમે અરીસામાં પોતાનાં મોઢાં જોયાં તો એટલાં સુંદર લાગ્યાં કે અમે સિનેમા જોવા ગયા. એવા સરસ લાગતા હતા કે અમે વિચાર્યું કે ચર્ચ જવામાં શું સાર છે ? ચર્ચમાં જવાથી શું થશે ? આપ કેટલાક પૈસા પણ મૂકી ગયા હતા તો સિનેમા જોયા બાદ હોટલમાં ગયા. એમાં જ સમય પૂરો થઈ ગયો.

તમે જેને દાન આપી રહ્યા છો તે એનું શું કરશે એના પર અવશ્ય વિચાર કરો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દુનિયા બદલાઈ રહી છે, હવે આપણે પણ બદલાઈ જઈએ

ઋતુ પરિવર્તનની સાથે આપણે આપણી આચ્છાદનની વ્યવસ્થા બદલી લઈએ છીએ. યુગ પરિવર્તનનો ક્રમ અસામાન્ય ફેરફાર લઈને આવી રહ્યો છે. એ સારું થશે કે આપણે સમયસર ભવિષ્યને અનુરૂપ બની જવાનો અત્યારથી જ પ્રયત્ન કરીએ અને જો શક્ય હોય તો લંકાકાંડમાં રજૂ કરવામાં આવેલી રીંછવાનરોની ભૂમિકા ભજવીને પોતાને તથા આગળના જીવનને ધન્ય બનાવવાનો પ્રયત્ન કરીએ.

આવનાર સમયમાં કોઈ વ્યક્તિ વારસામાં મળેલી કે વ્યાજ-ભાડું જેવી પરિશ્રમ વિનાની કમાણી પર નિર્વાહ કરી શકશે નહીં. સંપત્તિ પર સરકારી નિયંત્રણ રહેશે. દરેકે કઠોર શ્રમ કરીને જ પોતાના નિર્વાહની વ્યવસ્થા કરવી પડશે. આ સંભાવનાઓ વચ્ચે કોઈએ અમીર બનવાના, સંપદા ભેગી કરી સ્વામી બનવાના, પુત્ર-પૌત્રો માટે દોલત ભેગી કરીને મૂકી જવાના નિરર્થક સપનાં છોડી દેવાં જોઈએ. જે જેટલો સંગ્રહ કરશે તેને વિનમ્રતાપૂર્વક છોડતી વખતે એટલું જ કષ્ટ થશે. વ્યક્તિગત સંપત્તિના દિવસો વીતી ગયા અને સંઘરાયેલ સંપત્તિના બળે ઐય્યાશી કરવાનો સમય પણ જતો રહ્યો. આવી સ્થિતિમાં જેમની પાસે પુત્રપૌત્રો માટે છોડી જવાલાયક સંપદા છે એમને માટે બુદ્ધિમાની એમાં જ છે કે તેને સમયસર સમાજને પાછી આપી દે. પાછી આપવામાં પણ બુદ્ધિમત્તાનો પરિચય આપે. અન્ન, જળ, વસ્ત્ર, નિવાસ વગેરેની ભૌતિક સુવિધાઓ ઉત્પન્ન કરનાર સદાવ્રત, પરબ, હૉસ્પિટલ, ધર્મશાળા વગેરેથી લોકોને શારીરિક લાભ જ મળી શકે છે. એનો મફતનો લાભ પણ કોઈ અપંગ કે સમાજસેવીએ જ લેવો જોઈએ. સમર્થ લોકો બીજાના અનુદાનોનું કારણ વિનામૂલ્યે ચૂકવ્યા સિવાય લાભ ઉઠાવે તો એ ભિક્ષાવૃત્તિ જ કહેવાશે. ભિક્ષાવૃત્તિ સ્વીકાર કરવી તે સમર્થ વ્યક્તિ માટે લજ્જાસ્પદ વાત છે. દરેક વ્યક્તિએ પોતાની સુવિધાઓ પોતે મૂલ્ય ચૂકવીને જ મેળવવી જોઈએ. અપંગો માટે ધર્મશાળા, પરબ વગેરે બને તો એ વાત સમજી શકાય છે, પરંતુ સમર્થ વ્યક્તિ તેનો લાભ ઉઠાવે તો એ દાન દાતા માટે અહંકારની પૂર્તિનું નિમિત્ત ભલે બને પરંતુ સમર્થ ઉપભોક્તા માટે પતન અને શરમનું જ નિમિત્ત બનશે.

લોકો મોટેભાગે વિવેકપૂર્વક નહીં પણ નામના અને પ્રસિદ્ધિને ધ્યાનમાં રાખીને દાન કરે છે. એવી જ રીતે ઈશ્વર માટે નિવાસ, ભોજન, સેવાચાકરી ઉપલબ્ધ કરાવતાં મંદિરોની વાત પણ વિચારવા જેવી છે. પ્રાચીનકાળમાં મંદિરો જનજાગૃતિનાં કેન્દ્ર રહેતાં હતાં અને ત્યાંના નિવાસી લોકમંગલની અસંખ્ય સત્પ્રવૃત્તિઓનું સંચાલન કરતા હતા તેથી એ દેવાલયોનું નિર્માણ તથા એમાં ખર્ચાયેલું ધન સાર્થક થતું હતું. આજે સ્થિતિ જુદી છે. દેવાલયો અંગત સ્વાર્થ ધરાવતા મહંતો અને મઠાધીશો માટે વિલાસી સુવિધાઓ પ્રાપ્ત કરાવવાનાં માધ્યમ બની ગયાં છે. ભક્ત લોકો એ સમજીને મંદિર બનાવે છે કે ઈશ્વર એક વ્યક્તિ છે, તેના ઉપર ભોજન, વસ્ત્ર, નિવાસ વગેરેનું એહસાન કરવાથી મર્યા બાદ એ વ્યાજ સાથે અસંખ્ય સુવિધાઓ આપણને સ્વર્ગમાં આપશે. આ દૃષ્ટિકોણ ખૂબ જ હલકો છે. ઈશ્વર વ્યક્તિ નહીં શક્તિ છે. તેને પ્રસન્ન કરવા લોકમંગલ માટે તથા વિશ્વસુધાને શ્રેષ્ઠ અને સમૃદ્ધ બનાવવા માટે કરેલી સદ્ભાવના અને ઉદારતા જ તેને પ્રિય હોઈ શકે છે.

દાનની સાર્થકતા અને નિરર્થકતાનું મૂલ્યાંક કરનાર વ્યક્તિ જાણે છે કે સંસારનાં બધાં દુઃખો અને સમસ્યાઓનું એકમાત્ર કારણ માનવીય દુર્બુદ્ધિ છે. તેને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હટાવવા માટે ઉચ્ચ વિચારણા ઉપલબ્ધ કરતાં સાધનો ભેગાં કરવાં એ જ સુખશાંતિનો એકમાત્ર આધાર છે. આ આવશ્યકતા પૂરી કરવા માટે જ્ઞાનયજ્ઞ જેવું કોઈ અભિયાન ઊભું કરવા અને તેનું સિંચન કરવા માટેની વ્યવસ્થા નથી. સમયની આ મહાન જરૂરિયાતને પૂરી કરવા માટે કરવામાં આવેલ દાન જ વિવેકસમંત કહી શકાય છે. એથી જ સમાજનું હિત થશે અને સાર્થકતાને અનુરૂપ દાતાને તેનાથી જ આત્મસંતોષ મળશે. જેમની પાસે નિર્વાહ કરતાં વધારે ધન છે એમણે પણ એ ધન આ પ્રયોજન માટે જ ખર્ચ કરી દેવું જોઈએ. લોકોએ દાન તો મંદિરો અને મઠોમાં કરોડો-અરબો રૂપિયાનું કર્યું છે, પરંતુ ભામાશાની ફક્ત ૩૦ લાખની ઉદારતા એ માટે અમર બની ગઈ કે કયા કાર્યનો ઉપયોગ કેટલો છે ? રાણા પ્રતાપના સ્વાધીનતા - સંગ્રામની ગરિમા જેટલી વધારે હતી એ જ પ્રમાણમાં વિવેકવાન ભામાશાની એ નાનકડી રકમની પણ પ્રશંસા થઈ. જ્ઞાનયજ્ઞથી વધારે આ યુગમાં વિશ્વમાનવની સેવાનું બીજું કોઈ માધ્યમ નથી. વિચારક્રાંતિ, નૈતિક ક્રાંતિ અને સામાજિક ક્રાંતિની સફળતા પર જ વિશ્વકલ્યાણનો પાયો મુકાનાર છે, તેથી આ મૂળને સીંચીને જ આપણે વિશ્વમાનવનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવી શકીશું. ધન જ્યાં પણ હોય, મૂડી જ્યાં પણ સંગ્રહિત હોય તેને વિલાસિતા માટે ભેગી કરીને ન રાખવામાં આવે કે પુત્રપૌત્રોમાં વહેંચી દેવામાં ન આવે. બાળકોને સ્વાવલંબી અને આત્મજીવી બનાવવા માત્રાની જવાબદારી માતાપિતાની છે. એમને દોલત આપીને પણ મારવામાં આવે અને હરામની કમાણી ખાઈને લોકપરલોક બગાડવા માટે પતનોન્મુખ બનાવવામાં આવે એમાં જરાય બુદ્ધિમાની નથી. નિર્વાહમાંથી બચી ગયેલા પૈસાની સાર્થકતા નથી સંગ્રહમાં, નથી વિલાસીપણામાં કે નથી સંબંધીઓ માટે મોજમજા કરવા મૂકી જવામાં. એનો સાચો સદુપયોગ લોકમંગલ માટે સમાજને પાછું આપી દેવામાં જ છે. દરેક ઈમાનદાર પાસે સમયનો એ જ તકાજો છે કે ભલાઈની ભાવના સાથે એ સંગ્રહિત સંપત્તિને ચૂપચાપ નવનિર્માણ જેવા મહાન કાર્ય માટે પાછી આપી દે.રૂપિયો બે રૂપિયા દાનદક્ષિણા આપીને દાનનો ઢંઢેરો પીટવાની આત્મપ્રવંચના ન કરવી જોઈએ, પરંતુ યોગ્ય નિર્વાહની મર્યાદા કરતાં જેટલું ધન વધુ હોય તેને હિંમત સાથે પાછું આપી દેવું જોઈએ.

**હાથીકી ચોરી કરે, કરે સૂઈકા દાન ।**
**ઊંચે ચઢકર દેખતે કિતને દૂર વિમાન ।।**

આવી ઉક્તિનું આચરણ કરીને આપણે ઉપહાસાસ્પદ ન બનવું જોઈએ પરંતુ પરિગ્રહના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે કરકસરથી ગુજારો કરવા જેટલી વ્યવસ્થા બનાવીને પોતાની સંચિત સંપત્તિનો શેષભાગ યુગ પરિવર્તનની મહાન પ્રક્રિયા સંપન્ન કરી શકે એવા કોઈ કાર્યમાં લગાવી દેવો જોઈએ.

**ધન સમાજનું થવા જઈ રહ્યું છે, તેના પર વ્યક્તિનું સ્વામીત્વ રહેશે નહીં.** આ નિશ્ચિત થનાર પરિવર્તનને આપણે ખુલ્લી આંખે જોવું જોઈએ અને સ્વેચ્છા ત્યાગનું પ્રશંસનીય સાહસ રજૂ કરી અનુકરણશીલ આદર્શ ઉપસ્થિત કરવો જોઈએ. બળપૂર્વક ત્યાગ કરવાની લાચારી પેદા થાય તે પહેલાં સ્વેચ્છા ત્યાગની, ઉદારતા બતાવી શકાય તો તેને પ્રશંસનીય દૂરદર્શિતા, સજ્જનતા, ઉદારતા અને દાતાની મહાનતા જ કહેવામાં આવશે. જ્ઞાનયજ્ઞ માટે મહાકાલે સંપત્તિ માગી છે. **જેઓ આપશે તેઓ ઘણું મેળવશે, પરંતુ જેઓ કંજૂસાઈ કરશે તેમને માથું પછાડી-પછાડીને હાથ ઘસવાનું જ ભાગમાં આવશે.** યુગ પરિવર્તન સાથે જોડાયેલાં પરિવર્તનોની ચર્ચા કરતાં, આર્થિક વિષમતાનો અને સંપત્તિ પરના અધિકારનો અંત થવાની ભવિષ્યવાણી કરવામાં આવી છે. અહીં એ બતાવવામાં આવ્યું છે કે સમયસર આપણે એવા આદર્શ રજૂ કરવામાં લાગી જવું જોઈએ કે જેથી સંગ્રહની ભૂલનો પ્રશ્ચાત્તાપ કરવો નહિ પડે અને લાચારીમાં છિનવાઈ જવાનું દુ:ખ સહન નહિ કરવું પડે.

ભાવિ પરિવર્તન સાથે જોડાયેલું બીજું ચરણ છે જાતિ અને લિંગભેદનો અંત. મનુષ્ય અને મનુષ્ય વચ્ચે ઊભી કરવામાં આવેલી આ અન્યાય અને અવિવેકપૂર્ણ દીવાલો લાંબો સમય ઊભી રહી શકશે નહીં. નાતજાતના નામે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઊંચનીચની માન્યતા અને જુદાપણાની જેટલી પણ રૂઢિવાદી યોજનાઓ ઊભી થઈ છે તે આગામી તોફાનના એક ઝટકામાં જ વેરવિખેર થયેલી જોવા મળશે. નથી એનું કોઈ ઔચિત્ય કે નથી આધાર, એનાથી હાનિ પારાવાર છે. તેથી મહાકાળ આવી અનીતિયુક્ત મૂર્ખતાને લાંબો સમય સહન કરી નહિ શકે. એ જડમૂળથી ઉખેડી જવાનું છે તથા એનો નાશ થવાનો જ છે. આપણે આપણા જીવનક્રમમાંથી જાતિવાદને તિરસ્કૃત કરવાનો જ પ્રયત્ન કરવો જોઈએ. કાચી-પાકી રોટલીનો ભેદ ગાયત્રી યજ્ઞોના સામૂહિક પ્રીતિભોજોમાંથી એક રીતે હટાવી જ દેવામાં આવ્યો છે. આપણાં આયોજનોમાં સાદી રોટલી, ખીચડી વગેરેની જ દાવતો હોય છે. જાતિભેદ વિના લાખો કરોડો લોકો એમાં સામેલ થાય છે. સમાજ પર એનો વ્યાપક પ્રભાવ પડ્યો છે અને એ માન્યતા લગભગ મટી જ ગઈ છે કે કોઈના હાથનું સ્પર્શ થયેલું ભોજન કોઈ ખાઈ લે તો એનો ધર્મ ભ્રષ્ટ થઈ જશે.

રોટી પછી બેટીનો નંબર આવે છે. આ સંદર્ભમાં લોકોના મનમાં હજી ઘણી ગેરસમજ છે. તેથી ધીમા કદમ ઉઠાવવાની દૃષ્ટિથી અમે એ કહેતા રહ્યા છીએ કે શરૂમાં ઉપજાતિઓનાં બંધનો તો વિવાહ-લગ્ન કરતી વખતે જ તોડી નાખવામાં આવે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે મુખ્ય જાતિઓ ઉપજાતિઓના ભેદ તોડીને વિશાળ બિરાદરી બનાવવાનો પ્રયાસ કરે. કોઈ ઉપજાતિની વ્યક્તિએ પોતાની જ જાતિની બીજી ઉપજાતિમાં લગ્ન કરવામાં જરાપણ ખચકાટ અનુભવવો ન જોઈએ. દરેક બિરાદરીમાં આવા જ પ્રયાસો કરવામાં આવે. આનાથી વરકન્યાઓનાં યોગ્ય જોડકાં શોધવામાં સરળતા થશે અને દહેજ જેવી ઘૃણિત પ્રથાની સરળતાથી નાબૂદી થઈ શકશે.

એ પ્રયોજન માટે જાતીય સભા કે સંસ્થાઓ બનાવી શકાય છે કે જેથી ઉપજાતિઓનો અંત થઈ એક મોટી બિરાદરી બની જાય. આજનાં જાતીય સંગઠનો પોતાનું ગૌરવ બતાવવા, પોતાને બીજાથી શ્રેષ્ઠ સિદ્ધ તથા જુદાપણાની ભાવના પેદા કરવા તરફ ઉન્મુખ થઈ રહ્યાં છે. તેથી એનાથી લાભની જગ્યાએ નુકસાન જ વધુ છે. એમની હરીફાઈમાં જો પ્રગતિશીલ બ્રાહ્મણસભા, પ્રગતિશીલ ક્ષત્રિયસભા, પ્રગતિશીલ વૈશ્યસભા, પ્રગતિશીલ કાયસ્થસભા વગેરે બની જાય તો એનાથી વિભેદની દીવાલો તોડી પાડવાનું એક ચરણ પૂરું થઈ શકે છે. અંતે તો એક જ બિરાદરી રહેવાની છે. 'ઈન્સાની બિરાદરી'. આજે નહિ તો કાલે 'વસુધૈવ કુટુંબકમ્'ના લક્ષ સુધી આપણે પહોંચવું જ પડશે.

નારી જાતિ પર નર દ્વારા થોપવામાં આવેલ બંધનોમાં સામંતવાદી અને તાનાશાહી દુષ્પ્રવૃત્તિનું નગ્ન નૃત્ય જોઈ શકાય છે. પડદાપ્રથાની શું ઉપયોગિતા છે ? ગાય, ભેંસ, બકરી, ઘેટાં સુધ્ધાંને મોંઢા પર નકાબ લગાડવો નથી પડતો અને તેઓ ઇચ્છે ત્યારે પોતાની વાણી ખોલી શકે છે. નારીને આટલી પણ સ્વતંત્રતા ન હોય, એને મોંઢા પર કલંકની જેમ પડદો ઢાંકવો પડે અને કોઈની સાથે વાત કરવા માટે મોંઢુ ખોલવાની પરવાનગી ન હોય તો આને મનુષ્યતાનું અપમાન જ કહી શકાય. શિક્ષણ અને સ્વાવલંબનના ક્ષેત્રમાં નારી તેની પદદલિત સ્થિતિને કારણે ઘણી પાછળ રહી ગઈ. હરઘડી અંકુશ, નિયંત્રણ અને બંધનમાં જકડાયેલી રહેવાથી તેનું મનોબળ ક્ષીણ થઈ ગયું. બળપૂર્વક પ્રજનન થોપવાથી તે સ્વાસ્થ્ય પણ ગુમાવી બેઠી. આપણા સમાજમાં નારીની દશા જેલમાં રહેતા કેદીઓ કરતાં પણ ખરાબ છે. આ સ્થિતિ બદલવામાં નહિ આવે તો આપણી અડધી જનસંખ્યા અપંગોની જેમ નિરુપયોગી અને ભારરૂપ બનીને બેસી રહેશે. હવે એ સમય આવી ગયો છે કે આ સ્થિતિનો અંત કરવા માટે સાહસિક કદમ ઉઠાવવામાં આવે.

નારીશિક્ષણ પર વધુમાં વધુ ધ્યાન અપાવું જોઈએ. ગૃહકાર્યોમાં વ્યસ્ત અને પ્રૌઢ મહિલાઓ માટે ત્રીજા પહોરમાં દરેક શેરી અને મહોલ્લામાં તેમજ ગામોમાં પ્રૌઢ પાઠશાળાઓની વ્યવસ્થા હોવી જોઈએ. પુરુષોનું એ કર્તવ્ય હોવું જોઈએ કે ઘરની મહિલાઓ અને છોકરીઓને ભણાવવા માટે રોજ થોડો સમય ફાળવે તથા ઘરેલુ પાઠશાળા ચલાવે. આમતેમ મજાકમશ્કરી કરતા રહેવા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરતાં સેવા, મનોરંજન અને સમયના સદુપયોગનાં આ સર્વોત્તમ રીત છે. એમને ઘરની બહારનાં કેટલાંક કામો અને જવાબદારી સોંપવાં જોઈએ કે જેથી હીનતાની ભાવનાથી મુક્ત થઈને તેઓ લોકવ્યવહારથી ટેવાઈ શકે. કન્યા-પુત્રનો ભેદભાવ મનમાંથી કાઢી નાખવો જોઈએ અને બન્નેને ડાબી-જમણી આંખની જેમ સમજીને બન્નેના વિકાસ માટે સમાનરૂપે વ્યવસ્થા કરવામાં આવે.

નારી પર પ્રજનનનો ભાર ઓછામાં ઓછો પડે એ તેની શારીરિક અને માનસિક તંદુરસ્તીને સુરક્ષિત રાખવાની દૃષ્ટિએ અત્યંત જરૂરી છે. બે બાળકો થયા બાદ સંતાનપ્રાપ્તિ પર પૂર્ણવિરામ લગાવી દેવું જોઈએ. આપણા દરિદ્ર, અશિક્ષિત અને રુગ્ણ દેશમાં બાળકો માટેની ઇચ્છા એટલી વધારે છે કે સંતાન ન થવાથી દંપતી દુઃખી રહેવા લાગે છે અને પોતાને અભાગિયા સમજે છે. જ્યારે તથ્ય એ છે કે આજની સ્થિતિમાં બાળકો પેદા કરવાં એ એક રીતે ધરતીનો ભાર વધારવા અને દેશદ્રોહ કરવા જેવો અપરાધ ગણવો જોઈએ. એ લોકો પોતાનાં બાળકોના પાલનમાંથી બચેલી શક્તિને લોકમંગલનાં વધુ ઉપયોગી કાર્યોમાં લગાડીને ધન્ય બની શકે છે તથા જે પૈસા બાળકો માટે ખર્ચ્યા હોત એને નવનિર્માણના ઉપયોગી કાર્યોમાં લગાડી શકાય છે.

જે નરનારી લગ્ન કરવાનું આવશ્યક સમજે એમણે જ કરવું જોઈએ. જેમને દાંપત્યજીવનની ભારે જવાબદારી ઉપાડવામાં સંકોચ થતો હોય એમને આ માટે જરા પણ દબાણ ન કરવું જોઈએ. દહેજની માગ એ નારીજાતિનું ઘૃણિત અપમાન છે. જ્યાં આવી માંગ પૂરી કર્યા વિના કામ ચાલી ન શકે ત્યાં છોકરીઓએ સાહસિકતાથી લગ્ન કરવાનો ઇન્કાર કરી દેવો જોઈએ અને કુંવારી રહીને જીવન વીતાવવું જોઈએ. દહેજની મર્યાદા બહારની માંગ કરનાર નિષ્ઠુર હૃદયના માંસ વેચનારાઓને ત્યાં છોકરી આપવા કરતાં તેને જીવનભર કુંવારી રહેવા દેવી બેહતર છે.

યુગ પરિવર્તનનું ત્રીજું ચરણ વિશ્વએકતાના રૂપમાં થાય છે એક રાષ્ટ્ર, એક ધર્મ, એક ઈશ્વર, એક તત્ત્વદર્શન, એક સંસ્કૃતિ અને એક ભાષાની સમગ્ર એકતા અપનાવીને જ વિશ્વબંધુત્વની ભાવનાને વિકસિત કરી શકાશે અને સમગ્ર વિશ્વને પ્રેમ તથા એકતાના પારિવારિક સ્નેહબંધનમાં બાંધી શકાશે. એ માટે ગુણગ્રાહી દૃષ્ટિકોણ વિકસિત કરવો પડશે. અપના સો અચ્છાનો દુરાગ્રહ છોડીને જો અચ્છા સો અપનાનો આદર્શ અપનાવવો પડશે. બધા લોકો પોતપોતાના સંપ્રદાય કે ભાષાને જ સર્વશ્રેષ્ઠ કહેતા હોય છે. પોતીકાપણાનો મોહ છોડવા માટે કોઈ તૈયાર ન થાય તો એકરૂપતા ક્યારેય શક્ય જ નહિ બને અને તે વિના પ્રગતિ રોકાયેલી જ રહેશે. આપણે વિશ્વનાં બધાં દર્શનો અને ધર્મોનું મંથન કરીને એમાંથી જે સિદ્ધાંતો આજની પરિસ્થિતિઓને અનુરૂપ અને અનુકૂળ લાગતા હોય એમને અપનાવી લેવા જોઈએ. વિશ્વધર્મ આ રીતે જ બનશે. વિશ્વશક્તિની, વિશ્વરાષ્ટ્રની અને વિશ્વબંધુત્વની પદ્ધતિથી વિચારવાનું શરૂ કરી દેવું જોઈએ. પક્ષપાત નહીં પણ જો ન્યાય અને વિવેક તથા ઉદારતા અને વિશાળતાનો દૃષ્ટિકોણ અપનાવવામાં આવે અને એવી જ વ્યાપક વિચારધારા પ્રસારિત કરવામાં આવે તો ફક્ત યુદ્ધનો ખતરો જ ટળશે એટલું જ નહિ પરંતુ હળીમળીને કામ કરવાની અને હળીમળીને ખાવાની સહયોગાત્મક પ્રવૃત્તિ પણ વિકસશે. આજે જે ખેંચતાણ અને દોડધામ દેખાય છે તેને બદલે પરસ્પર સહયોગ તથા સર્જનમાં લાગી જઈએ તો નિઃસંદેહ આ ધરતી પર સ્વર્ગનું અવતરણ થઈ શકે છે. આમ આ કાર્ય રાજનીતિ અને રાજનેતાઓ દ્વારા સરળતાથી પૂરું કરી શકાય છે, પરંતુ એમને સુમતિ નથી મળતી કેમ કે વધુ લોકોને નેતા બનવાનો અને તેનો લાભ ઉઠાવવાનો અવસર, અલગતાવાદને હટાવવા તથા એકતાની પ્રવૃત્તિઓને વધારવાની દિશામાં ચાલવાથી મળતો નથી. વ્યક્તિગત અને સામાજિક જીવનમાં આ એકતાની પ્રક્રિયાને વિકસિત કરવાનો અવસર મળે તે માટે આપણે પ્રયત્નશીલ રહેવું જોઈએ. સમન્વયવાદી, એક કેન્દ્ર પર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એકત્રિત કરવા માટેના તથા વિભિન્ન વિચારધારા ધરાવતા લોકોને એકત્રિત કરતાં આયોજનો કરતા રહેવામાં આવે જેમાં ભિન્નતા વચ્ચે એકતા શોધી કાઢતા વિચારો વ્યક્ત કરવામાં આવે. દૂર રહેવાથી જુદાપણાની ખાઈ મોટી બનતી જાય છે અને હળવા-મળવાથી એકબીજાની વધુ નિકટ અવાય છે.

ચોથો આધાર વ્યક્તિવાદને સમૂહવાદમાં પલટાવી નાખવાનો છે. ધનની દષ્ટિએ જ માણસ સ્વાર્થી બન્યો હોય અને લોભ-મોહમાં ફસાઈ ગયો હોય એવી વાત નથી. દરેક ક્ષેત્રમાં એટલે સુધી કે ધર્મ, અધ્યાત્મ અને ઈશ્વર જેવા પરમાર્થ-પ્રયોજનોને પણ વ્યક્તિગત સ્વાર્થપણાના કાદવમાં ખેંચી લેવામાં આવ્યાં છે.

એ એક તથ્ય છે કે **આપણાં સત્કર્મો અને સેવા તથા અનુદાનોથી ભરેલા ઉચ્ચ આચરણને જોઈ પરમેશ્વર જેટલો દ્રવિત થાય છે તેટલો ધૂપ-દીપથી નહીં, આ જ વાત વિશ્વમાનવને લાગુ પડે છે.** લોકોની ભૌતિક સુખસગવડો, અન્ન, વસ્ત્ર, દવા, ધન વગેરેની મફત વ્યવસ્થા બનાવીને સંસારની સેવા કરી શકાય છે, તેનાથી કરોડ ગણી સેવા તેના અંતરંગ વિચારોનો સ્તર તથા ભાવપ્રવાહનો સ્તર ઉચ્ચ બનાવીને' કરી શકાય છે. ઉચ્ચ ભાવસ્તરની વ્યક્તિ પોતાની સમસ્યાઓ તો સહજતાથી ઉકેલી શકે છે, તેવી જ રીતે તેને બીજાઓની મુશ્કેલીઓ ઉકેલવામાં અને અંધારામાં પ્રકાશ ફેલાવવામાં પણ વાર નથી લાગતી. આ સ્તરનું અનુદાન ઈશ્વરભક્તિનો અને આત્માનો પરમાત્મામાં લય કરવાનો સૌથી શ્રેષ્ઠ પ્રકાર માની શકાય છે.

આપણે પોતાની અને પોતાના પરિવારની એટલી જ ચિંતા કરવી જોઈએ જેટલી કે સંપૂર્ણ સમાજની કરવામાં આવી છે. સંપૂર્ણ વિશ્વ જ્યારે આપણો પરિવાર માની લીધું છે તો થોડા લોકો પર જ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવું અને એમને માટે જ મરવું કેવી રીતે ઉચિત ગણાય ? સારો ગૃહસ્વામી તેના સંપૂર્ણ પરિવારનું સમાન રૂપે ધ્યાન રાખે છે અને બધા સ્વજનો સુવિધા પૂરી પાડવાનો પ્રયત્ન કરે છે. આપણે આપણું હૃદય એવું જ વિશાળ બનાવવું જોઈએ. સ્વર્ગ નિઃસંદેહ ઉત્કૃષ્ટ દષ્ટિકોણનું નામ છે, જેને પ્રાપ્ત કરવાથી વ્યક્તિની વિચારવાની અને કાર્ય કરવાની રીત એવી આત્મસંતોષથી ભરેલી અને શાંતિદાયક બની જાય છે કે તેને હરઘડી નંદનવનમાં નિર્વાહ કરવા જેવો આનંદ મળે છે.

એ કલ્પના માત્ર બાળભાવના જ છે ઈશ્વર એક વ્યક્તિ છે અને વ્યક્તિને સામગ્રી તથા પ્રશંસાના પ્રલોભનથી કોઈ રીતે આકર્ષિત અને પ્રભાવિત કરી શકાય છે તેમજ ફોસલાવીને પોતાનું કામ કઢાવી શકાય છે. **આજે બધો પૂજાપાઠ એ જ ધરીની આસપાસ ઘૂમી રહ્યો છે કે ઈશ્વર એક વ્યક્તિ છે અને વ્યક્તિની બધી દુર્બળતાઓ એનામાં મોજૂદ હોવાથી ભક્તિ નામની કહેવાતી મશ્કરી તેની પાસેથી કામ કઢાવવામાં સફળ થઈ શકે છે.** આ બાળમાન્યતા ઘણી જૂની થઈ ગઈ છે અને તેની નિરર્થકતાને દરેક કસોટી પર પારખી લેવામાં આવી છે. હવે એ ભક્તિભાવનાનો ઉદય કરવાનો બાકી છે જે ભાવભક્તિના રૂપમાં વિશ્વવ્યાપી પરમાત્મ સત્તાને ઉત્કૃષ્ટ કર્તૃત્વ અને શ્રેષ્ઠ ભાવસ્તર દ્વારા જ પ્રભાવિત તથા આકર્ષિત કરી શકે છે. વ્યક્તિનું સમષ્ટિમાં સમર્પણનું આ સાધુ-બ્રાહ્મણ જીવનનું સ્વરૂપ અનાદિકાળથી ચાલ્યું આવે છે. વચગાળાની વિડંબનાની અવધિને ઉપેક્ષિત કરી દેવી જોઈએ અને દરેક મનને ભગવાનના મંદિર તથા ઉત્કૃષ્ટ આદર્શવાદિતાને દેવપ્રતિમાના રૂપમાં પ્રતિષ્ઠિત કરવું જોઈએ. સદ્જ્ઞાન, સદ્ભાવ અને સત્કર્મોનાં પુષ્પોથી જ ભગવાનનો સાચો શૃંગાર કરી શકાય છે. આ માન્યતા સાથે આપણે જ્ઞાન અને કર્મથી સમન્વિત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભક્તિભાવનાની ત્રિવેણીમાં સ્નાન કરીને સાચી આત્મિક પ્રગતિ અને ચિરસ્થાયી સુખશાંતિનો અનુભવ કરવો જોઈએ.

આવનાર સમય સાચો ધર્મ, સાચું અધ્યાત્મ અને સાચી તપસાધનાનો હશે, જેમાં પૂજાપાઠ ભલે ઓછાં થઈ જાય, પરંતુ દરેક વ્યક્તિ એ અનુભવશે કે આપણા મનઃસંસ્થાન તથા કર્મપ્રક્રિયાનો પ્રત્યેક કણ લોકમંગલ માટે સમર્પિત થશે. વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાઓ સમાપ્ત થશે. લોકો ઓછાં સાધનોમાં સાદાઈ અને સજ્જનતાની જિંદગી જીવવામાં જ પૂરતો સંતોષ માનશે, એમની મહત્ત્વાકાંક્ષાઓનું બધું ધ્યાન વિશ્વવ્યાપી સદ્ભાવનાઓ તથા સત્ પ્રવૃત્તિઓના અભિવર્ધન પર કેન્દ્રિત થઈ જશે.

આ પરિવર્તનની પ્રક્રિયા અનાયાસે જ સામે આવીને ઊભી નહિ રહે. જાદુની છડી ફેરવીને કોઈ સંત, અવધૂત કે અવતાર આ બધું કરીને મૂકી નહિ જાય. એ માટે કરોડોની જનતાએ ઘોર પ્રયત્ન કરવો પડશે અને દરેક જાગૃત આત્માને પ્રસ્તુત વિપત્તિઓ સાથે ઝઝૂમવા માટે રીંછ-વાનરોની જેમ દુઃસાહસી બનવું પડશે. આ મહાઅભિયાનનું નેતૃત્વ કરવા માટે મહાભાગોની આજે સૌથી વધુ જરૂર છે જેઓ ઈશ્વરીય ઈચ્છા, યુગની આવશ્યકતા અને વિશ્વવ્યાપી સુખશાંતિ માટે પોતાના ક્ષુદ્ર સ્વાર્થોનું બલિદાન કરીને નવનિર્માણની ઐતિહાસિક ભૂમિકા ભજવીને પોતાને ધન્ય બનાવી શકે.

યુગ પરિવર્તનનો સમય ઝડપથી નિકટ આવી રહ્યો છે. આ સમય પ્રસવપીડાનો છે, અગ્નિપરીક્ષાનો છે, જેમાસૌથી વધુ પરીક્ષા એ સમર્થ આત્માઓની થશે જેથીસંસ્કારવાન સમજવામાં આવે છે. એમણે પોતાનો જીવનક્રમ એવો ઢાળવો પડશે કે જેને જોઈને બીજા પણ તેવું જ અનુકરણ કરી શકે. ચારિત્ર્યનું શિક્ષણ વાણીથી નહીં, પોતાનો આદર્શ રજૂ કરીને જ આપી શકાય છે. તેથી જેમનામાં પણ માનવીય ગરિમા અને દૈવી મહાનતાના અંશો વિદ્યમાન છે એમણે એ જ પ્રમાણમાં પોતાના દુઃસાહસપૂર્ણ કર્તૃત્વને વિશ્વમાનવ સામે રજૂ કરવા માટે દઢતાપૂર્વક અગ્રેસર થવું જોઈએ.

ચાર આધાર લઈને યુગ બદલાઈ રહ્યો છે. યુગ નિર્માણ યોજનાથી પ્રભાવિત દરેક પરિજને પોતાનું મગજ અને ક્રિયાકલાપ એ જ દિશામાં પ્રખર બનાવવા માટે દુસ્સાહસભર્યાં કદમ ઉઠાવવા માટે તત્પર થવું જોઈએ, એ જ યુગ દેવતાનો પોકાર છે અને એ જ અમારો અનુરોધ અને આગ્રહ છે.

---

**ઘસવાથી અને અથડાવવાથી શક્તિ ઉત્પન્ન થાય છે, એ વૈજ્ઞાનિક નિયમ છે. ઈશ્વર પોતાના પ્રિય પુત્ર માનવીને શક્તિશાળી પ્રગતિશીલ, વિકાસોન્મુખ, ચતુર, સાહસિક અને પરાક્રમી બનાવવા માગે છે. તેથી એણે સમસ્યાઓ અને મુશ્કેલીઓનો એક મોટો ખડકલો દરેક માનવી સામે ઊભો કરેલો હોય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# માનવ જીવન એક પવિત્ર ધરોહર

ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકયા પછી માનવજીવન ત્યારે જ મળે છે, જ્યારે કૃપાનિધાન ભગવાન જીવાત્માના ઉદ્ધાર નિમિત્તે અકારણ કૃપા કરે છે. માનવજીવનની ગરિમા અનુપમેય છે. માનવ-શરીરમાં સ્વયં બ્રહ્માંડનું પ્રતિરૂપ છે. બાહ્ય જગતથી માંડીને અત્યંત ઊંડા પાતાળ રાજ્યના ગાઢ અંધકાર તથા ઊર્ધ્વતમ મહાવ્યોમના ચિદાલોક સુધ્ધાં માનવ-શરીરમાં વિરાજિત છે. આમાં પ્રકૃતિનાં દરેક તત્ત્વો નિગૂઢ રૂપમાં મોજૂદ છે. કોઈ પણ તત્ત્વનો અહીં અભાવ નથી. આવી દુર્લભ સંપદાનો ઉપયોગ ઘણું જ સમજી-વિચારીને કરવો જોઈએ.

માનવ-જીવન આપણને એટલા માટે મળ્યું નથી કે અનંતકાળને માટે પોતાની અવનતિનાં સાધન એકઠાં કરતા રહીએ. મનુષ્યજીવન જેવા સુરદુર્લભ સૌભાગ્યનો સદુપયોગ કરવાની જગ્યાએ નિરર્થક વાતોમાં ગૂંચવાઈ જઈએ. માનવ-જીવન અદ્‌ભુત તેમજ વિલક્ષણ છે. અહીંથી ઊર્ધ્વમાં પણ જઈ શકાય છે અને અધઃપતન તરફ પણ ઉન્મુખ થઈ જઈ શકાય છે. જે પોતાને સત્કર્મોની ક્રિયાશીલતામાં સમર્પિત કરી દે છે, તે સ્વતઃ જ એ પરમસત્તાની પૂર્ણ અભિવ્યક્તિના આધાર બની જાય છે. બંગાળના સુપ્રસિદ્ધ ભક્ત રામપ્રસાદે આ ભાવને કંઈક આવી રીતે વ્યક્ત કર્યો છે-

**મન રે ! તુમિ કૃષિ કાજ જાનન ।**
**એ મન માનવ જમિન રઈલ પતિત**
**આબાદ કરલે ફલત સોના ।**

એટલે કે હે મન ! તું ખેતી કરવાનું જાણતું નથી. માનવ-જીવનરૂપી જમીન ખેડયા વગરની રહી ગઈ. જો સત્કર્મોની ખેતી કરી હોત તો સોનું ઊગત એટલે કે ભગવાન મળ્યા હોત.

ઉપનિષદકાર મહર્ષિ કહે છે, 'ઊઠો ! જાગો !' જાગવાનો અભિપ્રાય એ છે કે સમસ્ત ચરાચર જગત ઈશ્વરનો અંશ હોવાને લીધે ઈશ્વરનું સ્વરૂપ છે એવું સમજીને તેની સેવા કરવી અને સર્વવ્યાપક પરમાત્માને તત્ત્વ વડે જાણીને તેની પ્રેમમયી સ્તુતિ સદૈવ કરતા રહેવું. આવી જાગૃત વ્યક્તિ જ્યાં પણ હોય છે, ત્યાંના જન-મન ઉપર તેનો પ્રભાવ પડયા વગર રહેતો નથી. સદ્‌વિચારો તેમજ સદ્‌ભાવોના વિદ્યુત પ્રવાહનો પ્રભાવ તેમની આજુબાજુના લોકો ઉપર સૂક્ષ્મરૂપે પડતો રહે છે. ફળસ્વરૂપે ત્યાં અનાયાસે જ સૌભાગ્ય-સમૃદ્ધિની વૃષ્ટિ થતી રહે છે.

મનુષ્ય, ચેતનાના જે ધરાતલ ઉપર ઊભો છે, ત્યાં દાસત્વ ઓછું અને સ્વતંત્રતા વધારે છે. તે જે પરિસ્થિતિમાં જન્મ્યો છે, ત્યાં જ સમાપ્ત થઈ જવા માટે બંધાયેલો નથી. તે એટલો સ્વતંત્ર છે કે પ્રત્યેક ક્ષણે નવો સંકલ્પ કરી શકે છે. ચેતનાના ઉચ્ચતર લોકોને જીતી શકે છે. 'ચેતના' શબ્દમાં વ્યાપક-વિરાટ અર્થ રહેલો છે. ચેતના સાથેનો આશય એ છે કે મનુષ્યમાં જડ જગતથી ભિન્ન કેટલીક શક્તિઓ છે. તે વસ્તુ અને સત્યને જોઈ-સાંભળી શકે છે, અનુભવ કરી શકે છે, સમજી-વિચારીને નિર્ણય લઈ શકે છે અને અનેક પ્રકારની ક્રિયાઓ કરી શકે છે. આ બધું એ કારણે સંભવી શકે છે, કે એનામાં ચેતના છે. જડ જગત શરીર, પ્રાણ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર આ બધું જ એક પ્રકારે ચેતનાની સ્થૂળ અભિવ્યક્તિઓ છે. આ જ ચેતના રૂપાંતરિત થઈ મહાચેતના, દિવ્યચેતના, અતિમાનસિક ચેતનામાં ઉદ્‌ભવી શકે છે. શ્રી અરવિંદના મતાનુસાર, જો માનવી પોતાની અપૂર્ણતાઓને પ્રેમ કરવાનું છોડી દે તો તેના આધ્યાત્મિક રૂપાંતરણમાં સમય લાગતો નથી.

વિડંબના એ છે કે અધિકાંશ મનુષ્ય ઈન્દ્રિયો દ્વારા રચવામાં આવેલી જીવનની પરિભાષાની આજુબાજુ જ ફર્યા કરે છે. ઈન્દ્રિયો જે સત્યને તેમના મન સુધી લાવે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે, તે જ તેમને માટે પરમ સત્ય બની જાય છે. મનુષ્ય ઇન્દ્રિયો જે આપે છે એ જ સત્યને જીવવા માટે, એ જ અનુભૂતિઓને ભોગવવા માટે બંધાયેલો રહે છે. ઇન્દ્રિયો સાંસારિકતા સિવાય બીજું કશું જ સ્પર્શી શકતી નથી. જે દિવસે આ સાંસારિક વાસનાઓથી પોતાને ઉપર ઉઠાવી લે છે, તે દિવસે ભાગવત ચૈતન્યને પ્રાપ્ત કરી લે છે. ત્યારે મનુષ્ય કોઈનો દાસ બનતો નથી. બધા જ તેના દાસ બની જાય છે. જ્યાં જીવનનો સમસ્ત અંધકાર સમાપ્ત થઈ જાય છે, જ્યાં દુઃખ આનંદ બની જાય છે, જ્યાં દુર્બળતાઓ નાશ પામે છે, ત્યાંથી જ મનુષ્યજીવનનું સ્વર્ણિમ રૂપાંતરણ શરૂ થઈ જાય છે.

માનવજીવનની ગરિમા એમાં જ છે કે મનુષ્ય પોતાના જીવનને દિવ્યભૂમિકામાં સ્થાપિત કરી તદનુરૂપ આચરણ કરે. આને માટે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કૃષ્ણએ યોગની વિધિ સમજાવી છે. આ યોગ શબ્દ 'યુજ' ધાતુમાંથી ઉત્પન્ન થયો, જેનો અર્થ છે જોડવું. એટલે સ્પષ્ટ છે કે આપણે ક્યાંકથી વિખૂટા પડી ગયા છીએ અથવા તૂટી ગયા છીએ અને આનો મેળાપ કરાવવાની અથવા જોડવાની આવશ્યકતા છે. આ જોડવાની પ્રક્રિયાને તન, મન તથા બુદ્ધિના સ્તર ઉપર ક્રમશઃ કર્મયોગ, ભક્તિયોગ તેમજ જ્ઞાનયોગ કહેવામાં આવે છે. યોગથી એકદમ વિપરીત છે - 'ભોગ', જ્યાં મનુષ્ય પોતાની નિરંકુશ માંગની પૂર્તિમાં અહર્નિશ ડૂબેલો રહે છે. આશ્ચર્ય એ છે કે આ ભોગકળામાં મનુષ્ય દક્ષ થઈ જાય છે, પરંતુ યોગના શાશ્વત તત્ત્વથી અનભિજ્ઞ બનીને રહે છે.

સામાન્ય રીતે મનુષ્ય ત્રણ પ્રકારનાં કર્મો કરે છે. પહેલું એ કે જે પોતાની સ્વાર્થ-સિદ્ધિ માટે કરે છે. બીજું નિઃસ્વાર્થ વૃત્તિથી અને ત્રીજું એ જે કોઈપણ જાતના પ્રયોજન વગર કરવામાં આવે છે. પહેલી શ્રેણીનાં કાર્યો કર્મયોગ કહી શકાતાં નથી. કર્મયોગ તો ત્યારે જ સંભવે છે, જ્યારે કામના તો હોય, પરંતુ નિજી સ્વાર્થની ન હોય. આ જ રીતે નિષ્પ્રયોજન કર્મ પણ મૂઢતાનું પરિચાયક છે. સ્વાર્થના વર્તુળમાંથી બહાર આવીને મહાન પ્રયોજન માટે કર્મ કરનારાની ચેતના પણ મહાન ચેતના સાથે તદાકાર થઈ જાય છે.

ભાવભર્યા ભક્તિમય જીવનમાંથી પણ આવી જ ઉપલબ્ધિઓ મેળવી શકાય છે. જન્મથી મનુષ્યને જીવનની અનિવાર્ય સુવિધાઓ વગર માંગે જ મળી જાય છે. મનુષ્ય જ્યારે પોતાનાં અજસ્ર અનુદાનોથી પ્રતિપળ તરબોળ કરતા રહેનારા સર્જનહાર પ્રત્યે શરણાગતિ તેમજ ભક્તિવૃત્તિને પોતાના હૃદયમાં ધારણ કરી લે છે, ત્યારે ભક્તિયોગનો ઉદય થાય છે. આની ચરમ પરિણતિ પરમ તત્ત્વ સાથે ભાવમય ઐક્યના રૂપમાં થાય છે.

પ્રભુ સાથે જોડાવાનો ત્રીજો ઉપાય જ્ઞાનયોગનો છે. આ જ્ઞાન માત્ર વિદ્વત્તાથી મળતું નથી. ગહન આત્મચિંતન વડે જ્યારે મનુષ્ય આ લક્ષને સમજી લે છે કે પ્રત્યેક આત્મા નિશ્ચયપણે એ જ છે, જે વિશ્વનો આત્મા છે, બધા જ આધ્યાત્મિક સંબંધથી પરસ્પર બંધાયેલા છે. પ્રત્યેકની દિવ્ય સત્તા આપણી અંદર જ સંસ્થિત છે તથા આપણે આપણી અંદર દિવ્ય સ્વરૂપની અનુભૂતિ કરી શકીએ છીએ, જે વિશ્વાત્માનો શાશ્વત અંશ છે, ત્યારે જ્ઞાનયોગની સાર્થકતા સિદ્ધ થાય છે.

પ્રત્યેક શ્વાસની સાથે સાથે આપણે સૌ આપણા જીવનની સમાપ્તિ તરફ આગળ વધી રહ્યા છે. જ્યારે એ પૂર્ણ થઈ જવાનો સમય આવે છે, ત્યારે મૂલ્યવાન સંપત્તિ અથવા રત્નરાશિ આપીનેય એકપણ શ્વાસ મેળવી શકાતો નથી. વીતેલી ક્ષણો ક્યારેય પાછી નથી આવતી. આટલું હોવા છતાં પણ શા માટે આપણે માયારૂપી મદિરાનું પાન કરીને સંમોહનની એવી જાળમાં ગૂંચવાયા છીએ કે એનો નશો ઊતરતો જ નથી ? જીવનનો સંપૂર્ણ સમય તથા શ્રમ આના નકામા નિયોજનમાં ચાલ્યો જાય છે. માનવજીવનના રૂપમાં આપણને પ્રભુ દ્વારા જે અમૂલ્ય સંપદા મળી હતી, તે ક્ષય થતી જાય છે. સાચું તો એ છે કે માનવજીવન એક પવિત્ર ધરોહર છે, જેને ન વિનષ્ટ કરવામાં આવવું જોઈએ કે ન તો તેનો દુરુપયોગ થવો જોઈએ. આની સાર્થકતા તો યોગના કર્મ, જ્ઞાન તથા ભક્તિપથ ઉપર આરૂઢ થઈને માનવીય ચેતનાને પરમચેતના સાથે તદાકાર કરવામાં છે. માનવજીવનની ગરિમા પણ આમાં જ સમાયેલી છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

### પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# આત્મિક પ્રગતિનો કક્કો

## (શાંતિકુંજ, હરિદ્વારમાં ઑક્ટોબર, ૧૯૮૦માં આપેલું પ્રવચન)

**ગાયત્રી મંત્ર અમારી સાથે-સાથે**
**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય**
**ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ, ભાઈઓ ! ઘણી વાર એવું થાય છે કે બાપ-દાદાનું ઘણું બધું ધન આપણા હાથમાં આવી જાય છે. બાળકો ભલેને કમાય કે ન કમાય, માતા-પિતા ઘણું બધું ધન બાળકો માટે છોડીને ચાલ્યાં જાય છે. જે છોકરાઓ સમજુ હોય છે, તેઓ પૈતૃક ધન હોવા છતાં પણ પોતાની આવકનો કોઈ ને કોઈ રસ્તો શોધી કાઢે છે, જેના કારણે પૈતૃક ધન ઓછું ન થાય. પરંતુ કેટલાક એવા પણ છોકરાઓ હોય છે, જેઓ માતા-પિતાના ધનને જુગાર રમવામાં, દારૂ પીવામાં ગુમાવી દે છે. આ રીતે ખરાબ વ્યસનોના કારણે તેનું બધું જ ધન નાશ પામે છે અને તેઓ વિનાશના આરે પહોંચી જાય છે. અવગુણોની ખાઈમાં પડી જાય છે.

ભગવાને પોતાની ઔલાદને માટે પોતાના અલગ નિયમો તથા રીતિરિવાજ બનાવ્યા છે અને એનું નામ રાખ્યું છે 'મનુષ્ય'. મનુષ્ય શું છે ? મનુષ્ય ભગવાનની નકલ છે. આપણે આમાંથી જ અંદાજ લગાવી શકીએ છીએ કે ભગવાન મોટા રૂપમાં કેવા હશે ? જેવો મનુષ્ય છે, ભગવાન પણ એવા જ હશે. આમ જ આપણે અનુમાન લગાવી શકીએ છીએ કે સમુદ્ર કેવો હશે ? જેવું કે તળાવ છે, આપણે આવો જ કંઈક અંદાજ લગાવી શકીએ છીએ. કેટલીક એવી શક્તિઓ પણ સૃષ્ટિમાં છે, જે નાનાં તળાવોને મોટા સમુદ્રમાં બદલી શકે છે.

**શ્રેષ્ઠતમ કૃતિ છે માનવ :**

મિત્રો ! ભગવાને પોતાની શ્રેષ્ઠ પ્રતિમા મનુષ્યના રૂપમાં જ બનાવી છે. સિંહ જ્યારે બચ્ચું ઉત્પન્ન કરશે, તો પોતાના જ જેવું ઉત્પન્ન કરશે, બિલાડીને જન્મ નહીં આપે. આવી જ રીતે દરેક જીવ પોતાના જેવી જ સંતાનોત્પત્તિ કરે છે. આવી જ રીતે ભગવાને પોતાનાં પ્રતિરૂપમાં મનુષ્યને બનાવ્યો છે. મનુષ્યને તેમણે એટલા માટે બનાવ્યો છે કે તે સંસારને સુંદર તથા મહત્ત્વપૂર્ણ બનાવવામાં પોતાનું યોગદાન આપે. તો પછી મારી તમારી દુર્દશા કઈ રીતે થઈ ગઈ ? દરેક મનુષ્ય દુઃખી જોવામાં કેમ આવે છે ? સમગ્ર સંસારમાં અનાચાર અને ભ્રષ્ટાચાર ફેલાયેલાં કેમ છે ? સમગ્ર સંસાર અજ્ઞાનતાના અંધકારમાં ડૂબેલો કેમ રહે છે ? આનું કારણ શું છે ? ભગવાન ચૂપ કેમ છે ? ભગવાનને 'સત્યમ્-શિવમ્-સુંદરમ્' કહેવામાં આવે છે, તો પછી તેના રાજકુમાર મનુષ્યને આ વાતની ઊણપ કઈ રીતે થઈ ગઈ ? વાત એવી તો શી બની ગઈ કે મનુષ્ય ભગવાનના આપેલા ગુણોને એકદમ ભૂલી ગયો !

સર્જનહારે સૃષ્ટિનો જે પ્રત્યેક ઘટક બનાવ્યો છે, તેની નાનામાં નાની કલાકૃતિનું નામ 'એટમ' છે. શું તમે ક્યારેય 'એટમ'ને જોયો છે ? એટમમાં ઘણી તાકાત હોય છે. સંપૂર્ણ સૌરમંડળમાં સૂર્ય કેન્દ્રમાં રહે છે, પરંતુ એટમની અંદર એવો ભૂકંપ રહે છે કે તે સૂર્યને પણ પોતાની તાકાત વડે ઢાંકી લે છે. જે રીતે અંતરીક્ષમાં નવ ગ્રહ ચક્કર કાપતા રહે છે, તેવી જ રીતે એટમ પણ પોતે પોતાનામાં પૂર્ણ શક્તિશાળી છે તેમજ સૂર્યની ચારે તરફ ચક્કર કાપતો રહે છે. એટમ ન્યૂટ્રોન, પ્રોટોન તેમજ ઈલેકટ્રોનોના રૂપમાં નિરંતર ચક્કર કાપતો રહે છે.

ભગવાન મોટો છે, એ હું માનું છું. એટમ અને મનુષ્ય બંને ઘણા જ સૂક્ષ્મ છે, પરંતુ મનુષ્યની પ્રકૃતિ ભગવાન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એવી બનાવી દીધી છે કે તેમાં તાકાત અને ચમત્કારોનો સમાવેશ કરી દીધો છો. ભગવાન અને ઈન્સાનની રીત એક જ છે, સત્યમ-શિવમ્-સુંદરમ્‌ની જેમ માણસ મોટો હોય છે અને બાળક નાનું હોય છે, પરંતુ બંનેની ભૂખ તો એક જ હોય છે. આવી જ રીતે ભગવાન અને ઈન્સાનની પ્રકૃતિ એક જ હોય છે.

**અંતર પડ્યું શક્તિક્ષયના કારણે :**

તો પછી આ ફર્ક કઈ રીતે પડ્યો ? હું આપને જણાવું છું. જેમ મોટા લોકો, સંપન્ન લોકો અપવ્યયના કારણે ગરીબ થઈ જાય છે, તેમની જાગીરોનું નીલામ થઈ જાય છે. આ બધું કઈ રીતે બન્યું ? આ બધું છોકરાઓના અપવ્યયના કારણે બન્યું. છોકરાઓએ કોઈ સારા કાર્યમાં એ ધનનો ઉપયોગ ન કર્યો, જેના લીધે તેમનું જીવન આજે બરબાદ થઈ ગયું. મનુષ્યની પાસે કમાણીનાં ઘણાં બધાં સાધન છે. તેની ઉન્નતિ માટે, લક્ષપ્રાપ્તિ માટે અને તેના પોતાના પરિવારની જરૂરિયાતોની પૂર્તિ માટે ઘણું બધું ધન એકત્ર થઈ શકે છે, પરંતુ તેણે ઈશ્વરપ્રદત્ત ધનનો અપવ્યય કર્યો.

મિત્રો ! આજે અમારી સામે ઉપયોગની સમસ્યા છે. ઉત્પાદનની સમસ્યા નથી, કમાવાની સમસ્યા નથી, પરંતુ સમસ્યા એ છે કે ધનનો ખર્ચ કઈ રીતે કરવામાં આવે? આપણે કમાવા કરતાં વધુ ચિંતા એની કરવી જોઈએ, જે આપણી પાસે છે. આપણે તેને સાચવવું જોઈએ. એક કહેવત છે, 'અંધી પીસે કુત્તા ખાએ.' આ કહેવત કોઈએ મારા તમારા જેવાને માટે જ બનાવી દીધી છે, કેમ કે આપણને આંધળાની જેમ દેખાતું નથી. જે રીતે તેના દળેલા લોટને કૂતરા ખાઈ ગયા હતા અને તે બેઠી બેઠી અનાજ દળતી રહી, તેવી જ રીતે આપણા ઈશ્વરપ્રદત્ત ધનને કોઈ અન્ય નિરર્થક ખાઈ રહ્યું છે અને આપણે કમાણી કરી રહ્યા છીએ. આના જ જેવી બીજી કહેવત છે-''અંધા રસ્સી બંટતા જાએ । બછડા ઉસે ખાતા જાએ ।'' મારી અને તમારી સામે પણ આવી જ સમસ્યા છે.

**આત્મિક પ્રગતિના ચાર માર્ગ :**

સાથીઓ ! હું તમને અધ્યાત્મના ચાર રસ્તા બતાવી રહ્યો છું. તેમાંથી એક સાધનાના વિષયમાં છે. હમણાં જે વાછરડા અને કૂતરાનું ઉદાહરણ આપ્યું, તે ભવસાગર છે. પારસનો સ્પર્શ થવાથી લોખંડમાંથી સોનું થવાની વાત આપને બતાવી ચૂક્યો છું. પરંતુ હવે હું એમ કહું છું કે ભગવાનનો સ્પર્શ કરવાથી મનુષ્ય ભગવાન બની જાય છે. રામચંદ્રજી, કૃષ્ણજીએ માના ગર્ભમાંથી જન્મ લીધો અને જળસમાધિમાં અથવા તો સ્મશાનઘાટમાં અગ્નિદાહ આપવામાં આવ્યો, એટલા માટે મનુષ્ય કહેવાયા. જે જન્મ લે છે, તે મૃત્યુ પામી શકે છે, શું તે મનુષ્ય ભગવાન થઈ શકતો નથી, મનુષ્ય જ રહે છે ?

ભગવાન આપને એમ કહે છે કે જો તમારી ઉપાસના સાચી હશે તો આપ સાધારણ મનુષ્યમાંથી ભગવાન બની શકો છો. આપ નરમાંથી નારાયણ બની શકો છો. મુક્તિનો રસ્તો તો તમારે માટે પણ ખુલ્લો છે. આપ આગ છો, લાકડું છો અથવા અન્ય કોઈ પણ ત્યાજ્ય વસ્તુ છો. આપ જે કાંઈ પણ છો, ગભરાવ નહીં. આગ સાથે સંબંધ બાંધો અને આગ જેવું દોષરહિત જીવન બનાવો. જે રીતે બાળકો ઢીંગલા-ઢીંગલી સાથે રમે છે, તેવી જ રીતે આપ પણ પૂજા-પાઠ દ્વારા ભગવાન સાથે રમો છો. આપ ક્યારેય ઉપાસનાનું મહત્ત્વ સમજ્યા નથી. જો સમજ્યા હોત તો ભગવાનની નજીક બેસનારા જેમ તેમની બરોબરીના ભાગીદાર થઈ જાય છે તેમ આપ પણ તેવી જ રીતે તેમને યોગ્ય થઈ જાત.

**સાચી ઉપાસના કેવી ? :**

મિત્રો ! જો તમે ભગવાનની ઉપાસના યોગ્ય રીતે કરો, તો તમે કાચિંડા જેવા થઈ જશો. ચોમાસામાં જ્યારે ચારે બાજુ હરિયાળી છવાઈ જાય છે ત્યારે તે હરિયાળીને જોઈને કાચિંડો લીલા રંગનો થઈ જાય છે. ગરમીમાં ઘાસ સુકાઈને પીળા રંગનું થઈ જાય છે, તો કાચિંડો પીળા ઘાસને જોઈને પીળા રંગનો થઈ જાય છે. આવી જ રીતે જ્યારે તમને ચારે બાજુથી શેતાન નજરે પડે છે, ત્યારે તમે શેતાન છો. જ્યારે તમને હેવાન નજરે પડે છે, ત્યારે તમે હેવાન છો. જ્યારે તમને માનવી નજરે પડે છે, ત્યારે તમે માનવી છો. જો તમે કાચિંડાની જેમ જોવાનો પ્રયત્ન કરશો, તો તમને ભગવાન દેખાશે. બતાવો તમે ક્યારે ભગવાનની ઉપાસના કરી હતી ? ગુરુજી ! અમે તો કાલે જ કરી હતી. ભગવાન અમારા બાજઠ ઉપર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બિરાજમાન જ છે. બેટા ! ભગવાનને બાજઠ ઉપર નહીં, પોતાના હૃદયમાં રાખવામાં આવે છે, જેના લીધે ભગવાન આપણા લોહીની સાથે હળીમળી જાય. ઉપાસના જીવનમાં સમાહિત કરવામાં આવે છે. શ્વાસોમાં ઘોળીને સમાવવામાં આવે છે. ઉપાસના જીવનનું વિજ્ઞાન છે, જે આપણા જીવનના પ્રત્યેક આચરણમાં છવાયેલું રહે છે. ગોમુખીમાં હાથ નાખીને માળા ફેરવવાથી ઉપાસના થતી નથી.

મિત્રો ! અમે ઉપાસનાને તમારા ચિંતનમાં જોવા ઇચ્છીએ છીએ, તમારા વિચારોમાં જોવા ઇચ્છીએ છીએ. જેમ સૂરદાસના જીવનમાં ભગવાન આવી ગયા હતા, મીરાંના જીવનમાં ભગવાન આવી ગયા હતા, એવી જ રીતે તમારા જીવનમાં કેમ ન આવ્યા ? કેમ કે ભગવાનના ચિંતનને તમે સમજ્યા નથી. તેમના સ્વરૂપને નથી સમજ્યા. હિંદુસ્તાનના કરોડ કરતાં વધુ માનવીઓ નકલી ઉપાસના કરે છે. નકલી ઉપાસના વડે આપ ક્યારેય પણ ભગવાનમાં સમાવિષ્ટ થઈ શકતા નથી. પ્રાચીન સમયના સાત ઋષિઓને અમે ઉપાસના કરનારા માનતા હતા. તેઓને અમે સપ્તર્ષિ કહેતા હતા. પરંતુ આજે કોને ખબર કેટલા બાબાજી રંગબેરંગી કપડાં પહેરીને ઉપાસના કરે છે અને જુદી જુદી જગ્યાએ લોકો દ્વારા અપમાનિત થતા ફરતા રહે છે. શા માટે ? કારણ કે તેમની પાસે નકલી ઉપાસના છે. જે પ્રકારે નકલી દવાઓ હોય છે, નકલી સોનું હોય છે, તેવી જ રીતે જે ઉપાસના તમે કરો છો, તે નકલી છે. તમને માળા તથા પૂજા-પાઠ દ્વારા બહેકાવવામાં આવી રહ્યા છે. આ પૂજા-પાઠ દ્વારા આપ સાચા કર્મકાંડના મૂળ સુધી પહોંચી નહિ શકો અને ઈશ્વરના જ્ઞાનરૂપી ચમત્કારથી આપ વંચિત રહી જશો. પોતાના લક્ષની પ્રાપ્તિ કરી શકશો નહીં.

**ઉપાસના જીવનમાં ઊતરે :**

જે રીતે એકલી કલમથી આપણે પરીક્ષા પાસ કરી શકતા નથી, તેની સાથેસાથે આપણને પોતાના વિષયનું સંપૂર્ણ જ્ઞાન જરૂરી છે, તેવી જ રીતે માળા ફેરવવાથી આપણે ભગવાનને પ્રાપ્ત કરી શકતા નથી. જ્યાં સુધી કલાકારના આત્મામાં કલાત્મકતા પ્રવેશ ન કરી લે ત્યાં સુધી સારી તસવીર બનતી નથી. કેવળ રંગો તથા કાગળના ઉપયોગ વડે જ સારી તસવીરો બનતી નથી. આપ ઉપકરણો દ્વારા જ કામ કરવા ઇચ્છો છો, કર્મકાંડના મૂળ સુધી જવા ઇચ્છતા નથી ?

મિત્રો ! મેં કહ્યું હતું કે આત્માની પ્રાપ્તિ માટે ચાર ઉપાય છે. તેમાંથી એક પણ ન વધી શકે ન ઘટી શકે. આપ ભગવાનને પોતાના ગુલામ ન બનાવો. ભગવાનના ચરણોમાં પોતાનું મસ્તક ઝુકાવો અને એમ કહો કે અમે આપની આજ્ઞાનુસાર ચાલીશું. અમે આપના સેવક છીએ. તમે એને લાયક નથી કે તમારા કાયદા ભગવાન ઉપર ચલાવી શકો. ભગવાને જે કાંઈ તમને આપવાનું હતું તે આપી દીધું. હવે આપનું કામ છે કે આપ ભગવાનનું વ્યાજ ચૂકવો. ભગવાનને તમારાં કર્મોનો રુઆબ ન દર્શાવો. પહેલાં તો આપ ભગવાનને જે મનુષ્યનું જીવન લઈને આવ્યા છો, તેનું વ્યાજ ચૂકવી દો. ના, અમે તો પહેલાં બૅંકનું વ્યાજ પણ નહોતું ચૂકવ્યું. બેટા ! આ બૅંકનું વ્યાજ નથી, આ તો ઈશ્વરે આપેલું માનવ-જીવન છે. ગુરુજી ! અમે તો એવું સાંભળ્યું હતું કે રામનામ લેવાથી જ બધાં કામ થઈ જાય છે, તો પછી ભગવાનનું કર્જ ચૂકવવાની શી જરૂર છે !

મિત્રો ! એક સમયની વાત છે. એક વકીલ અને તેમનો એક અસીલ હતા. અસીલ કોઈ એક કેસમાં ફસાઈ ગયો હતો. તેણે કહ્યું, વકીલ સાહેબ ! આપ મને છોડાવી દો તો જિંદગીભર હું આપનો ઋણી રહીશ. વકીલે કહ્યું, જિંદગીભરનો ઋણી ન રહેતાં તું મને પાંચ હજાર રૂપિયા આપી દે, હું તારો કેસ લડી આપીશ. તું પાગલ બની જજે. હું ડૉક્ટરને મળીને તારું ગાંડા થયાનું સર્ટિફિકેટ બનાવી આપીશ. જ્યારે તું અદાલતમાં જાય, ત્યારે બસ એક જ શબ્દ યાદ કરીને જજે. જ્યારે જજ તને કોઈ સવાલ પૂછે ત્યારે તારે ફક્ત એટલું જ કહેવાનું- 'મેં.' અમારા કાનૂનમાં પાગલો માટે કોઈ જ કાનૂન નથી.

ન્યાયાધીશે પૂછ્યું, શું નામ છે તારું ? તેણે કહ્યું, 'મેં શું તે ખોટું કામ કર્યું છે ? 'મેં.' ન્યાયાધીશ કાંઈ પણ પૂછે તો તે કહેતો, 'મેં.' વકીલે કહ્યું કે સાહેબ આ તો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાગલ છે. આ વાત સાક્ષી અને સાબિતઓના માધ્યમ દ્વારા સાબિત કરી દીધી. જજસાહેબે કહ્યું કે આને છોડી દેવામાં આવે.

છૂટ્યા પછી તે માણસ વકીલસાહેબના બંગલા ઉપર ગયો. વકીલસાહેબે તેને કહ્યું કે લાવો, મારી ફીના પાંચ હજાર રૂપિયા. એ વ્યક્તિએ કહ્યું, 'મેં.' આમ વકીલ સાહેબ પોતાનું માથું પછાડતા રહ્યા.

ભાઈઓ ! તમે અને આપણે બધા પાગલ જ છીએ. આપ સૌ રામ-રામની 'મેં' લગાવતા રહો છો. આપ વાસ્તવિકતાનો મુકાબલો કરો, નહીં તો જંજાળમાં ભટકી જશો. આપ જમીન ઉપર ચાલો.

**ચમત્કાર નહીં મર્મ છે ભાવ :**

રાબિયા એક સંત હતી. એક વાર હસન રાબિયાને ત્યાં આવ્યા અને તેમની ઉપર પોતાનો રોફ જમાવવા વિચાર્યું. તેમણે રાબિયાને કહ્યું, આવો આપણે બંને નમાજ પઢીએ. જમીન ગંદી છે એટલે આપણે પાણી ઉપર બેસીને નમાજ પઢીશું. હસને પોતાનો 'મુસલ્લા' પાણી ઉપર ફેંક્યો. મુસલ્લા પાણી ઉપર તરવા લાગ્યો. 'મુસલ્લા' નમાજ જેની ઉપર બેસીને પઢવામાં આવે છે તે આસનને કહે છે. હસનના કહેવા ઉપર રાબિયાએ વિચાર્યું, અચ્છા તો આ પાણીવાળી વાત કહીને મારી ઉપર પોતાની કરામત બતાવવા ઇચ્છે છે. રાબિયાએ કહ્યું, પાણી ઉપર જ શા માટે ? પાણીને તો માછલાં, દેડકાં ગંદું કરતાં રહે છે. રાબિયાએ પોતાનો મુસલ્લા ઊંચક્યો અને હવામાં ફેંક્યો. મુસલ્લા હવામાં તરવા લાગ્યો. રાબિયાએ કહ્યું, આવો હસન, હવામાં બેસીને નમાજ પઢીએ. હસન આ બધું જોઈને દંગ થઈ ગયા, કેમ કે તે તો રાબિયા ઉપર પોતાના ચમત્કાર, સિદ્ધિ બતાવવા આવ્યા હતા અને પોતાનો રોફ જમાવવા આવ્યા હતા.

રાબિયાએ કહ્યું- હસન ! આપ જે કામ કરવા આવ્યા હતા, તે તો એક માછલી પણ કરી શકે છે અને હવામાં જે તરવાનું કામ હું કરવાની હતી તે તો એક માખી પણ કરી શકતી હતી. એટલા માટે આપણે પાણીમાં તરવાની જરૂર નથી કે નથી જરૂર હવામાં ઊડવાની. આપણે જમીન ઉપર જ રહેવાની જરૂરિયાત છે. આપણે સચ્ચાઈનો મુકાબલો કરવાની જરૂર છે, કેમ કે આપણે જમીન ઉપર જ પેદા થયા છીએ.

મિત્રો ! આપણે પણ રામનામના ચમત્કારો જોવાની આદત છોડી દેવી જોઈએ. માનવીનું હૃદય ત્રણ હજાર રૂપિયાનું હોય છે. ત્રણ હજાર રૂપિયાની જમીન ઉપર આપ સવા રૂપિયાનાં બી વાવો. પાક ઊગી નીકળશે. આ જમીનની કિંમત છે. બીની કિંમત તો ઘણી ઓછી છે. ખાલી જમીનમાં ઘાસ ઊગી શકે છે. તમે તેમાં તમારી બકરીને ચરાવી શકો છો, પરંતુ વગર જમીને આપ બી પણ શેમાં નાંખશો ? ભજન વડે અનેક કામ પૂરાં થઈ શકે છે, પરંતુ ભજનને દૃઢ બનાવવા માટે માણસનું ચરિત્ર દૃઢ રહેવું, ઉદાર રહેવું અતિ આવશ્યક છે. સંતોને ચમત્કાર આવડે છે, દરેકને નથી આવડતા. આપણું ચરિત્ર હંમેશાં ઊંચું હોવું જોઈએ. સાધનાની આ જ રીત છે, જે હું આજ સુધી તમને સમજાવતો આવ્યો છું.

**સ્વાધ્યાયનું મહત્ત્વ :**

કાલે મેં તમને એ નિવેદન કર્યું હતું કે સ્વાધ્યાયને પણ ભજનનો એક ભાગ માનવો જોઈએ. અમને કોઈ સાહિત્ય વિશેષમાં કોઈ જ દિલચસ્પી નથી. અમે તો એવા જ વિચારોને અપનાવવા ઇચ્છીએ છીએ, જે ઈમાનદારીના રસ્તા ઉપર ચાલવામાં મદદ કરે, ભલે ને પછી તે મનુષ્યના મોંમાંથી નીકળ્યા હોય કે પછી પુસ્તકમાં છાપેલા હોય. સ્વાધ્યાય માટે આવા જ પ્રેરણાપ્રદ વિચારો તથા કથનોની જરૂરિયાત છે. આપ આપની અંદરના કુવિચારોને બહાર કાઢી નાંખો, દૃઢતા વડે તેનો મુકાબલો કરો. પોતાની અંદર સુવિચારોને ફાલવા દો. લોખંડથી લોખંડ કાપી શકાય છે. જો તમારા ખરાબ વિચારો તમારી ઉપર હાવી થતા હોય તો આપની પાસે બ્રહ્મચર્યનું હથિયાર છે, તેનો ઉપયોગ કરો. જો બંનેની કુસ્તી કરાવવામાં આવે, તો ખરાબ વિચારોને સારા વિચારો એક જ દાવમાં ચિત કરી નાંખશે. ત્યારે તમારે તમારી દિનચર્યામાં સ્વાધ્યાય માટે મહત્ત્વપૂર્ણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમય રાખવો જ જોઈએ, નહીં તો કામુકતાના અશ્લીલ વિચાર દિમાગ ઉપર છવાયેલા રહેશે અને તમે કોઈ પણ લક્ષને પ્રાપ્ત કરી શકશો નહીં.

**સંયમ : એક સસ્તી ઔષધિ :**

સાથીઓ ! અમે તમને એ જ નિવેદન કરવા ઇચ્છીએ છીએ કે તમે તમારી બરબાદી થતી અટકાવો, સંયમશીલ બનો. બરબાદીને અસંયમ કહે છે. જે ગુણ આપણને પૂર્વજો દ્વારા વારસામાં મળ્યા છે, આપણે તેનો અપવ્યય કરવા લાગ્યા છીએ. મથુરામાં એક કોટવાલ સાહેબ હતા. તેઓ ખૂબ જ લાંચ લેતા હતા. નોટોથી તેમણે થેલા અને પેટીઓ ભરીને રાખી હતી. તેમના છોકરાઓ પતંગ સાથે નોટો બાંધીને અગાસીમાંથી ઉડાડતા હતા. છોકરાઓને કહેતા કે જે અમારી પતંગને કાપશે, અમે તેને દસની નોટ આપીશું. ક્યારેક-ક્યારેક તેમના છોકરા દસની નોટની સિગારેટ બનાવીને પી લેતા હતા. પાંચ-દશ વર્ષમાં તેમણે બાપની બધી જ કમાણી નષ્ટ કરી નાંખી અને ગરીબીનું જીવન જીવવા લાગ્યા. તે કોટવાલ અને તેના છોકરા બરબાદ થઈ ગયા. આવી જ હાલત તમારી છે અને આપ એમ કહો છો કે કોટવાલના છોકરાઓ ઘણા જ ઉદ્દંડ હતા. અમે અને તમે પણ ધનની બરબાદી કરવા માટે તત્પર છીએ.

પ્રકૃતિનું પ્રત્યેક જાનવર લાંબા સમય સુધી જીવે છે. મોત તો દરેકને આવે છે, પરંતુ કોઈ પણ જાનવર ક્યારેય બીમાર નથી પડતું. પરંતુ મનુષ્ય બીમાર પડે છે. તેની સાથે રહેનારાં જાનવર પણ ચોક્કસ બીમાર પડે છે. તેનું કારણ શું હોઈ શકે ? ભગવાને જાનવરોનું શરીર એ પ્રકારનું બનાવ્યું છે કે તે ક્યારેય બીમાર પડતાં નથી. જો એવું માની લેવામાં આવે કે વાયરસ અથવા કીટાણુ તમને બીમાર કરે છે, તો હોસ્પિટલોમાં ટી.બી.ના રોગીઓનાં કપડાં ધોનારા ધોબીઓને તો આ બીમારી થતી જ નથી ત્યારે વાયરસ ક્યાં જતા રહે છે?

મિત્રો ! આ બધા કીટાણું અસંયમના લીધે આવે છે, જેના કારણે તમે તમારી તબિયત ખરાબ કરી નાંખી છે. મનુષ્ય પોતાની જીભની ટોચ વડે પોતાની કબર તૈયાર કરે છે. આપણે જે બીમારીઓ આપણે માટે ઉત્પન્ન કરી છે, એ બધી જ જીભની ટોચ દ્વારા ઉત્પન્ન કરેલી છે, કેમ કે આપણે જીભને સંયમમાં નથી રાખી. આના લીધે શું થાય છે ? તમારું મગજ નબળું પડતું જાય છે. જેવી રીતે પહેલાં તમે પરીક્ષામાં પ્રથમ આવતા હતા. હવે ફેઈલ થતા જાવ છો. નજર નબળી પડી ગઈ છે, તેની ઉપર ચશ્માં આવી ગયાં છે. અમારી પાડોશમાં એક ભાડુઆત હતા. મકાનમાં બે નળ લાગેલા હતા. જ્યારે પણ ક્યારેક ઉપરવાળાને હેરાન કરવો હોય તો નીચેનો નળ ખોલી નાખતા હતા. ત્યારે ઉપરવાળાએ પાણી ભરવા માટે નીચેના ચક્કર ઘણી વાર કાપવાં પડતાં. તેઓ પાણી માટે બૂમો પાડતા રહેતા.

મિત્રો ! આપણી આંખો કહે છે કે અમને તેજ જોઈએ. આપણા કાન કહે છે કે અમને તાકાત જોઈએ. આપણું મગજ કહે છે કે અમને ખોરાક જોઈએ. તમારી અંદર દરેક પ્રકારનું 'વર્ચસ્' જોઈએ. સ્વામી દયાનંદ સરસ્વતી એક વાર શૌચ માટે બહાર ગયા તો બે સાંઢ કુસ્તી લડી રહ્યા હતા. બંને ખૂબ જ બળવાન હતા અને ક્રોધથી લડતા બંને લોહીલુહાણ થયા હતા. આપસમાં ફરીથી ટક્કર મારવા નીકળ્યા, તો સ્વામી દયાનંદે કહ્યું, કેમ ! તમે નહીં માનો! સાંઢ છતાં પણ ન માન્યા ત્યારે સ્વામીજીએ લોટો જમીન ઉપર મૂકી દીધો અને એક સાંઢનું શિંગડું એક હાથથી અને બીજા સાંઢનું શિંગડું બીજા હાથ વડે પકડીને ઘુમાવી દીધા. આના લીધે એક સાંઢ પડી ગયો અને બીજો ભાગી ગયો. આ તાકાત તેમનામાં ક્યાંથી આવી ? સંયમથી. તમારે પણ સંયમની જરૂર છે. તમે બધા સંયમની દવા ખાવ. આ દવા શંકરાચાર્ય, ભીષ્મ પિતામહ, હનુમાનજી બધાએ ખાધી હતી. તમે કહો છો કે બજારની દવામાં ઘણી તાકાત હોય છે, તો એવી વાત નથી. તે દસ પૈસાની વસ્તુનો એક રૂપિયો વસુલ કરે છે. આનાથી તમે તેની તાકાતનું માપ કાઢી શકો છો. એટલા માટે આપ સંયમની સસ્તી દવા ખાવ. આ તમને જરૂર લાભ આપશે. આના લીધે જ તમારું દિલ-દિમાગ અને શરીર સ્વસ્થ બનશે.

**(ક્રમશઃ)**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

युग गीता-१३

# કર્મ આપણા યજ્ઞ નિમિત્તે જ હોય,

## (ત્રીજા અધ્યાય અંતર્ગત કર્મયોગની યુગાનુકૂળ વ્યાખ્યા)

**કર્મયોગ અંતર્ગત પાછલા અંકોમાં એ ચર્ચા કરવામાં આવી કે મહામાનવોના જીવનની રીતિ-નીતિ શું હોય છે. તેઓ મનમાં અનાસક્તિનો ભાવ ઉત્પન્ન કરી પોતાની ઈન્દ્રિય-ક્રિયાઓને સંપાદિત કરતા રહે છે. અનાસક્તિની વ્યાખ્યા યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા કરવામાં આવી, ''અહંકાર અને અહંતાકેન્દ્રિત ઈચ્છાઓ-વાસનાઓથી રહિત થઈને સંસારના સેવક બનીને જીવવું.'' કર્મયોગી નવી વાસનાઓ ઉત્પન્ન કર્યા વગર વર્તમાન બધી જ વાસનાઓનો કર્મ દ્વારા ક્ષય કરતા ચાલે છે. શ્રીકૃષ્ણ વારંવાર એક જ વાત કહે છે કે આસક્તિ વગર કરવામાં આવેલું કર્મ જ સૌથી મોટું તપ છે - યોગ છે. પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા સ્વયં પોતાના જીવનમાં કર્મયોગનું પાલન તેમજ આપણે સૌ શિષ્યો દ્વારા નિરંતર યુગધર્મમાં યુગ નિર્માણ યોજનાના કાર્યમાં રચ્યા રહેવાની અપીલના માધ્યમ દ્વારા એ બતાવવામાં આવ્યું કે આ આપણા સૌ માટે આજના સમયનું સૌથી મોટું તપ છે.**

**ભગવાન કહે છે કે અર્જુને શાસ્ત્રવિહિત કર્મ કરવાં જોઈએ. આ નિયત કર્મ-શાસ્ત્રવિહિત કર્મની વાસ્તવિક વ્યાખ્યા છે- 'મુક્ત બુદ્ધિ દ્વારા નિયત કરવામાં આવેલું નિષ્કામ કર્મ.' જે કોઈ પણ વ્યક્તિ મનથી ઈન્દ્રિયોનું નિયમન કરતી રહી, કર્મેન્દ્રિયો દ્વારા કર્મયોગ કરતી રહી જીવન વ્યતીત કરે છે, તે જ શ્રેષ્ઠ યોગી છે, કલાકાર છે. ગીતાના વ્યાવહારિક અધ્યાત્મપ્રધાન કર્મયોગના પ્રારંભિક ઉપદેશો દ્વારા જીવન યોગની વ્યાખ્યા તૃતીય અધ્યાયના છઠ્ઠા, સાતમા, આઠમા શ્લોકોના માધ્યમ દ્વારા પાછલા અંકોમાં કરવામાં આવી. હવે પ્રસ્તુત છે આની આગળની વિવેચના...**

ભગવાન કહે છે કે કર્મ કામનાથી મુક્ત થા. આ માટે તેમણે 'યજ્ઞાર્થાય' કરતા રહેવું જોઈએ. આગલો શ્લોક આ જ તથ્યને પ્રતિપાદિત કરતા રહી કહે છે-

**યજ્ઞાર્થાત્કર્મણોઽન્યત્ર લોકોઽયં કર્મબંધન ।**
**તદર્થં કર્મ કૌન્તેય મુક્તસઙ્ગઃ સમાચર ॥**
**(શ્લોક ૯ અધ્યાય ૩)**

યજ્ઞને નિમિત્ત કરવામાં આવતાં કર્મો સિવાયનાં અન્ય કર્મોમાં લાગેલો આ મનુષ્યસમુદાય કર્મો વડે બંધાય છે. એટલા માટે હે અર્જુન ! તું આસક્તિથી રહિત થઈને તે યજ્ઞને નિમિત્ત જ યોગ્ય રીતે કર્તવ્ય- કર્મ કર.

પ્રસ્તુત શ્લોકમાં કર્મયોગનો મર્મ નિહિત છે. નૈષ્કર્મ્ય સિદ્ધિ આ ઉદ્દેશ્ય પૂરો કર્યા વગર થઈ જ શકતી નથી. યજ્ઞના વિપરીત ભાવથી કર્મ કરવું એટલે કે અહંકારની ગાંઠને વધુ મજબૂત કરવી. યજ્ઞભાવથી કર્મ કરવાં એટલે કે ભગવાનને સમર્પિત જીવન જીવવું અને આ ગાંઠ ક્રમશઃ ઢીલી કરતા જવું- અંતતઃ મુક્ત થતાં ચાલ્યા જવું.

યજ્ઞકર્મથી શ્રીકૃષ્ણનો અર્થ છે સમષ્ટિ માટે, પરહિત માટે કર્મ કરતા રહો. આ જે યજ્ઞ છે, એ પૌરાણિક યજ્ઞ જે આપણે યુગો-યુગોથી કરતા આવી રહ્યા છીએ બિલકુલ પૃથક્ વ્યાખ્યા કરે છે. સ્વાહા સ્વાહા વાળા યજ્ઞનો મર્મ એ જ છે કે આપણાં કર્મ સમષ્ટિના કલ્યાણ માટે હોય. પરમપૂજ્ય ગુરુદેવે યજ્ઞની પરિભાષા કરી છે,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમાર્થ માટે કરવામાં આવેલ શ્રેષ્ઠતમ કર્મના રૂપમાં. 'યજ્ઞો વૈ શ્રેષ્ઠતમ કર્મમ્' ના રૂપમાં પણ આ જ વ્યાખ્યા પરિભાષિત થાય છે. આ ભાવથી યજ્ઞ દરેક ત્યાગી-બલિદાનીએ કર્યો, શહીદોએ કર્યો, કબીરે કર્યો, ગુરુ નાનકદેવ,મહર્ષિ દયાનંદ તેમજ સ્વામી વિવેકાનંદે કર્યો. જે આપણે આપણા માટે કરીએ છીએ- નિજના સ્વાર્થની પૂર્તિ માટે કરીએ છીએ, તે યજ્ઞ કર્મ નથી કહેવાતા. જો તે કરતા રહીશું, તો આપણે બંધનોમાં જકડાતા જઈશું. 'લોકોડયં કર્મબંધનઃ' નો અર્થ આ જ છે કે આ લોક માટે, પોતાની જાત માટે, પોતાના સ્વાર્થ માટે કરવામાં આવેલ કર્મ બંધનનું કારણ બને છે. આસક્તિરહિત થઈને (મુક્તસકાંઃ) કરવામાં આવેલું કર્મ મુક્તિનું નિમિત્ત બને છે. શ્રીકૃષ્ણ વિભિન્ન પ્રકારે આ નિષ્કર્ષ બતાવીને અર્જુનને વારંવાર મોહનિંદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. કયાં કર્મો બંધનનાં કારણ બને છે? એવાં કર્મ જેમાં આપણે આપણા માટે, પોતાની પત્ની-બાળકો માટે, પોતાના મનોરંજન માટે, પોતાનાં સાધનો એકઠાં કરવા માટે કરીએ-જીવીએ છીએ.

જો આપણાં કર્મો સ્વાર્થથી પ્રેરિત છે તો આપણી પાછળ તે વાસનાઓ જ છોડશે, જે આપણા જીવનમાં અધિકાધિક અતૃપ્તિ અને અશાંતિ ઉત્પન્ન કરશે. પરંતુ આ જ કર્મો અહંકાર વગરના અને અહંકેન્દ્રિત ઈચ્છાઓના માધ્યમ દ્વારા સંપન્ન થતાં હશે, તો તે વાસનાક્ષયનું કારણ બને છે. એટલા માટે યજ્ઞભાવ વડે 'ઈદં ન મમઃ' ના ભાવ સાથે કર્મ કરવાનું અનિવાર્ય ગણવામાં આવ્યું છે. જે કર્મ સહકારિતાની ભાવના સાથે કરવામાં આવે છે, તે કોઈ નવી વાસનાઓ ઉત્પન્ન કરતાં નથી, એટલા માટે તે યજ્ઞ નિમિત્તનાં કર્મ કહેવાય છે અને આ જ વાસનાક્ષયનું કારણ બને છે.

ભગવાને અહીંયા 'યજ્ઞ'ને જે ભાવની સાથે પ્રતિપાદિત કર્યો છે, તે ઘણા જ વિરાટ-વ્યાપક અર્થોમાં છે. યજ્ઞ માનવ-માત્રના જીવન-યજ્ઞથી શરૂ થઈને સંપૂર્ણ ઈકો-સિસ્ટમ સુધી ફેલાયેલો છે. સમગ્ર બ્રહ્માંડમાં ચાલી રહેલી યજ્ઞપ્રક્રિયાનો એક અંશ આપણે પણ છીએ, આપણાં કર્મો પણ છે. આપણાં કર્મો શોષણ હેતુ ન હોય, ભોગ હેતુ ન હોય, આપણાં કર્મ અન્યના કલ્યાણ નિમિત્તે હોય. આજે આપણે જ્યાં પણ જોઈએ છીએ, ભાગદોડ દેખાય છે, લાગે છે કે સમાજમાં કર્મયોગીઓ વધી ગયા છે. અમેરિકા-જાપાન બધા જ કર્મયોગમાં તત્પર નજરે પડે છે, પરંતુ આ વાસ્તવિક કર્મયોગ છે નહીં. પરમપૂજ્ય ગુરુદેવના શબ્દોમાં આ કર્મ-લિપ્સા છે. આ કર્મ ભોગના નિમિત્તે છે- લોકહિત માટે નહીં. આપણે આપણા સ્વાર્થ માટે, આપણા મિત્રોનું, માતા-પિતા, સમાજ, રાષ્ટ્રનું દરેકનું શોષણ કરીને જો કર્મ કરતા રહી આગળ વધવાનું ઈચ્છતા હોઈએ તો ગીતાકારની દૃષ્ટિમાં આ જીવન લોકોડયં સમર્પિત છે, એટલે કે બંધનનું કારણ. યજ્ઞાર્થાત્ એટલે કે પારસ્પરિક સદ્‌ભાવથી ભર્યાં કર્મ. આપણાં કર્મોથી આપણા સમાજની, રાષ્ટ્રની પ્રગતિ થાય, ઉન્નતિ થાય, ઉત્કર્ષ થાય, આ લક્ષ હોય તો આપણું જીવન યજ્ઞમય છે. વસ્તુતઃ કર્મ એક પ્રવાહ છે, જેમાં જિંદગીની બધી જ શક્તિઓ પ્રવાહિત થતી રહે છે. આપણાં કર્મ રાષ્ટ્રરૂપી શરીરની શિરાઓ છે. જ્ઞાન એક છેડાથી બીજા સુધી, વિભૂતિ-વિદ્યા-અર્થ રોકાય નહીં, અવરોધાય નહીં, સમાજના નીચલા સ્તરથી શિખર સુધી પહોંચે, પરસ્પર તાલમેલ વિકસિત થાય, આ જ સમાજયજ્ઞ-રાષ્ટ્રયજ્ઞ છે. બૌદ્ધિક સંપદા માત્ર શહેરો સુધી સીમિત ન રહે, ગામેગામ, જન-જન સુધી પહોંચે. ઋષિઓના જીવનસમયની વ્યવસ્થાની પુનરાવૃત્તિ થાય. એને માટે પ્રવાહનું એક તંત્ર બને. આનું જ નામ છે યજ્ઞ.

ભારતીય સંસ્કૃતિ આધ્યાત્મિક સંસ્કૃતિ છે, દેવસંસ્કૃતિ છે, યજ્ઞીય સંસ્કૃતિ છે. આપણે ગમે ત્યાંથી શરૂઆત કરીએ, ઈશ્વર સુધી, સંસ્કૃતિના કેન્દ્ર સુધી સીધા પહોંચી જઈએ છીએ. આપણી સંસ્કૃતિના પુરોહિતો કહે છે-

**પરહિત સરિસ ધર્મ નહિ ભાઈ,**
**પરપીડા સમ નહિ અધમાઈ ।**

આ જ આપણી યજ્ઞીય સંસ્કૃતિના પ્રાણ છે. શ્રીકૃષ્ણ અર્જુનને જ્યારે કહે છે યજ્ઞ માટે કર્મ કરો, આસક્તિથી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મુક્ત થઈને યજ્ઞ કરો, ત્યારે તેમનો આશય એ જ છે કે પોતાને માટે નહીં અન્યને માટે જીવો. શ્રીકૃષ્ણ પોતાના વીરસખા પોતાના શિષ્યને પોતાનાં તમામ કર્તવ્યોને યજ્ઞ-ભાવનાઓની સાથે સંપાદિત કરવાનો પરામર્શ આપે છે. તદર્થં કર્મ કૌન્તેય મુક્તસંઙ્ગ, સમાચર, તો તેની પાછળનું લક્ષ એ જ છે કે તે એ કર્મોને કુશળતાપૂર્વક (સમાચર) કરે અને આસક્તિરહિત થઈને કરે મુક્તસગઃ આજની યુવા પેઢીમાં- નવયુવકોમાં રાષ્ટ્રીય ભાવનાનો અભાવ દેખાય છે. આ જ કારણે તે રાષ્ટ્રહેતુ સમર્પણ ભાવથી કર્મ કરવા માટે પ્રેરિત થઈ શકતા નથી. નિજને માટે કર્મયોગી બની પ્રતિભાપલાયન દ્વારા તેઓ રાષ્ટ્રની શક્તિના ક્ષયના કારણ બને છે. સ્વાભાવિક રૂપે ચારે બાજુ આપણને લજ્જાવિહીન અહંભાવ અને તેની હલકી કામનાઓની વ્યાપક ક્રીડા તેમજ તેમની પ્રતિક્રિયાઓનાં દર્શન થાય છે. આ વિલક્ષણ નવમો શ્લોક આપણને આજના સમાજની બધી જ સમસ્યાઓનું સમાધાન પણ કરાવે છે.

પરમપૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે આપણાં દરેક કર્મ ભલે પછી તે સ્વયંસેવી ભાવ વડે સમાજને માટે કરવામાં આવી રહ્યાં હોય અથવા પોતાનાં નિજી પ્રયોજનવશ, કેવળ યજ્ઞીય ભાવથી ન કરો પરંતુ કુશળતાપૂર્વક સંપન્ન કરો. રાષ્ટ્રીય ચરિત્ર, સાચી સમાજસેવા આ જ છે. કુશળતાની સાથે અનાસક્તિ, કર્મોમાં સૌંદર્ય ઉત્પન્ન કરી નાંખે છે. આપણી ક્ષમતાઓને વધારીને વ્યક્તિત્વનો વિકાસ કરે છે. આપણે ભલે જ્ઞાનયજ્ઞમાં વ્યસ્ત હોઈએ, ઘેર ઘેર પૂજ્યવરના વિચારોને પહોંચાડી રહ્યા હોઈએ અથવા રચનાત્મક કર્મોમાં શક્તિનું નિયોજન કરી રહ્યા હોઈએ, યશની ઈચ્છા-કામના ક્યારેય ન કરીએ, કર્મફળની ચિંતા કરી વ્યગ્ર ન થઈએ. બસ કર્મ પૂરાં કરતા રહીએ. આ જ સાચો કર્મયજ્ઞ છે.

**યજ્ઞની વાતને આગળ વધારતાં ભગવાન કહે છે -**

**સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપતિઃ ।**
**અનેક પ્રસવિષ્યધ્વમેષ વોઽસ્ત્વિષ્ટકામધુક ॥**
**દેવાન્ભાવયતાનેન તે દેવા ભાવયન્તુ વઃ ।**
**પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ॥**
**ઈષ્ટાન્ભોગાન્હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ ।**
**તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુઙ્કતે સ્તેન એવ સઃ**
**યજ્ઞશિષ્ટાશિનઃ સંતો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।**
**ભુઞ્જતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ॥**
**-ગીતા ૩/૧૦,૧૧,૧૨,૧૩**

પ્રજાપતિ બ્રહ્માએ કલ્પના પ્રારંભિક કાળમાં યજ્ઞના માધ્યમ દ્વારા પ્રજાઓની સૃષ્ટિ કરી તેમને કહ્યું કે આનાથી તમે લોકો વૃદ્ધિ-લાભ કરો. આ યજ્ઞ તમારી બધી જ ઈચ્છાઓ પૂર્ણ કરવાવાળો બને. આના વડે તમે લોકો દેવતાઓનું પોષણ કરો અને દેવતા તમારું પાલન-પોષણ કરે. પરસ્પર પાલન-પોષણ કરતા નિઃસ્વાર્થ ભાવથી પ્રગતિ કરતા રહી તમે સૌ પરમ શ્રેયને પ્રાપ્ત થશો. યજ્ઞ વડે પુષ્ટ થયેલા દેવતા તમને વગર માંગે જ ઈષ્ટ ભોગ પ્રદાન કરતા રહેશે. જે એમના આપેલા ભોગોને ભોગવે છે અને તેમને નથી આપતો, તે ચોર જ છે. જે શ્રેષ્ઠ પુરુષ યજ્ઞ કરતાં વધેલા અન્નનું ભોજન કરે છે, તે બધાં જ પાપોથી મુક્ત થઈ જાય છે. પરંતુ જે ફક્ત પોતાને માટે જ રસોઈ બનાવે છે એ પાપી છે અને તે પાપનું ભોજન કરે છે.

પ્રથમ દૃષ્ટિએ આ યજ્ઞ જેની ચર્ચા અહીં કરવામાં આવી, કોઈને પણ કર્મકાંડાત્મક-પરંપરાગત-આનુષ્ઠાનિક હવન જેવો લાગી શકે છે. આ યજ્ઞ માત્ર વૈદિક યજ્ઞ નથી. યજ્ઞ શબ્દની ઘણી જ સુંદર ઉદ્‌બોધનપરક વ્યાખ્યા ચોથા અધ્યાયમાં પણ છે. પરંતુ તેનો સંદર્ભ લીધા વગર પણ આપણે જો આને સમજવાનો પ્રયત્ન કરીએ, તો તેમાંથી યજ્ઞ શબ્દની વ્યાપકતાનો બોધ થઈ શકે છે. ભગવાન કહે છે કે યજ્ઞ કર્મ વડે ઉત્પન્ન થાય છે. કર્મ બ્રહ્મ વડે તથા બ્રહ્મ અક્ષર વડે. આ રીતે સર્વવ્યાપક બ્રહ્મ યજ્ઞમાં પ્રતિષ્ઠિત છે. આ જટિલ તથ્યને થોડી સરળતાની સાથે શ્લોકોના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભાવાર્થની સાથે સમજવાનો પ્રયત્ન કરીશું.

યજ્ઞભાવ વડે કર્મ કરવાના સિદ્ધાંતનો અર્જુન સ્વીકાર કરી શકે, એટલા માટે શ્રીકૃષ્ણ એ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે આ પ્રકૃતિનો એક સાર્વભૌમ નિયમ જ છે તેમજ તેનો તેણે સ્વીકાર કરવો જોઈએ. ઈકોલોજીનું ચક્ર એક રીતે સમષ્ટિગત યજ્ઞપ્રક્રિયા જ છે. ગ્રહ-નક્ષત્રોથી માંડીને રસિતાઓ -સમુદ્ર સુધી સર્વત્ર પ્રકૃતિ યજ્ઞભાવ વડે જ સંસારની સેવામાં તલ્લીન છે. સૂર્ય તાપ વરસાવે છે, પ્રકાશનું વિતરણ કરે છે, પરંતુ કોઈ પ્રશંસાની અપેક્ષા નથી રાખતો. સમુદ્ર તપે છે, વાદળાં બનાવે છે, વાદળાં જઈને હિમાલય સાથે અથડાઈને વરસે છે, જ્યાં લીલોતરીનું કવચ પામે છે. વરસે છે અને નદીઓ વહેવા લાગે છે. છેલ્લે નદીઓ સમુદ્રમાં વિલીન થઈ જાય છે. આ રીતે એકબીજા સાથે જોડાયેલું એક કવચ સુવ્યવસ્થિત ચક્ર પ્રકૃતિ જગતમાં ચાલી રહ્યું છે. કોઈપણ પ્રવાહ આમાં અવરુદ્ધ થાય, જેમ કે સમુદ્ર દ્વારા બાષ્પીકૃત થવાથી તો નદીઓ વહેશે નહીં, સમુદ્ર પણ સુકાઈ જશે. પ્રકૃતિનું બધું જ સૌંદર્ય યજ્ઞમય સૃષ્ટિની એક નિરાળી અભિવ્યક્તિ છે.

એક દાર્શનિક કવિ વેદવ્યાસના માધ્યમ વડે શ્રીકૃષ્ણ દ્વારા દસમા શ્લોકમાં આ જ વાત સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી છે, કે પ્રજાપિતાએ પ્રાણીઓને ઉત્પન્ન કરવાની સાથે યજ્ઞભાવ પણ મનમાં રાખ્યો અને એ સમગ્ર સૃષ્ટિને ફૂલવા-ફાલવા **(અનુ પ્રસવિષ્યધ્વમ્)** હેતુ પોતાની શ્રેષ્ઠ તથા વરિષ્ઠતમ કૃતિ સર્વોત્તમ રચના મનુષ્યને સોંપી દીધી. સામૂહિકતા તેમજ નિસ્વાર્થતાના ભાવ સાથે યજ્ઞભાવના દ્વારા મનુષ્યજાતિ જો પર્યાવરણના સંરક્ષણ નિમિત્તે પુરુષાર્થ કરે, તો તે ઇચ્છિત ભોગ પ્રદાન કરે છે. **(એષ વોઽસ્ત્વિષ્ટકામધુક્)** હળીમળીને કામ કરવાનો આનંદ અલગ જ હોય છે, પરંતુ આને માટે યજ્ઞાર્થાય જીવવું, પોતાના અહંકારનો અને વ્યક્તિગત મનોકામનાઓનો ત્યાગ કરવો પડશે. પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે જીવનયજ્ઞ ‘ટીમભાવ’થી જ સાર્થક થઈ શકે છે. જો ટીમમાં કોઈ પોતાની કામનાઓની પૂર્તિ માટે લાલચુ રહેશે, તો કામમાં ઔચિત્ય રહેશે નહીં અને ટીમની એક થઈને કામ કરવાની યોજના અસફળ થઈ જશે. રાષ્ટ્ર-નિર્માણ હોય, પરિવાર-નિર્માણ હોય કે પછી વ્યક્તિ-નિર્માણ બધે જ આ સિદ્ધાંત લાગુ પડે છે.

શ્લોકના ભાવાર્થ ઉપરથી લાગે છે કે જો માનવી સહયોગાત્મક પુરુષાર્થ કરતો પણ હશે, તો ક્યાંય કોઈ પ્રતિકૂળતા અવરોધ તો નહીં જ બને ! પ્રાકૃતિક પ્રગતિ કરવાનું શીખવે છે. યજ ધાતુ જેનાથી યજ્ઞ શબ્દ બને છે, આપણને ત્રણ અર્થો દેવપૂજન, સંગતીકરણ તેમજ દાન દ્વારા સમજાવે છે કે આ સૃષ્ટિમાં આપણું જે પ્રયોજન છે, તે પૂરું કઈ રીતે થશે ? વૈદિક સંસ્કૃતિની આ વિશેષતા છે કે આ જીવનને સમગ્ર રૂપમાં પરિભાષિત કરે છે. દેવપૂજન એટલે કે આપણા વ્યક્તિત્વને શોભાયમાન કરનારી દેવવૃત્તિઓનો પરિષ્કાર. આપણા વ્યક્તિત્વનું સુનિયોજન. આપણે સત્કર્મો કરતા રહીને યજ્ઞીય જીવન જીવીએ. સંગતીકરણ એટલે સામૂહિકતાના - સહકારિતાના ભાવથી (સંગચ્છધ્વમ્) ની ભાવના સાથે કર્મ. દાન એટલે પરમાર્થ-પરાયણતા, ઉદારતા-સદાશયતા, આપવાનો ભાવ. જો આ બધું ચિંતન જે આપણને પરમપૂજ્ય ગુરુદેવે આપ્યું તે આપણા મન-મસ્તિષ્કમાં રહેશે, તો આપણું દરેક કર્મ દિવ્ય હશે, વિશિષ્ટતાથી અભિપૂરિત હશે. આપવાનો ભાવ આવતાં જ બધો જ અહંભાવ, તૃષ્ણા તથા મોહાંધ બનાવનારી વાસના, જે બંધનનું કારણ બને છે, તે અદૃશ્ય થતાં જાય છે. યજ્ઞીય જીવનની કર્મયજ્ઞપૂરક આ વ્યાખ્યાનો ઉત્તરાર્ધ હવે પછીના અંકમાં.

(ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શેતાનનો સામનો

શેતાન તેના ત્રણેય શિષ્યોનાં કાર્યો જોઈને અતિ ખુશ થતો હતો. તેની દરેક ઈચ્છાઓ આ ત્રણે જણા સરસ રીતે પૂરી કરતા હતા. શેતાનીમાં પોતાના ગુરુ કરતાં વધુ કારનામાઓ પ્રદર્શિત કરતા. આ ત્રણેયનાં નામ રાગ, દ્વેષ અને અહંકાર હતાં. એક દિવસ આ ત્રણેય પોતાના ગુરુ સાથે ક્યાંક જઈ રહ્યા હતા. આગળ રાગ હતો, તેની પાછળ દ્વેષ અને દ્વેષની પાછળ અહંકાર તથા સૌની પાછળ શયતાન પોતે ચાલી રહ્યો હતો. થોડે દૂર ગયા બાદ રાગને કોઈ ચળકતી વસ્તુ દેખાઈ. એ દોડીને તે વસ્તુ પાસે ગયો અને ઉઠાવીને પોતાના ખિસ્સામાં મૂકી દીધી. દ્વેષ આ આખું દશ્ય જોઈ રહ્યો હતો. એ દોડીને આવ્યો અને રાગને પૂછવા લાગ્યો, અરે ભાઈ ! હમણાં તમે ખિસ્સામાં કઈ વસ્તુ મૂકી છે ?

''ધર્મ !'' રાગે તેના પ્રશ્નનું સમાધાન કર્યું.

તેની આ વાત સાંભળીને દ્વેષ ગુસ્સામાં લાલચોળ થઈ ગયો. પોતાના ગુરુ શયતાન પાસે જઈને બોલ્યો - જુઓ આ કેટલી ખરાબ વાત છે, આપણે આટલા દિવસોથી ધર્મનો નાશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને એ આપણાં એ દુશ્મનને જ બચાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

તમે સમજતા નથી ! શયતાન તેનું શેતાની સ્મિત વેરતાં બોલ્યો. રાગે ઘણું સારું કામ કર્યું છે. અમે ધર્મને કચડી નાખવાની બનતા બધા પ્રયાસો કર્યા પરંતુ થયું એથી ઊલટું જ, ધર્મની તાકાત વધતી ગઈ. હવે જ્યારે ધર્મ રાગના ખિસ્સામાં આવી ગયો છે તો એ કોઈને રસ્તો બતાવી શકશે નહીં. હવે તો બધા રાગને જ ધર્મનો મિત્ર માનશે અને તેની રક્ષામાં જ ધર્મની રક્ષા માનશે. તેથી નામ ધર્મનું થશે અને કામ અમારું બનશે.દ્વેષ થોડીવાર ઊભો રહી વિચારતો રહ્યો અને પછી કહેવા લાગ્યો- મને પણ એક યુક્તિ યાદ આવી ગઈ. હવે હું પણ ધર્મ પર સીધો પ્રહાર કરીશ નહીં. તેના સ્થાને જેઓ ધર્માત્મા હોવનો દાવો કરે છે એવા લોકોને આપસમાં લડાવતો રહીશ. સામાન્ય લોકો તેમના આ ધર્મગુરુઓની વાતોમાં આવીને પરસ્પર નિંદા, આક્ષેપ, પ્રત્યાક્ષેપ અને અવ્યવસ્થા ફેલાવવામાં અને ભડકાવવામાં લાગી જશે. આ કાર્યમાં તલવારો ચાલશે, બારુદના ધડાકાઓ થશે, લોહીની નદીઓ વહેશે પરંતુ આ બધી વાતોને ધર્મ માનવામાં આવશે અને પછી તો મારું બધું કામ આપમેળે જ થવા લાગશે.

ત્રીજો ચેલો અહંકાર જે અત્યાર સુધીની બધી વાતો ઊભો-ઊભો સાંભળી રહ્યો હતો તે ખુશ થઈને બોલ્યો- તમારી યુક્તિભરેલી વાતોથી મારું કામ પણ બની ગયું. અત્યાર સુધી ધર્મ બધાને વિનયશીલતાના પાઠ ભણાવી રહ્યો હતો અને મારે ચુપ રહી જવું પડતું હતું, પરંતુ હવે મારી ચાલાકીથી તેનો રંગ બદલાઈ જશે. કેટલાક લોકો વિશેષ કપડાં પહેરી લેશે અને પોતાને બીજાઓ કરતાં શ્રેષ્ઠ માનશે. એમના અંધ અનુયાયી ભક્તો એમનાં ગીત ગાશે. તેઓ પોતાની અહંતાના નશામાં ડૂબેલા રહેશે. એટલું જ નહીં પરંતુ જ્યારે બે ગુરુઓ અને બે પરંપરાઓના અનુયાયીઓ સામસામે આવશે ત્યારે એમના પર પણ મારો નશો છવાઈ જશે. દરેક પંથ પોતાને સર્વોચ્ચ માનવા લાગશે અને બીજાને હલકો માનશે. પોતાનાં ગુણગાન કરશે અને બીજાની નિંદા કરશે. આ રીતે જોતજોતામાં બધા પર છવાઈ જઈશ.

શયતાન તેના આ ત્રણેય ચેલાઓની વાત સાંભળીને ખુબ ખુશ થયો. એ શયતાની હાસ્ય હસતાં બોલ્યો, શાબાશ ! મારા શિષ્યો, હવે મારો વિજય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિશ્ચિત છે. હવે પછીથી આપણે બધાં કામો ધર્મના નામે કરીશું. કામ, ક્રોધ, લોભ વગેરે સૈનિક પણ એ જ રીતે કામ કરતા રહેશે. પરંતુ હા, એમની વેશભૂષા જરૂર ધાર્મિક લોકો જેવી હશે. રાગ સાંપ્રદાયિતાના રૂપમાં સામે આવશે. દ્વેષ વિધર્મોની નિંદાના રૂપમાં અને અહંકાર કહેવાતા ધર્મગુરુઓની અહંતા-અસ્મિતાના રૂપમાં તથા મિથ્યા આડંબર અને પ્રચારના રૂપમાં સામે આવશે.

બધા ચેલાઓ શયતાન તરફ એકીટશે જોતા રહ્યા. પછી થોડું વિચારીને એ બધા પોતાના ગુરુને કહેવા લાગ્યા, શું આપણી આ કાર્યયોજનાનો નાશ પણ શક્ય છે. શયતાન આ સવાલ પર થોડો ગંભીર થયો અને કહ્યું, હા, જો ધાર્મિક સામાન્ય સ્વયંસેવકના રૂપમાં રહેવા માટે કટિબદ્ધ થઈ જાય તો. જો તેઓ પોતાના સદ્ગુરુનાં ચરણોમાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દે તો પછી એવા સાચા ભક્તોનું આપણે કશું જ બગાડી શકતા નથી. તમારામાંથી કોઈપણ એમની પાસે નહીં જાય નહિ તો તમારે નષ્ટ થઈ જવું પડશે. હું પોતે પણ એમનાથી દૂર રહીશ, કેમ કે એમની નજીક જવાથી મારો નાશ પણ અવશ્ય સંભવ છે.

**ચેતનાના પ્રગટીકરણ અને પ્રસ્ફુરણની સમસ્ત સંભાવનાઓ સંકલ્પશક્તિમાં કેન્દ્રિભૂત છે. સંકલ્પશક્તિથી અજાણ હોવાથી અને તેના ઉપયોગનો અભ્યાસ તથા અનુભવ ન હોવાને કારણે જ મનુષ્યને અભાવગ્રસ્ત અને અવિકસિત સ્થિતિમાં પડીર રહેવાનું દુભાગ્ય સહન કરવું પડે છે, જેમને પોતાને આગળ વધારવા અને ઉઠાવવા છે તેમણે સંકલ્પશક્તિ વિકસિત કરવા અને તેનું સુદૃઢ અવલંબન લીધા સિવાય બીજો કોઈ જ માર્ગ નથી. સંકલ્પવાન જ પોતાની પ્રસુપ્ત ક્ષમતાઓને જગાડે છે અને તેના ચુંબકત્વથી ઈચ્છિત સાધનો તથા સફળતાઓ પ્રાપ્ત કરતા જાય છે. પ્રગતિનો દાર્શનિક ઈતિહાસ આ જ છે. તીવ્ર ગતિથી આગળ વધનારાઓને સંકલ્પ પર આરૂઢ થઈને જ લક્ષ્ય સુધી પહોંચવામાં સફળતા મળી રહી છે.**

**ઈતિહાસ,પુરાણ બધા જ સાક્ષી છે કે, મનુષ્યના સંકલ્પ સમક્ષ દેવો અને દાનવો બધા જ હારી જાય**

**વિદ્યાર્થીનો બાલ્યકાળ સૌથી મહત્ત્વનો સમય છે. બાળકો સાથે સમજદાર બાળક બનીને માબાપ એમના પર જેટલી અસર પાડી શકે છે અને જેટલું શિક્ષણ આપી શકે છે તેટલું વૃદ્ધ બનીને નહીં. બાળકોને આલોચકો કરતાં નમૂનાઓની વધુ જરૂર છે. જિંદગીની એ ઉંમર બાળપણ જ છે જેમાં મનુષ્યને પ્રેમની સૌથી વધુ જરૂર હોય છે.**

**કેટલાક જન્મથી જ મહાન હોય છે, કેટલાક મહાનતા પ્રાપ્ત કરે છે અને કેટલાક લોકો પર મહાનતા લાદવામાં આવે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ટેલીપથી કરશે હવે રોગોનો ઉપચાર

ટેલીપથીનો અર્થ છે સંપ્રેષણ. આ સંપ્રેષણની પ્રક્રિયા દ્વારા વિચારો અને ભાવનાઓને દૂર બેઠેલી વ્યક્તિ સુધી પહોંચાડી શકાય છે. એના દ્વારા લાંબા અંતરે રહેલી વ્યક્તિને નીરોગી અને તંદુરસ્ત કરવાનું પણ શકય છે. આજકાલ ટેલીપથી દ્વારા રોગોના ઉપચાર પર ઘણું ગહન અનુસંધાન થઈ રહ્યું છે. ઉપચારની આ પ્રણાલીમાં શરીર સિવાય મન પણ પ્રભાવિત થાય છે. આધુનિક ચિકિત્સાવિજ્ઞાનીઓ પણ એની વૈજ્ઞાનિકતાને માન્યતા આપવા લાગ્યો છે.

પ્રાચીન ભારતમાં આ પદ્ધતિ ઘણી લોકપ્રિય હતી. ઋષિ-મહર્ષિગણ આ પ્રણાલી દ્વારા એક સ્થાન પર બેસીને વ્યાપક લોકસેવા કરતા હતા. બીજા અન્ય દેશોમાં પણ એનું પ્રમાણ મળે છે. આફ્રિકાના આદિવાસીઓમાં 'વુડૂ' નામની એક પ્રથા છે. 'વુડૂ' દ્વારા કોઈ દૂરની વ્યક્તિનું મોત પણ શકય છે. અમેરિકી મનોરોગ નિષ્ણાતોએ 'વુડૂ'ને ટેલીપથી જેવી એક પ્રક્રિયા માની છે.

નિષ્ણાતોનું માનવું છે કે મનુષ્યમાં નજરે દેખાતા સ્થૂળ શરીર સિવાય વિચારોના પુંજના રૂપમાં સૂક્ષ્મશરીર અને ભાવનાપ્રધાન કારણશરીરનું પણ અસ્તિત્વ છે. વિચાર અને ભાવનાની પવિત્રતા તથા પ્રખરતા પર આ શરીરોની ક્રિયાશીલતાનો આધાર છે. સામાન્ય રીતે ટેલીપથી મન દ્વારા જ સંચાલિત અને નિયંત્રિત થાય છે. મન જ શરીરને સંચાલિત કરે છે. તેથી ટેલીપથીમાં મનની આવૃત્તિને સંબંધિત તથા દૂરની વ્યક્તિ સુધી મોકલી શકાય છે અને એમાં ઇચ્છિત સફળતા પણ મળે છે.

વિશ્વની વિખ્યાત ટેલીપથી નિષ્ણાત બેટ્ટી રાઈનએ પોતાની રચના 'માઇંડ વેવ્ઝ'માં આ બાબતે વિસ્તૃત વિવેચન કર્યું છે. તેઓ પોતે આ પ્રક્રિયામાં પ્રવીણ છે. એમણે આ પ્રયોગોને નિરાપદ અને અદ્ભુત બતાવ્યા છે. તેઓ પોતાના કમરામાં બેસી દૂરની વ્યક્તિનો સફળતાપૂર્વક ઉપચાર કરે છે. એમણે આ માધ્યમથી જ અલેકસ નામના છોકરાનો સફળતાપૂર્વક ઈલાજ કર્યો. આ છોકરો લંડનની એક હૉસ્પિટલમાં બ્રેઈન વાયરસ નામના રોગથી પીડાતો હતો તથા તે આ રોગના કારણે જીવન અને મૃત્યુ વચ્ચે સંઘર્ષ કરી રહ્યો હતો. અલેકસ બેટ્ટી રાઈનના નિવાસસ્થાનેથી ૫૦ કિ.મી. દૂર હતો. પ્રારંભિક અવસ્થામાં રાઈનએ અલેકસને પોતાની પાસે બોલાવીને પરીક્ષણ કર્યું. ચિકિત્સકોએ એને મૃત જાહેર કરી દીધો હતો, કેમ કે રોગ અસાધ્ય હતો અને શરીરનું તાપમાન પણ ૧૦૫ ડિગ્રીને પાર કરી ગયું હતું. રાઈનએ પોતાની ઉપચાર પ્રક્રિયા દ્વારા એનો રોગ કાબૂમાં લાવ્યો અને એને તેના ઘેર પાછો મોકલી આપ્યો. તે પથી રાઈનએ અલેકસના પિતા જેરેમી સાથે ટેલીપછી સંપર્ક સ્થાપિત કર્યો. જેરેમી આ પદ્ધતિ પર વિશ્વાસ કરતો ન હતો, પરંતુ જ્યારે એણે આ પદ્ધતિ દ્વારા પોતાના પુત્રને પૂરેપૂરો તંદુરસ્ત થતો જોયો ત્યારે એના આશ્ચર્યજનક પ્રભાવોને માનવું પડ્યું.

આ પદ્ધતિ દ્વારા મનુષ્ય સિવાય પશુઓનો પણ સફળતાપૂર્વક ઉપચાર કરવામાં આવ્યો છે. આ પ્રયોગ લગભગ અંધ થઈ ગયેલી બિલાડી પર કરવામાંઆવ્યો. કોઈ કારણવશ તેની આંખોનું તેજ જતું રહ્યું હતું. આ બિલાડી પ્રયોગસ્થળેથી લગભગ ૭૫ કિ.મી. દૂર હતી. ટેલીપથિક હીલિંગ દ્વારા એ બિલાડી તંદુરસ્ત બની ગઈ. એને સાજા થવામાં એક અઠવાડિયાનો સમય લાગ્યો જ્યારે તેના વરસોથી દવા અસર કરી શકી નહોતી.

બેટ્ટી રાઈનએ તેમના પુસ્તકમાં સાઈકિક સર્જરી પર પણ વિસ્તૃત વિવેચન કર્યું છે. તેમના મતે જીવન એક શક્તિપૂંજ છે. શરીરના માધ્યમથી એમાં સતત પરિવર્તન થતું રહે છે. એના ફળસ્વરૂપે વ્યક્તિ રોગી, નિરોગી અને ઊર્જાવાન બને છે. શરીરની બહાર વિકસિત આ અતિસૂક્ષ્મ ઊર્જાને આભામંડળ કહે છે. આ આભામંડળના માધ્યમથી જ બેટ્ટી રાઈન સાઈકિક સર્જરીના માધ્યમથી પિત્તની થેલીના પથ્થરોનું ઓપરેશન કરવામાં પણ સફળતા મેળવી છે. ઘણા પ્રખ્યાત ચિકિત્સાવિદોએ એમના પ્રયોગની સફળતાની પુષ્ટિ કરી છે.

પોતાની વૈજ્ઞાનિકતા સિદ્ધ કરી ચૂકેલા આ આધ્યાત્મિક પ્રયોગના સામર્થ્યનું રહસ્ય માનવમનમાં છે. પવિત્ર અને ઊર્જાવાન મનથીબધું જ શકય છે. સમસ્ત આધ્યાત્મિક સાધનાઓનું કેન્દ્ર બિંદુ પણ મનને પવિત્ર અને ઉર્ધ્વગામી બનાવી રાખવામાં છે. એવી પ્રખર સાધનાવાન વ્યક્તિ પોતાના મનની અમર્યાદ શક્તિ દ્વારા કોઈ પણ અદ્ભૂત અને આશ્ચર્યજનક કાર્ય કરવામાં સમર્થ થઈ શકે છે. ટેલીપથી ઉપચાર પ્રક્રિયા પણ એમાંથી જ એક છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# સમાજની નજર અમારી અને તમારી ઉપર

છેલ્લા ચાલીસ વર્ષોથી આપણે એક સંગઠન બનાવી વિશેષ ઉદ્દેશ્ય માટે કાર્ય કરવામાં લાગી ગયા છીએ. પૂજ્ય ગુરુદેવ યુગ નિર્માણ મિશનને શંકરજીની જાન કહેતા હતા જેમાં દેવતા, ભૂત, પ્રેત બધા સામેલ છે. પૂજ્યવર સમય-સમયે એવા લોકોની અલગ તારવણી પુનર્ગઠનની પ્રક્રિયાના રૂપમાં કરતા રહ્યા છે, જે માત્ર ભીડ કરે છે, કશા કામના નથી, વધુ સંખ્યામાં શિષ્ય બનાવી લેવા, વધુ સાહિત્ય વેચવું, પત્રિકાના વધુ સદસ્ય બનાવી લેવા, વધુ લોકો પાસે ગાયત્રી મંત્ર જપાવવા, વધુ સંખ્યામાં યજ્ઞ કરાવી દેવા. તેમનું લક્ષ્ય ન હતું. એકવીસમી સદી આવવા સુધીનો સમય એ હેતુએ રાખ્યો હતો કે એટલા સમયમાં આપણે આપણા લક્ષ્યને પ્રાપ્ત કરી શકીએ. મિશનનું એક જ લક્ષ્ય રાખવામાં આવ્યું-માનવમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગનું અવતરણ. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે મિશને વિભિન્ન કાર્યક્રમોના માધ્યમથી પ્રયાસ કર્યો. હવે જ્યારે એકવીસમી સદીના ઉંમરે દુનિયા ઊભી છે, પોતે શું મેળવ્યું તે આંકવાનો સમય આવી ગયો છે. આપણે પોતાની પ્રાપ્તિઓનું આંકન સમય-સમયે કરાવવું જોઈતું હતું, હવે જનતા અમારા પ્રયાસો તથા પ્રાપ્તિઓનું ઓડિટ કરવા માંગે છે. તેમની સામે આપણે પોતાની પ્રાપ્તિઓ રાખવી પડશે. જનતાના પ્રશ્નોના જવાબ પણ આપણે આપવા પડશે. જનતા આપણને પૂછશે કે તમે લાખો યજ્ઞ કરાવ્યા, અરબોના ભવન ઊભા કરી દીધા, લાખો વ્યક્તિઓના અનેકો વર્ષોનો સમય લગાવી દીધો, અરબોનું સાહિત્ય વેચી દીધું, પાછલા ચાલીસ વર્ષોથી આપ સંગીત, પ્રવચનના માધ્યમથી જન-જન સુધી સદ્‌વિચાર પહોંચાડતા રહ્યા, પરંતુ તેનાથી શું મેળવ્યું ? માનવમાં દેવત્વ જગાડવામાં સફળ થયા ? શું તમે સ્વયં દેવતા બની શકયા ? શું ધરતી પર સ્વર્ગ લાવવાની દિશામાં કંઈક પ્રગતિ થઈ ? ગણતરી માટે તો પ્રાપ્તિઓ પણ ઓછી નથી. પ્રાપ્તિઓ તો એટલી છે કે લોકો મોંમાં આંગળા ઘાલે, પરંતુ તમે સ્વયં નિષ્પક્ષ રૂપથી આત્મ સમીક્ષા કરો કે વાસ્તવમાં તમારામાં દેવત્વનો ઉદય કેટલો થયો. દેવત્વ એટલે આપવાની પ્રવૃત્તિ કેટલી છે. શું તમે સદા સમાજથી માંગતા જ તો નથી રહ્યા, કદીક યજ્ઞ માટે, કદીક કોઈ ઉત્સવ માટે તો કદીક જપ માટે. તમારા ગુણ, કર્મ, સ્વભાવમાં દેવત્વ તરફ વધવામાં કેટલી પ્રગતિ થઈ. જો આ પ્રશ્નોનો વ્યવસ્થિત જવાબ આપી આપણે જનતાને સંતુષ્ટ ન કરી શકીએ તો આપણે અપમાનિત થવું પડશે. તમારી એ સફાઈ નહીં સ્વીકારાય કે અમે આટલી માળાના જપ કરાવી લીધા, આટલા લોકોથી જપ કરાવ્યા, આટલા દીપ યજ્ઞ અથવા હવન કરાવી દીધા, આટલા લોકોને પત્રિકા વંચાવી. આ બધુ તો ક્રિયાઓ છે, પરિણામ નહીં, સાધન છે, સાધ્ય નહીં, ઉપાય છે પ્રાપ્તિઓ નથી. લોકો કહી શકે છે કે આ કામ તો એંશી લાખ બાબા અને ગામડે-ગામડે પુરોહિત પહેલેથી કરાવતા હતા, તો પછી તમારી શી જરૂર હતી ? આપણે એ સિધ્ધ કરવામાં સક્ષમ છીએ કે અમે એ સાધુ, બ્રાહ્મણો અને ધર્માચાર્યોની માફક રોજી-રોટી કમાવવા, ધર્મના નામે જનતાને ઠગવામાં અને જનતાની મહેનતની કમાઈ પર એશ-આરામ કરવા માટે સંગઠિત ન હોતા થયા. જેવી રીતે અન્ય તીર્થોના પંડાઓ યજમાનોને લૂંટવા-ઠગવા લાગ્યા છે, તેવી રીતે અમે યુગ ઋષિના ત્યાગ-તપસ્યાનો સહારો લઈ તેમના પ્રભાવશાળી સૂત્રોની માત્ર ચર્ચા કરી સુખ સુવિધાઓ અને માન-સન્માન પ્રાપ્ત કરવા નથી માગતા. અમે પોતાને યુગ નિર્માણના પંડા કહેવડાવવા નથી માગતા. અમે પોતાના ચરિત્ર, ચિંતન તથા વ્યવહારથી એ બતાવી શકીએ છીએ કે અમે યુગ ઋષિના માનસ પુત્ર છીએ અને દરેક કસોટીમાંથી પાર જ ઉતરીશું. પૂજ્ય ગુરુદેવે કહ્યું છે કે યુગ નિર્માણનો પ્રારંભ આત્મ નિર્માણથી થશે. અમારી વાણી સાંભળી થોડીવાર માટે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લોકો પ્રભાવિત થઈ શકે છે, અમારી વકતૃત્વ કલાની પ્રશસા કરી શકે છે, પરંતુ તેમાં ફેરફાર લાવવા માટે પહેલા આપણે પોતે બદલાવું પડશે, આદર્શ અને સિધ્ધાંતોને જીવનમાં, વ્યવહારમાં ઉતારવા પડશે. કરીને દેખાડવા પડશે, માછલીની માફક પ્રવાહને ચીરીને વિપરીત દિશામાં ચાલવું પડશે. આ કાર્ય માત્ર હિંમતવાળા લોકો કરી શકશે. ત્યાગ, તપસ્યા, સાદગી તથા કરકસરનું જીવન જીવી બતાવવું પડશે. બ્રાહ્મણ બની સમાજને બતાવવું પડશે. બ્રાહ્મણ પોતાના આચરણ તથા જીવન શૈલીથી એ શિક્ષણ આપે છે કે મનુષ્યની જરૂરિયાતો કેટલી ઓછી છે, જેથી બીજા લોકો પણ એવું કરી પોતાની અંદર હીનતાની ભાવના ન લાવે. સાદગી તથા કરકસરતાને મહાનતાનું ચિન્હ સમજવામાં આવે.

આપણે પોતાની સમસ્યાઓ તથા દુખ-દર્દ લઈ પૂજ્ય ગુરુદેવ પાસે જતા હતા. તેમણે અમારી તથા તમારી બધા જ પ્રકારની પૂરી સહાયતા જ નહીં પરંતુ અનુદાન-વરદાન આપી બધાને ન્યાલ કરી દીધા. આપણા લોકો તરફથી તેમને એક જ આકાંક્ષા રહી કે આપણે મહાનતાને ધારણ કરી અને તેમના ચિંતનને પોતાના વ્યવહાર, આચરણ, કર્મ, વાણી તથા સાહિત્યના માધ્યમથી જન-જન સુધી પહોંચાડીએ. વિચારોને બીજા સુધી પહોંચાડવાના માધ્યમ તો બે જ છે- વાણી અને સાહિત્ય, વાણીનો પ્રભાવ ત્યારે થાય છે, જ્યારે આપણા વ્યવહાર, આચરણ અને કર્મ પણ આપણી વાણીનું અનુકરણ કરતા હોય નહિંતર તો વાણી માત્ર વક્તૃત્વ કળા બની રહે છે. સાહિત્યના માધ્યમથી વિચાર ફેલાવવામાં એ સમસ્યા નથી. સાહિત્યના, સ્વાધ્યાયના સમયે વાચક અને લેખકના મધ્ય પ્રકાશક, મુદ્રક, વિતરક વગેરેના આચરણનું મહત્ત્વ નથી રખાતું. એટલા માટે પૂજ્ય ગુરુદેવે પોતાના ચિંતનને જન-જન સુધી પહોંચાડવા માટે સાહિત્યને જ સર્વ શ્રેષ્ઠ સાધન માની, જન-જનને સ્વાધ્યાય કરવાની પ્રેરણા આપી. સ્વાધ્યાય કરતી વખતે વાચક સામે પૂજ્ય ગુરુદેવના વિચાર હોય છે અને એનાથી વધુ જો વાચક તેમના આચરણ, જીવન શૈલી તરફ દૃષ્ટિ નાખે તો નીચે મોંએ જોતા રહી જાય છે. પૂજ્ય ગુરૂદેવ જેવું લખે છે. તેવું જ તેમનું આચરણ વ્યવહાર અને જીવન શૈલી પણ રહી છે. પૂજ્યવરનું ચિંતન માત્ર મસ્તિષ્કની કલાકારિતા નથી. તેમની અનુભૂતિઓ છે, લોકોના ચિંતન ચરિત્રને બદલવાની ક્ષમતા તેમના વિચારોમાં છે. દુનિયાને બદલવાનો દાવો પૂજ્યવર તેમની તપસ્યા અથવા સિધ્ધિઓના બળે નથી કરતા. પરંતુ પોતાના ધારદાર મર્મભેદી વિચારો પર કરે છે. એકવીસમી સદી આવવામાં માત્ર છ મહિના બાકી છે. આ થોડા સમયમાં શ્રીરામની સેનાના રીંછ-વાનરોની ફક્ત એક જ જવાબદારી છે કે સાહિત્યના માધ્યમથી તેમના ચિંતનને વ્યક્તિ-વ્યક્તિ સુધી પહોંચાડી દઈએ. જ્યાં પૂજ્યવરના જ્ઞાનનો પ્રકાશ પહોંચી ન શકે એવી કોઈ વ્યક્તિ બાકી ના રહે. આપણે બીજા કોઈના પણ આદેશો, નિર્દેશોનું પાલન કરવા માટે બંધાયેલ નથી પણ પોતાના આરાધ્ય, પોતાના પિતા, પોતાના માર્ગદર્શકના આદેશોનું પાલન ત્યાગ, તપસ્યા અને બલિદાનની શર્ત પર પણ કરવા તૈયાર છીએ. એના માટે પૂજ્યવર દ્વારા લખાયેલ નિમ્ન પંક્તિઓના એક-એક શબ્દને ધ્યાનથી વાંચો અને તેના અનુસાર આચરણ કરો.

યુગ સાહિત્યના સ્વાધ્યાયમાં જ માનવમાં દેવત્વનો ઉદય, ધરતી પર સ્વર્ગનું અવતરણ અને યુગ નિર્માણ સત્સંકલ્પ પૂરા કરવાની શક્તિ છે.

અમારા વિચારોને તમે વાંચો અને અમારી આગની ચિનગારીને લોકોમાં ફેલાવી દો. જે અમારા વિચારો વાંચશે, સમજશે, તે જ અમારા શિષ્ય છે. તમે ભણેલા-ગણેલા વિચારશીલ લોકોમાં જાવ. તેમની ખુશામત કરો, દરવાજા ખખડાવો અને કોઈ પણ રીતે અમારી વિચારધારા તેમના સુધી પહોંચાડો. વ્યક્તિ, સમાજ, દેશ, ધર્મ અને સંસ્કૃતિનો વિકાસ તથા વિસ્તાર કરવો તથા માનવીય ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માટે જ્ઞાનયજ્ઞનો વિસ્તાર કરવો જોઈએ. તમે ઘેર-ઘેર જાવ. જન-જનમાં જાવ, અલખ જગાવો, અમારું સાહિત્ય વંચાવો. જો તમે આ કર્યું તો અમારો દાવો છે કે યુગ અવશ્ય બદલાશે.

**–લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

-માંજલપુર સાહિત્ય પ્રચાર કેન્દ્રના નિષ્ઠાવાન પરિજનોનાં અથાક પરિશ્રમથી એક જ મહિનામાં ૧ લાખ રૂપિયાનું બ્રહ્મભોજ સાહિત્ય વિતરણ થયું. કાયાવરોહણના આયોજનમાં ૮૦ હજારનું યુગ સાહિત્ય ઘરે-ઘર પહોંચ્યું. બ્રહ્મભોજ યોજનાને સફળ બનાવવા ઈન્દુબેન અમીન, સુભાષભાઈ નો વિશેષ સહયોગ મળ્યો.

-વણકરવાસમાં "ચોવિસ કુંડી ગાયત્રી મહાયજ્ઞ" પૂર્ણ થયા. જેમાં વણકર સમાજના ૧૦૦ ગામના આગેવાનો એ ભાગ લીધો. પ્રથમ દિવસે રાત્રે "પ્રજ્ઞાપુરાણ કથાસાર" માં ગુરૂદેવ તથા માતાજીનો પરિચય અને ગુરૂદેવ દ્વારા લખવામાં આવેલ સાહિત્યનો પરિચય "શ્રી અશોકભાઈ રામીએ આપ્યો જેના પ્રભાવથી શ્રોતાઓએ સાહિત્ય સ્ટોલ ઉપર ભીડ જમાવી અને પોતાને મનગમતુ ગુરૂદેવનું સાહિત્ય ખરીદયું યુવાનોમાં સાહિત્યનો ખૂબજ પ્રભાવ રહ્યો."

-ગાયત્રી પરિવારની મીટીંગમાં શ્રી નવનીતભાઈ પટેલ, શ્રી ડૉ. હર્ષદભાઈ ભટ્ટ, શ્રી શંભુભાઈ પટેલ, શ્રી હરમાનભાઈ પટેલ, શ્રી ડાહ્યાભાઈ પટેલની સંયોજક કમીટી દ્વારા દુષ્કાળ રાહત માટે વિવિધ યોજના બની જે અંતર્ગત. ખંભાત તાલુકા પરિવાર સૌરાષ્ટ્રના લીંમડી, સાથલા, દાતા, બાલાસિનોર, ભાવનગર, વિસ્તારમાં ૧૮ ટ્રક ઘાસચારો, ૬૦૦૦ ફૂડ પેકેટ પહોંચાડવામાં આવ્યા. શ્રી ડો. હર્ષદભાઈ ભટ્ટ સાથે બીજા ડોકટર્સ અને પરિજન બંધુ સાથે મળી આ જહેમત ઉઠાવી. ભાદરણ ગાયત્રી પરિવાર દ્વારા ૧ ટ્રક ઘાસચારો અને અન્ય સહાય દુષ્કાળ રાહત માટે પહોંચાડી. ગાયત્રી શક્તિપીઠ, સારસા દ્વારા ૩ ટ્રક ઘાસચારો, ૧ાા ટન ફૂડ પેકેટ, અનાજથી ભરેલ ટેમ્પો ગાયત્રી પરિવાર દ્વારા (સેંબલપાણી) બનાસકાંઠા જિલ્લામાં પહોંચાડવામાં આવ્યું.

-ગાયત્રી પ્રજ્ઞા મંદિરે તા. ૧૪-૫ નાં યુવાન ભાઈ-બહેનોની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ થી ૫૦ યુવાન ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

(૧) શાંતિકુંજ/મથુરાની ગતિવિધિઓ.

(૨) યજ્ઞનું મહત્વ-રહસ્ય (૩) વિજ્ઞાન-આધ્યાત્મ સમન્વય (૪) પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. આ શિબિરનો ખૂબ ઉત્સાહ પૂર્વક યુવાનોએ લાભ લીધો હતો.

લોકકલ્યાણ જન જાગૃતી અભિયાન રૂપે પ્રજ્ઞાપુરાણ કથાનું આયોજન વિગત દિવસોમાં કુંદનપુર ગાયત્રી પરિવારના સક્રિય કાર્યકર સંદીપભાઈ ભગતના પિતાશ્રીનાં સ્મરણાર્થે રાખેલ હતું. મોટા ભાગની શાખાઓના પરિજનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહી જલારામ બાપાના મંદિર સુધી ભવ્યયાત્રાનું આયોજન કર્યું.

શ્રીમતી રશ્મીબેન ભગતે કથાનું રસપાન કરાવતાં વ્યાસપીઠ ઉપરથી અમૃતવાણીરૂપે જણાવ્યું કે "પ્રજ્ઞા પુરાણ એક વ્યાપક સમાજશાસ્ત્ર અને ભવરોગને દુર કરનારી અમૂલ્ય ઔષધી છે. ભાવવરણમાં ભમતા જીવનો ભોગીયો છે. અંધારે અથડાતા આત્માનો અવાજ છે." કથાની સફળતા માટે પરીજનોનો ઉત્સાહ અનેરો હતો.

-જીલ્લા ગાયત્રી પરિવાર સંગઠન દ્વારા રાષ્ટ્ર જાગરણ તીર્થયાત્રા સોમનાથથી પાલિતાણામાં શ્રી હરિશંકર પંડયા અને શ્રી નંદલાલ ધાંધલ્યા દ્વારા પ.પૂ. ગુરૂદેવના સાહિત્યનો એક જ્ઞાનરથ પોતાના ખર્ચે ચલાવવામાં આવ્યો હતો. જેમાં પ.પૂ. ગુરૂદેવનું તમામ સાહિત્ય બ્રહ્મભોજ (અડધી કિંમતે) આપવામાં આવેલ. ગાયત્રી મહાવિજ્ઞાન, પ્રજ્ઞાપુરાણ સેટ, વીલ અને વારસો, માર્મિક સંસ્મરણો, ૧૦૮ ઉપનિષદ, ક્રાંતિધર્મી સાહિત્ય સેટ, યુગ ચેતના સાહિત્ય સેટ, મહાકાલ શ્રેણીની રૂા- ૪ વાળી પુસ્તિકાનું હજારોની સંખ્યામાં વિતરણ થયું.

-ગાયત્રી શક્તિપીઠ દ્વારા પ્રતિવર્ષે સમૂહ લગ્નોનું આયોજન કરવામાં આવે છે. વર્તમાનમાં રૂદણ, ભુમાપુરા એમ બે સ્થળોએ અનુક્રમે ૧૯ અને ૩૩ કુલ બાવન્ન લગ્નો આદર્શ રીતે યોજવામાં આવ્યાં હતાં. એ દરમિયાન યુગશક્તિ ગાયત્રીના નવા સભ્યો બનાવામાં આવ્યા.

-ગામમાં સમસ્ત ઠાકોર સમાજનાં ૧૧૩ સમૂહ લગ્ન ગાયત્રી પરિવાર દ્વારા કરાવવામાં આવ્યા. જેમાં હારીજ, પાટણ, દુનાવાડા, ચાણસ્મા શાખાના પરિજનોએ ઉત્સાહપૂર્વક સહકાર આપેલ. ૧૧૩ નવદંપત્તિઓને એક સાહિત્ય સેટ અને યુગ શક્તિ ગાયત્રી પત્રિકા આપવામાં આવેલ છે.

-મિશનની વિચારધારા અનુસાર બાળકોમાં સંસ્કાર સિંચન થાય તેવી શુભ ભાવના સાથે ચંદ્રિકાબેન ખાંટ દ્વારા બાળ સંસ્કાર કેન્દ્ર સફળતાપૂર્વક ચાલી રહેલ છે. વિગત દિવસોમાં સંસ્કાર કેન્દ્રના ભુલકાઓ દ્વારા કારગિલ ઉપર ખૂબજ સુંદર નાટક રજુ કર્યું. આવા પ્રયાસની લોકોએ પ્રશંસા કરી.

-શ્રી કા. પટેલ મિત્રમંડળ દ્વારા આદર્શ વિવાહના સામૂહિક આયોજનો નિયમિત રૂપે થાય છે. લગ્નવિધિનું સંચાલન શ્રી જ્યંતીભાઈ પટેલ દ્વારા સારી રીતે ચાલી રહેલ છે. વિગત દિવસમાં સામૂહિક લગ્ન આયોજન અંતર્ગત યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ૭૩ ગ્રાહકો બનાવ્યા. મિશનનો પ્રચાર-પ્રસાર કરવા ઉત્તમ પ્રયાસ કર્યો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પૂછો નહીં પરિજન

પૂછો નહીં પરિજન કેમ હરિદ્વાર હાલ્યા ?
રોકો ન કોઈ મુજને મારે 'શાંતિકુંજ' જાવું.
મથુરા, તપોભૂમિમાં 'યુગ શક્તિ ગાયત્રી' છે,
ને આંબલખેડા ગામે કીર્તિનો સ્તંભ શોભે.
પૂછો નહીં.............
ગુરુજીને માતાજી આપે છે જ્ઞાન રાશિ,
ને જ્ઞાન ગંગા માટે 'અખંડ જ્યોતિ' સ્થાપી.
પૂછો નહીં.............
ગાયત્રી - યજનનું વિજ્ઞાન - જ્ઞાન આપ્યું,
અને 'શાંતિકુંજ' પાસે, 'બ્રહ્મવર્ચસ્' સ્થાપ્યું.
પૂછો નહીં.............
ગુરુદેવને ગાયત્રી, મને ભેદ ના જણાયે,
તમે પૂછો દાદા ગુરુને, છે હેમના હિમાલયે.
પૂછો નહીં.............

**-ડૉ. જે.વી. જીવરાજાની**

(જેતપુર)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.